RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 03-07-2026 I VOL : 12 I Issue : 108 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઑફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**


સપનાઓ માટે જાગવું પડે છે. પ્રગતિ માટે બદલાવ જરૂરી છે.

3




ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં હરિયાળી છવાઈ જશે: એક દિવસમાં 1 કરોડ વૃક્ષ વવાશે....

4



અમેરિકામાં ગુજરાતી પરિવારનો કરુણ અંત, ઓહાયોની મોટેલમાં આગ લાગતાં પતિ-પત્ની...

6



શ્રદ્ધા કપૂરે 'ઈઠા' ફિલ્મ માટે લીધી તગડી ફી, આંકડો જોઈને ફેન્સ પણ ચોંકી ગયા


7



સેમસન સહિત 3 સ્ટાર્સ પર લટકી તલવાર, વાઇસ-કેપ્ટન પર પણ ખતરો મંડરાયો

## એક નજર...

### ટ્રેડિશનલ લુકમાં ગોર્જિયસ લાગી નમ્રતા મલ્લા, તસવીરો થઈ વાયરલ



નમ્રતા ખૂબ જ હોટ અભિનેત્રીઓમાંની એક છે. ફેન્સ નમ્રતાને ખૂબ જ પસંદ કરે છે. અભિનેત્રીએ હાલમાં જ તસવીરો શેર કરી છે. નમ્રતાની ફેન ફોલોઈંગ પણ મોટી છે. ફેન્સ તેના દરેક લુકને પસંદ કરે છે. અભિનેત્રી નમ્રતા મલ્લાનું સોશિયલ મીડિયા એકાઉન્ટ બોલ્ડ તસવીરોથી ભરેલું પડ્યું છે.

## NEWS TRACK

### ખામેનીના અંતિમ સંસ્કારમાં મહેબૂબા મુફ્તી હાજરી આપશે: ઈરાને વિશેષ અતિથિ તરીકે બોલાવ્યા

પીડીપી પ્રમુખ મહેબૂબા મુફ્તી 3 થી 6 જુલાઈ દરમિયાન તેહરાનમાં યોજાનાર ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીના રાજકીય અંતિમ સંસ્કારમાં હાજરી આપશે. તેમને ઈરાન દ્વારા ભારતના વિશેષ અતિથિ તરીકે સત્તાવાર આમંત્રણ મોકલવામાં આવ્યું છે. મહેબૂબાએ કહ્યું, 'આ મારા માટે ખૂબ મોટું સન્માન છે. જીવનમાં એકવાર મળતી આવી તક છે. હું ખામેનીને અંતિમ શ્રદ્ધાંજલિ આપવા તેહરાન જઈશ.' ઈરાને ભાજપ, કોંગ્રેસ અને પીડીપીના નેતાઓ ઉપરાંત જૈન સંત આચાર્ય લોકેશ મુનિને પણ આમંત્રણ મોકલ્યું છે. ભારત સરકાર વતી વિદેશ રાજ્ય મંત્રી પબિત્ર માર્ગેરિટા અને બિહારના રાજ્યપાલ સૈયદ અતા હસનૈન અંતિમ સંસ્કારમાં હાજરી આપશે. ઈરાનનો અંદાજ છે કે અંતિમ યાત્રામાં 1.5 થી 2 કરોડ લોકો સામેલ થઈ શકે છે, જે દેશના ઈતિહાસનો સૌથી મોટો રાજકીય અંતિમ સંસ્કાર હશે.

### અમરનાથ યાત્રાનો પ્રથમ જથ્થો જમ્મુથી રવાના:માત્ર રજીસ્ટર્ડ શ્રદ્ધાળુઓને જ પ્રવેશ મળ્યો


જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસથી ગુરુવારે સવારે 4 વાગ્યે અમરનાથ યાત્રાનો પહેલો જથ્થો રવાના થયો. ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ શ્રદ્ધાળુઓને રવાના કર્યા. શ્રદ્ધાળુઓ 'બમ-બમ ભોલે'ના જયઘોષ સાથે બાબા બર્ફાનીના દર્શન માટે રવાના થયા. 57 દિવસની યાત્રા 3 જુલાઈથી પહેલગામ અને બાલટાલ બંને માર્ગેથી શરૂ થઈને 28 ઓગસ્ટ (રક્ષાબંધન) સુધી ચાલશે. પહેલા જથ્થામાં ફક્ત તે જ શ્રદ્ધાળુઓને સામેલ કરવામાં આવ્યા, જેમણે અગાઉથી રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમણે RFID કાર્ડ બનાવ્યું હતું અને ઈ-કેવાયસી પૂર્ણ કરી હતી. ચારધામ યાત્રામાં શ્રદ્ધાળુઓની સંખ્યા સતત વધી રહી છે. 30 જૂન સુધીમાં બદ્રીનાથમાં 13.92 લાખ અને કેદારનાથમાં 13.68 લાખ શ્રદ્ધાળુઓ દર્શન કરી ચૂક્યા છે. આ વર્ષે અમરનાથ યાત્રા માટે અત્યાર સુધીમાં લગભગ 4 લાખ શ્રદ્ધાળુઓ રજીસ્ટ્રેશન કરાવી ચૂક્યા છે. પ્રશાસને સુરક્ષા, મેડિકલ, પરિવહન અને અન્ય જરૂરી વ્યવસ્થાઓ પહેલાથી જ પૂરી કરી લીધી છે, જેથી યાત્રા સુરક્ષિત અને સુચારુ રૂપે સંચાલિત થઈ શકે.

### સરકારની નોટિસ બાદ કંપનીએ ગાઈડલાઈન જાહેર કરી

# વોટ્સએપ પર 'યુઝરનેમ ફી' વિના મેસેજ નહીં થાય

**નવી દિલ્હી**

વોટ્સએપે તેના આગામી 'યુઝરનેમ' ફીચરને લઈને એક વિગતવાર FAQs એટલે કે વારંવાર પૂછાતા પ્રશ્નોની માર્ગદર્શિકા બહાર પાડી છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં વોટ્સએપની પેરેન્ટ કંપની મેટાને નોટિસ જારી કરીને આ ફીચરથી થતા સંભવિત ફ્રોડના જોખમો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. સરકારે ચેતવણી આપી હતી કે, જ્યાં સુધી આ મુદ્દે સંપૂર્ણ સંતોષ ન થાય, ત્યાં સુધી તેને રોલઆઉટ ન કરવામાં આવે. આ પછી વોટ્સએપે સ્પષ્ટ કર્યું છે કે, તે સુરક્ષા માટે કયા-કયા પગલાં લઈ રહ્યું છે. ત્રણ દિવસ પહેલાં યુઝરનેમ ફીચર લોન્ચ કર્યું હતું કંપનીએ 29 જૂનથી વિશ્વભરમાં યુઝરનેમનું રજિસ્ટ્રેશન શરૂ કરી દીધું છે. જોકે, આ સુવિધા બધા યુઝર્સને એકસાથે નહીં મળે. આવનારા કેટલાક મહિનાઓમાં તેને ધીમે ધીમે બધા દેશોમાં રોલઆઉટ કરવામાં આવશે. જ્યારે આ ફીચર યુઝરના વિસ્તારમાં ઉપલબ્ધ થશે, ત્યારે તેને વોટ્સએપની અંદર




નોટિફિકેશન મળશે. યુઝરનેમ પહેલાથી જ કોઈના ઈન્સ્ટાગ્રામ અથવા ફેસબુક એકાઉન્ટનું છે, જેને તેના અસલી માલિકો માટે રિઝર્વ રાખવામાં આવ્યું છે. વોટ્સએપે પ્રખ્યાત હસ્તીઓ, રાજકારણીઓ, સરકારી વિભાગો અને મેટા-વેરિફાઈડ એકાઉન્ટ્સના નામોને બ્લોક કરી રાખ્યા છે, જેથી કોઈ તેનો ખોટો ઉપયોગ ન કરી શકે.

## ભારતીય નૌકાદળે દરિયાઈ લૂંટારાઓનો હુમલો નિષ્ફળ બનાવ્યો

**નવી દિલ્હી**

ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજ INS ત્રિકંડે બુધવારે રાત્રે એડનની ખાડીમાં એક વેપારી જહાજ પર દરિયાઈ ચાંચિયાઓના હુમલાનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો. MV ગોલ્ડન આર્સેનલ જહાજ પર એક ભારતીય ક્રૂ મેમ્બર પણ હાજર હતો અને તે ભારત માટે મહત્વપૂર્ણ કાર્ગો લઈને આવી રહ્યું હતું. નૌકાદળ પહોંચતા જ દરિયાઈ ચાંચિયાઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા. આ પછી માર્કોસ કમાન્ડોએ જહાજ પર ચઢીને તેને સંપૂર્ણપણે સુરક્ષિત જાહેર કર્યું. દરિયાઈ ચાંચિયાઓએ જહાજ પર ચઢવાનો પ્રયાસ કર્યો, જેના પછી ક્રૂ મેમ્બરોએ સંચાર માધ્યમ દ્વારા અધિકારીઓને તેની જાણકારી આપી. માહિતી મળતા જ મિશન પર તૈનાત INS ત્રિકંડ ઘટનાસ્થળે પહોંચ્યું. યુદ્ધ જહાજને આવતું જોઈને ચાંચિયાઓ ભાગી ગયા. અધિકારીઓએ જણાવ્યું કે જેવી રીતે દરિયાઈ લૂંટારાઓએ જહાજ પર કબજો કરવાનો પ્રયાસ કર્યો, ક્રૂ મેમ્બર્સે પોતાને એક સુરક્ષિત રૂમમાં બંધ કરી દીધા. ત્યારબાદ તેમણે તરત જ રેડિયો કોમ્યુનિકેશન ચેનલ દ્વારા ભારતીય નૌકાદળને આ હુમલાની જાણકારી આપી અને મદદ માંગી.

### કસ્ટડી ડેથ મામલે કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

# મહારાષ્ટ્રના 9 પોલીસકર્મીઓને આજીવન કેદની સજા ફટકારાઈ

**મુંબઈ**

મહારાષ્ટ્રની વાશિમ જિલ્લા અદાલતે પોલીસ કસ્ટડીમાં થયેલી હત્યાના 15 વર્ષ જૂના કેસમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોર્ટે એક પૂર્વ પોલીસ અધિકારી સહિત 9 પોલીસકર્મીઓને આજીવન કેદની સજા ફટકારી છે. આ ઘટના 10 મે-2011ના રોજ રિસોડ પોલીસ સ્ટેશનમાં બની હતી, જ્યાં પોલીસે પારધી સમાજના બેગ્યા પવાર નામના યુવકને પૂછપરછના બહાને રાત્રે 3 વાગ્યે ઘરેથી ઉઠાવ્યો હતો અને પોલીસ સ્ટેશનમાં ક્રૂરતાપૂર્વક માર મારીને તેની હત્યા કરી દીધી હતી. મૃતક યુવક પર કોઈ ગુનાહિત રેકોર્ડ નહોતો અને તેના લગ્નને માંડ 1 વર્ષ થયું હતું. પુત્રના મોત બાદ ન્યાય માટે પહોંચેલા વૃદ્ધ માતા-પિતાની ફરિયાદ નોંધવાનો પોલીસ અધિકારીએ સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. યુવકના મોતને પગલે ભારે વિરોધ પ્રદર્શનો થયા હતા. બાદમાં પોસ્ટમોર્ટમ અને





મેડિકલ તપાસમાં ખુલાસો થયો કે યુવકના શરીરના અનેક હાડકાં તૂટી ગયા હતા. CID તપાસમાં થર્ડ ડિગ્રી અત્યાચારનો ખુલાસો મામલાની ગંભીરતા જોઈને તપાસ CIDના અધિકારી અનવર શેખને સોંપાઈ હતી. તેમણે ઊંડાણપૂર્વક તપાસ કરીને કોર્ટમાં મજબૂત ચાર્જશીટ રજૂ કરી, જેમાં પોલીસ સ્ટેશનની અંદર યુવક પર ગુજારવામાં આવેલા થર્ડ ડિગ્રી અત્યાચારના પુરાવા આપવામાં આવ્યા હતા.

# સિદ્ધાંતોનું ચીરહરણ કે કરોડોનું કૌભાંડ? કરજણમાં અક્ષય પટેલનો 'પક્ષપલટુ' ઈતિહાસ અને રેતી-માટી ખનનની રોયલ્ટી ચોરીનો મોટો પર્દાફાશ!










**ખાસ આક્રોશ અહેવાલ | કરજણ**

લોકશાહીમાં મતદારો પવિત્ર આશા સાથે મતદાન કરે છે, પણ જ્યારે નેતા પોતાના સ્વાર્થ માટે જનમતના ટુકડે-ટુકડે કરી નાખે ત્યારે જનતા છેતરાયાની લાગણી અનુભવે છે. કરજણ વિધાનસભા બેઠકના ધારાસભ્ય અક્ષય પટેલનો રાજકીય ઈતિહાસ કોઈ આદર્શ નેતાનો નથી, પરંતુ સત્તાની આસપાસ ભમતા, પક્ષપલટો કરનારા અને પોતાના વિસ્તારની કુદરતી સંપત્તિને બેફામ લૂંટનારા રાજકારણીનો છે. કરજણની જનતા આજે આ અધૂરા વચનો અને ભ્રષ્ટાચારના ખેલ જોઈને પોતાને ઠગાયેલી અનુભવી રહી છે.

### 2017માં જે પક્ષના ભરોસે જીત્યા, 2020માં તેને જ ખંજર ભોંક્યું!

વર્ષ 2017માં કરજણની જનતાએ ભાજપ શાસન વિરૂદ્ધ આક્રોશ ઠાલવીને અક્ષય પટેલને કોંગ્રેસના ચિહ્ન પર ધારાસભ્ય બનાવ્યા હતા. જનતાએ એ આશાએ વોટ આપ્યો હતો કે અક્ષય પટેલ પ્રજાના અવાજને બુલંદ કરશે. પરંતુ, જૂન 2020માં રાજ્યસભાની ચૂંટણીઓ આવતા જ અક્ષય પટેલનો 'ઈમાન' ડગી ગયો. રાતોરાત કોંગ્રેસમાંથી રાજીનામું આપીને તેઓ ભાજપના શરણમાં ચાલ્યા ગયા. આ કોઈ વૈચારિક પરિવર્તન નહોતું, પણ સત્તાની મલાઈ ખાવાની લાલસા હતી, જેને કારણે કરજણ પર બિનજરૂરી પેટાચૂંટણીનો આર્થિક બોજ ઝીંકાયો.

### નદીઓના સીના ચીરાયા: રેતી અને માટી ખનનનું મસમોટું નેટવર્ક!

અક્ષય પટેલના શાસનમાં કરજણ વિસ્તારમાં સૌથી મોટો કાળો કારોબાર ફાટ્યો છે - ગેરકાયદેસર રેતી અને માટી ખનન! સ્થાનિકોના આક્ષેપો મુજબ, ધારાસભ્યની સીધી છત્રછાયા હેઠળ કરજણની નદીઓ અને સરકારી જમીનોના સીના ચીરવામાં આવી રહ્યા છે. દિવસ-રાત હિટાચી મશીનો અને ડમ્પરો દ્વારા બેફામ રીતે રેતી અને માટી ઉલેચવામાં આવી રહી છે. કુદરતી સંપત્તિનો આ વિનાશ માત્ર પર્યાવરણને જ નુકસાન નથી પહોંચાડી રહ્યો, પરંતુ સ્થાનિક નદી કિનારાના ગામોના અસ્તિત્વ સામે પણ મોટો ખતરો ઊભો કરી રહ્યો છે.

### સરકારી તિજોરીને તાળું: કરોડો રૂપિયાની રોયલ્ટી ચોરીનો ખેલ!

આ ખનન પ્રવૃત્તિ પાછળ માત્ર કાયદાનું ઉલ્લંઘન નથી થતું, પણ સરકારને કરોડો રૂપિયાનો ચૂનો લગાવવામાં આવી રહ્યો છે. કોઈ પણ જાતની સત્તાવાર પરવાનગી વિના અથવા તો પરમિટના નિયમોને નેવે મૂકીને મોટા પાયે 'રોયલ્ટી ચોરી'નું નેટવર્ક ચાલી રહ્યું છે. સરકારી ચોપડે અંધારું રાખીને, ટેક્સ અને રોયલ્ટી ભર્યા વગર કરોડો રૂપિયા બારોબાર સેરવી લેવાય છે. જે કરોડો રૂપિયા જનતાના વિકાસના કામોમાં વપરાવા જોઈએ, તે આજે રોયલ્ટી ચોરીના માધ્યમથી અમુક ચોક્કસ ગજવાઓ ભરી રહ્યા છે. આટલું મોટું કૌભાંડ ચાલતું હોવા છતાં તંત્ર કેમ આંખ આડા કાન કરે છે? જવાબ સ્પષ્ટ છે - ધારાસભ્યનો આશીર્વાદ!

### ખેડૂતો અને સ્થાનિક યુવાનો સાથે માત્ર અન્યાય?

અક્ષય પટેલ પોતાને 'ખેડૂત નેતા' તરીકે રજૂ કરે છે, પણ હકીકત એ છે કે કરજણ-પોર વિસ્તારના ખેડૂતો આજે પણ સિંચાઈના પાણી માટે વલખાં મારી રહ્યા છે. ગેરકાયદે ખનનને કારણે ભૂગર્ભ જળના સ્તર નીચે જઈ રહ્યા છે, જેનાથી ખેતી બરબાદ થઈ રહી છે. આ ઉપરાંત, વિસ્તારની કંપનીઓમાં સ્થાનિક બેરોજગાર યુવાનોને 85% નોકરી આપવાનો નિયમ માત્ર કાગળ પર જ રહ્યો છે. ધારાસભ્ય સત્તાધારી પક્ષમાં હોવા છતાં સ્થાનિક યુવાનોને રોજગારી અપાવવામાં સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયા છે.

### સરમુખત્યારશાહી વલણ અને પાયાના કાર્યકરોમાં રોષ

ભાજપમાં જોડાયા પછી પણ અક્ષય પટેલ પોતાની જોહુકમીથી મુક્ત થઈ શક્યા નથી. કરજણ ભાજપના પાયાના અને નિષ્ઠાવાન કાર્યકરો આજે પણ આ આયાતી નેતાના વલણથી ત્રસ્ત છે. વિકાસના નામે માત્ર પોતાની વાહવાહ લૂંટવી, બિસ્માર રસ્તાઓ અને આરોગ્ય કેન્દ્રોની બદહાલી પર પડદો પાડી દેવો, અને બેફામ ખનન માફિયાઓને પ્રોત્સાહન આપવું - આ જ અક્ષય પટેલની રાજનીતિની અસલી ઓળખ બની ગઈ છે.

### જનતા ક્યાં સુધી સહન કરશે?

પક્ષ બદલીને અને સત્તાના જોરે વારંવાર ચૂંટણીઓ જીતી શકાતી હશે, પણ લોકહૃદયમાં સ્થાન મેળવી શકાતું નથી. સિદ્ધાંતવિહીન રાજકારણ અને પ્રકૃતિની લૂંટ ચલાવીને કરોડોની રોયલ્ટી ચોરી કરનારાઓનો હિસાબ કરજણની પ્રજા આવનારા સમયમાં ચોક્કસ ચૂકવશે, કારણ કે લોકશાહીમાં જનતા જ અસલી જજ હોય છે!



અક્ષય પટેલ, ધારાસભ્ય કરજણ

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# ખેડા LCB કે 'કરપ્શન બ્રાન્ચ'? કાગળ પર સિંઘમ જેવાં પરાક્રમ, પર્દા પાછળ બૂટલેગરો સાથે અબજોનું 'સેટિંગ'!




## અમદાવાદ બદલી થયા પછી પણ કેવલ વેકરિયા કઈ 'ગોઠવણ'થી ઠેરના ઠેર રહ્યા? મુખ્ય વહીવટદાર મુકેશ બારોટ અને જયેશ રબારીની જુગલબંદીએ આખા જિલ્લાને બૂટલેગરોના હવાલે કર્યો!

નડિયાદ

નડિયાદ સહિત સમગ્ર ખેડા જિલ્લાની કાયદો અને વ્યવસ્થા હાલ ભગવાન ભરોસે છે. જે બ્રાન્ચ પર જિલ્લામાં ગુનાખોરી ડામવાની મુખ્ય જવાબદારી છે, તે લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) આજે જનતાની નજરમાં 'લોકલ કરપ્શન બ્રાન્ચ' બની ચૂકી છે. જૂન મહિનાની ઓન-રેકોર્ડ કામગીરીના આંકડા જાહેર કરીને પોતાની પીઠ થપથપાવતી ખેડા એલસીબીનો અસલી ચહેરો જો રેન્જ આઈજી કે ડીજીપી નિષ્પક્ષતાથી તપાસે, તો કાયદાના રક્ષકો જ કેવા ભક્ષક બન્યા છે તેનો સનસનાટીભર્યો પર્દાફાશ થાય તેમ છે. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ના ઉપરાઉપરી દરોડાથી બચવા અને ઉચ્ચ અધિકારીઓની આંખમાં ધૂળ નાખવા માટે જ એલસીબીએ આ કામગીરીનો પરદો આગળ ધર્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

### બદલી રદ થવાનું રહસ્ય શું? વેકરિયા-બારોટની 'સિન્ડિકેટ'

સૌથી મોટો અને ચોંકાવનારો સવાલ એ છે કે, એલસીબીમાં આશરે ૫ થી ૬ વર્ષથી અડ્ડો જમાવીને બેઠેલા પોલીસ ઈન્સ્પેક્ટર કે.આર. વેકરિયાની અમદાવાદ બદલી થઈ હોવા છતાં, કઈ રાજકીય છત્રછાયા અને આર્થિક ગોઠવણના જોરે આ બદલી રદ કરાવી તેઓ ઠેરના ઠેર ગોઠવાઈ ગયા? એટલું જ નહીં, એલસીબીમાં સેકન્ડ પીઆઈ તરીકે જિલ્લાના મુખ્ય વહીવટદાર ગણાતા મુકેશ બારોટને છૂપી પોસ્ટિંગ આપીને આખા જિલ્લામાં સુવ્યવસ્થિત ભ્રષ્ટાચાર ચલાવવા માટે એક મજબૂત સિન્ડિકેટ બનાવી દેવામાં આવી છે. એસપી વિજય પટેલના માથે બેસીને આ ભ્રષ્ટ અધિકારીઓ રાજકીય જોરે બેફામ વર્તી રહ્યા છે.

### ચેઈન સ્નેચિંગ અને માતર ફાયરિંગ કેસમાં 'જોડ-તોડ'નો ખેલ!

એલસીબીએ નડિયાદ પશ્ચિમ વિસ્તારમાં થયેલ ચેઈન સ્નેચિંગનો ગુનો ઉકેલ્યાનો દાવો કર્યો છે, પણ આ પર્દા પાછળ કેવું આર્થિક સેટિંગ ખેલાયું છે તેની તપાસ થાય તો ચોંકાવનારી હકીકતો બહાર આવે તેમ છે. તેવી જ રીતે, માતરમાં નિવૃત્ત પીએસઆઈના ઘર પર હુમલો અને ફાયરિંગ જેવી અતિ ગંભીર ઘટનાને દબાવી દેવા પાછળ ભ્રષ્ટ વેકરિયા, મુકેશ બારોટ અને ડિફોલ્ટર જયેશ રબારી પર્દા પાછળ રહીને કેમ ખેલ કરી ગયા? બૂટલેગરોના ખોળામાં બેઠેલા આ અમલદારો કાયદો અને વ્યવસ્થાને સાઈડમાં મૂકીને ગુનેગારોને પ્રોટેક્શન પૂરું પાડી રહ્યા છે.

### દારૂની રેલમછેલ વચ્ચે એલસીબીની 'ગાંધીગીરી' અને લઠ્ઠાકાંડની આશંકા!

ખેડા જિલ્લામાં ઠેર ઠેર દેશી-વિદેશી દારૂની નદીઓ વહી રહી છે, છતાં એલસીબીએ આખા જૂન મહિનામાં વિદેશી દારૂના માત્ર ૭ અને દેશી દારૂનો માત્ર ૧ જ કેસ કરીને સંતોષ માન્યો છે! તેની સામે સ્ટેટ મોનિટરિંગ સેલે (SMC) જિલ્લામાં કેટલા કડાકા કર્યા, તેનો હિસાબ માંડવામાં આવે તો એલસીબીની બિનકાર્યક્ષમતા પક્ષીની જેમ ઉડી જાય. વડતાલના ગુતાલ, ચકલાસીના ચલાલી, મહેમદાવાદના બોડીરોજી, નડિયાદ ટાઉનના મલારપુરા અને ખાડ તેમજ કઠલાલના કાકરખાડથી ભ્રષ્ટ વહીવટદારોની રહેમનજર હેઠળ અમદાવાદ-વડોદરા તરફ દેશી દારૂની ટ્રેનો, બસો અને ખાનગી વાહનોમાં હેરાફેરી થાય છે. આ સિન્ડિકેટની ભ્રષ્ટતા આગામી સમયમાં જિલ્લામાં કોઈ મોટો લઠ્ઠાકાંડ સર્જશે તે શંકા નકારી શકાતી નથી.

### જુગારધામો સામે આંખ આડા કાન, માસિક હપ્તાખોરીનું નેટવર્ક

ચકલાસી, મહેમદાવાદ અને નડિયાદ ટાઉન તેમજ રૂરલની હદમાં પોલીસની મહેરબાનીથી ધમધમતા મોટા જુગારધામો સામે આંખ આડા કાન કરીને એલસીબીએ જૂન માસમાં જુગારધારા અને ક્રિકેટ સટ્ટાના નામે માત્ર ૫ કેસ બતાવી સંતોષ માન્યો છે. હકીકતમાં, એલસીબીના શોભાના ગાંઠિયા સમાન પીઆઈ કેવલ વેકરિયા, મુકેશ બારોટ, પીએસઆઈ ચંપાવત અને ટાઉનના રીઢા વહીવટદાર સુભાષે હાલમાં આર્થિક વ્યવહારો સગેવગે કરવા અરજીઓ ઊભી કરાવી 'જોડ-તોડ'ની હાટડીઓ ખોલી છે.

### ડીજીપી જી.એસ. મલિક સાહેબ, આ એલસીબીનું વિસર્જન ક્યારે?

રાજ્યના નીડર ડીજીપી જી.એસ. મલિક જો ખેડા એલસીબીના આ બંને ભ્રષ્ટ પીઆઈ કે.આર. વેકરિયા અને એમ.જે. બારોટની સર્વિસ શીટ મંગાવે અને તેમના સમયમાં એસએમસીના પડેલા દરોડાની સમીક્ષા કરે, તો આખી એલસીબી ટીમનું તાત્કાલિક વિસર્જન કરવું પડે તેવી સ્થિતિ છે. કાગળ પર સિંહ બનતી આ બ્રાન્ચના માસિક હવાલાઓ (હપ્તાઓ)ની જો નિષ્પક્ષ એજન્સી દ્વારા તપાસ થાય, તો આ ભ્રષ્ટાચારનો રેલો ડિફોલ્ટર જયેશ રબારીથી લઈને છેક ગાંધીનગરના કયા કયા આકાઓ સુધી પહોંચે છે તે દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે!

પબ્લિક પૂછી રહી છે: ખેડા જિલ્લાની જનતાને બૂટલેગરો અને જુગારીઓના હવાલે કરી દેનારા આ ખાખીધારી માફિયાઓ સામે રાજ્ય સરકાર ક્યારે લાલ આંખ કરશે?

## રાજકોટના શાપર-વેરાવળમાં કાળજું કંપાવનારો હત્યાકાંડ : ઈન્સ્ટાગ્રામની 'પૂનમ' પુરુષ નીકળતા પતિએ પથ્થરથી મોં છુંદીને કરી ક્રૂર હત્યા

રાજકોટ

સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રેમમાં અંધ બનેલા યુવાનો માટે આંખ ઉઘાડનારો અને કાળજું કંપાવી મૂકે તેવો એક અજીબોગરીબ કિસ્સો રાજકોટ જિલ્લાના શાપર-વેરાવળમાંથી સામે આવ્યો છે. જે સ્ત્રીના પ્રેમમાં યુવાન પાગલ હતો, તે વાસ્તવમાં સ્ત્રી નહીં પણ પુરુષ નીકળતા ત્રણ વર્ષથી ચાલતા વિવાદનો અંત લોહિયાળ હત્યાકાંડમાં આવ્યો છે. રાજકોટ ગ્રામ્ય પોલીસે ટેક્નિકલ સર્વેલન્સના આધારે માત્ર ગણતરીના દિવસોમાં જ આ અવાવરુ જગ્યાએથી મળેલી લાશનો ભેદ ઉકેલી આરોપીની ધરપકડ કરી લીધી છે.

ગત ૨૭ જૂન ૨૦૨૬ના રોજ શાપર-વેરાવળ નજીક મસ્કત ફાટક પાસે રેલવેની દીવાલ નજીકથી સ્ત્રીના વસ્ત્રો પહેરેલી હાલતમાં એક અજાણ્યા વ્યક્તિની કોહવાયેલી લાશ મળી આવી હતી. શરૂઆતમાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો, પરંતુ ફોરેન્સિક પોસ્ટમોર્ટમમાં માથામાં ગંભીર ઈજાઓ હોવાનું સામે આવતાં આ મામલો હત્યાનો હોવાનું સ્પષ્ટ થયું હતું. પોલીસે સીસીટીવી ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ કરીને ઉત્તર પ્રદેશના ૨૦ વર્ષીય આરોપી પીયુષકુમાર ખરવારને ઝડપી પાડ્યો હતો. તપાસમાં જે વિગતો સામે આવી તે ચોંકાવનારી હતી. આરોપી પીયુષ જ્યારે હૈદરાબાદમાં રહેતો હતો ત્યારે તેને ફેસબુક પર 'નિશા કુમાર' અને ઈન્સ્ટાગ્રામ પર 'પૂનમ' નામની આઈડી મારફતે ચંદનકુમાર નામના યુવક સાથે પરિચય થયો હતો.

## ખુલ્લા મેદાનમાં ટેન્કરોમાંથી ઓઈલ ચોરી કરવાનું નેટવર્ક, 4.34 કરોડના મુદ્દામાલ સાથે 11 પર-પ્રાંતિયની ધરપકડ

અમદાવાદ

પશ્ચિમ કચ્છ-ભુજના પ્રાગપર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઓઈલ ચોરીના એક મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. મોખા ટોલ પ્લાઝાથી મુંદ્રા તરફ જતા હાઈવે પર, શિવમ હોટેલ નજીક આવેલા રતાડીયા (ગણેશવાલા) સીમના ખુલ્લા મેદાનમાં દરોડો પાડી પોલીસે 11 આરોપીઓને સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે રંગેહાથ ઝડપી લીધા છે. જ્યારે મુખ્ય સૂત્રધાર સહિત અન્ય 5 આરોપીઓ ફરાર થઈ જવામાં સફળ રહ્યા છે. પોલીસે ઘટનાસ્થળેથી ટેન્કરો અને ઓઈલ સહિત કુલ રૂપિયા 4,34,52,635 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

મુંદ્રા હાઈવે પરથી પસાર થતી 66kvની વીજ લાઈન નીચે આવેલા ખુલ્લા મેદાનમાં ગેરકાયદે રીતે ટેન્કરોમાંથી ઓઈલ ચોરી કરવાનું નેટવર્ક ચાલી રહ્યું હતું. આ અંગેની ચોક્કસ બાતમી મળતા જ SMCની ટીમે આજે 2 જુલાઈ 2026ના રોજ ઓપરેશન હાથ ધર્યું હતું. પોલીસે સ્થળ પરથી રૂપિયા 1.50 કરોડની કિંમતના 6 ઓઈલ ટેન્કરો અને તેમાં ભરેલું રૂપિયા 2,81,50,245 રૂપિયાની કિંમતનું 2,05,170 કિલો ઓઈલ જપ્ત કર્યું હતું. આ ઉપરાંત ટેન્કરોમાંથી ચોરી કરાયેલું અન્ય 1,465 કિલો ઓઈલ પણ મળી આવ્યું હતું.

દરોડા દરમિયાન ઘટનાસ્થળેથી ઓઈલ ચોરી માટે ઉપયોગમાં લેવાતી સામગ્રી મળી આવી છે. જેમાં 50 નંગ પ્લાસ્ટિકના બેરલ, લોખંડના પાઈપો, ઈલેક્ટ્રિક મોટર, વજન કાંટો, પ્લાસ્ટિકના નાના મોટા કેરબા અને ઓઈલ લીકેજ સ્ટોપર્સનો સમાવેશ થાય છે. આ સાથે જ પોલીસે આરોપીઓ પાસેથી 10 મોબાઈલ ફોન અને એક હીરો સ્પ્લેન્ડર બાઈક પણ કબજે લીધી છે. પકડાયેલા 11 આરોપીઓ ઉત્તર પ્રદેશ, ઝારખંડ, બિહાર અને રાજસ્થાનના વતની હોવાનું સામે આવ્યું છે, જેઓ અહીં મજૂરી અને ડ્રાઈવિંગનું કામ કરતા હતા. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે આ આખું નેટવર્ક આદિપુરના અબ્દુલ ગફુર હાલેપોત્રા માટે ચલાવવામાં આવી રહ્યું હતું. પ્રાગપર પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વડોદરા રેલવે સ્ટેશન પર રીક્ષા-ટેક્સી સ્ટેન્ડના ખાનગીકરણ સામે રીક્ષા યુનિયનના દેખાવો

વડોદરા

વડોદરા રેલવે સ્ટેશન ખાતે રીક્ષા અને ટેક્સી સ્ટેન્ડના ખાનગીકરણના મુદ્દે રીક્ષા યુનિયન દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. રીક્ષા ચાલકો આજે રેલવે સ્ટેશન પર એકત્ર થયા હતા અને હાથમાં પ્લેકાર્ડ સાથે ખાનગીકરણના નિર્ણયનો વિરોધ નોંધાવ્યો હતો. વિરોધ દરમિયાન રીક્ષા ચાલકોએ નિર્ણય તાત્કાલિક પરત ખેંચવાની માંગ કરી હતી. રીક્ષા ચાલકોના જણાવ્યા મુજબ, રેલવે સ્ટેશનના રીક્ષા અને ટેક્સી સ્ટેન્ડનો કોન્ટ્રાક્ટ એક ખાનગી કંપનીને સોંપવામાં આવ્યો હોવાની માહિતી તેમને કંપની મારફતે મળી છે. ડીઆરએમ કચેરી દ્વારા સ્ટેન્ડનું ખાનગીકરણ કરવામાં આવ્યું હોવાની જાણ થતાં ચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. યુનિયનના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે આશરે 10 વર્ષ અગાઉ પણ રીક્ષા અને ટેક્સી સ્ટેન્ડના ખાનગીકરણનો નિર્ણય લેવાયો હતો. જોકે તે સમયે રીક્ષા અને ટેક્સી ચાલકોએ જોરદાર વિરોધ નોંધાવતા રેલવે તંત્રએ નિર્ણય પાછો ખેંચ્યો હતો. હવે ફરી એક વખત ખાનગીકરણનો નિર્ણય લેવાતા ચાલકોમાં ચિંતાનું વાતાવરણ સર્જાયું છે. હાલમાં વડોદરા રેલવે સ્ટેશન પરિસરમાં રીક્ષા માટે બે લાઈન અને ટેક્સી માટે એક લાઈન ફાળવવામાં આવી છે. અહીં અંદાજે 300થી વધુ રીક્ષા ચાલકો અને 50 જેટલા ટેક્સી ચાલકો પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. વડોદરા રેલવે સ્ટેશન પરથી દરરોજ હજારો મુસાફરોની અવરજવર રહેતી હોવાથી અનેક પરિવારોની રોજી-રોટી આ વ્યવસાય પર નિર્ભર છે. રીક્ષા ચાલકોનું કહેવું છે કે જો સ્ટેન્ડનું ખાનગીકરણ અમલમાં આવશે તો તેમના રોજગાર પર સીધી અસર પડશે અને અનેક પરિવારો આર્થિક મુશ્કેલીમાં મુકાઈ જશે. તેથી રેલવે તંત્ર લોકહિતને ધ્યાનમાં રાખી ખાનગીકરણનો નિર્ણય તાત્કાલિક પરત ખેંચે તેવી તેમણે માંગ કરી છે.

### વડોદરા રેલવે સ્ટેશન પર રિક્ષાચાલકોનો પ્રચંડ આક્રોશ

## રેલવે પ્રશાસનની નવી કોન્ટ્રાક્ટ સિસ્ટમ સામે ભારે વિરોધ, 'ગરીબોની રોજીરોટી છીનવવાનું બંધ કરો!'

વડોદરા

વડોદરા રેલવે સ્ટેશનની બહાર આવેલા રિક્ષા અને ટેક્સી સ્ટેન્ડ પર રેલવે પ્રશાસન દ્વારા લાદવામાં આવેલી નવી કોન્ટ્રાક્ટ સિસ્ટમ સામે આજે સ્થાનિક રિક્ષાચાલકોનો પિત્તો ગયો હતો. વડોદરા શહેર જિલ્લા રિક્ષા ચાલક યુનિયનના નેતૃત્વ હેઠળ મોટી સંખ્યામાં રિક્ષાચાલકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને તંત્રની નીતિઓ સામે જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. રિક્ષાચાલકોએ આ નવો કાળો કાયદો અને કોન્ટ્રાક્ટ સિસ્ટમનો નિર્ણય તાત્કાલિક અસરથી પરત ખેંચવાની ઉગ્ર માંગ કરી છે.

યુનિયનના હોદ્દેદારોના જણાવ્યા અનુસાર, રેલવે પ્રશાસન દ્વારા જે નવા કોન્ટ્રાક્ટરને સ્ટેન્ડની જવાબદારી સોંપવામાં આવી છે, તે કોન્ટ્રાક્ટર દ્વારા રિક્ષાચાલકો પાસેથી કલાકદીઠ રૂ. ૨૦ થી ૩૦ સુધીની ઉઘાડી વસૂલાત (પાર્કિંગ અથવા એન્ટ્રી ફી ના નામે) કરવાની યોજના ઘડવામાં આવી છે. રિક્ષાચાલકોનું કહેવું છે કે, "અમે માંડ માંડ દિવસભર મહેનત કરીને ઘરનું ગુજરાન ચલાવતા હોઈએ છીએ. એવામાં જો કલાકોના હિસાબે આવી મોટી રકમ કોન્ટ્રાક્ટરને આપી દઈશું, તો અમારા બાળકોને શું ખવડાવીશું?" આ પ્રકારની વસૂલાત ગરીબ અને મધ્યમવર્ગીય ચાલકોની રોજીરોટી પર સીધો મોટો પ્રહાર છે.

વિરોધ પ્રદર્શન દરમિયાન રિક્ષાચાલકોએ હાથમાં પ્લેકાર્ડ્સ રાખીને રેલવે પ્રશાસન અને નવા કોન્ટ્રાક્ટર વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા. ચાલકોએ આક્ષેપ કર્યો છે કે આ સિસ્ટમ માત્ર રિક્ષાચાલકોને જ નહીં, પરંતુ આગામી દિવસોમાં મુસાફરોને પણ નડશે, કારણ કે આ વધારાના બોજને લીધે ભાડાં પણ વધી શકે છે. તેમણે મુસાફરોની સુવિધા અને પોતાના હકોનું રક્ષણ કરવા માટે જૂની વ્યવસ્થા જ યથાવત રાખવાની માંગ કરી છે.

'રેલવે પ્રશાસન દ્વારા ખાનગી કોન્ટ્રાક્ટરને ફાયદો કરાવવા માટે ગરીબ રિક્ષાચાલકોના પેટ પર લાત મારવાનું આયોજન કરાયું છે.

## ડીટવાસ પોલીસ સ્ટેશનને મળી મોટી સફળતા નવજાત શિશુને ત્યજી દેનાર આરોપીને શોધી કાઢતી ડીટવાસ પોલીસ

મહિસાગર, વિજય ડામોર

પંચમહાલ ગોધરા રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધી ચૌધરી તથા મહીસાગર જીલ્લા પોલીસ અધિક્ષક સફીન હસનનાઓએ તથા નાયબ પોલીસ અધિક્ષક જી.એલ ચૌધરી નાઓએ નવજાત શિશુને ત્યજી દેનાર આરોપીને શોધી કાઢવા સુચના કરેલ હોય. જે અન્વયે વી.એ.ચૌધરી પોલીસ સબ ઈન્સપેક્ટર ડીટવાસ પોલીસ સ્ટેશન નાઓએ હ્યુમન સોર્સ આધારે તેમજ સરકારી તથા ખાનગી ગાયનેક હોસ્પિટલોમાં ખાત્રી તપાસ કરતા આરોપીબેન પાસે નવુ જન્મેલ બાળક મળી આવેલ ના હોય જેથી તેઓને વિશ્વાસમાં લઇ પુછ-પરછ કરતા આરોપીબેને તેઓને બાળકનો જન્મ થયેલ હોય જે નવજાત શિશુને સંતરામપુર થી પુનાવાડા તરફ આવતા રોડની બાજુમાં આવેલ જંગલના કોતરમાં ત્યજી દેધેલ હોવાની હકીકત જણવેલ હોય જેથી આ કામે નવજાત શિશુને ત્યજી દેનાર આરોપીને ગણતરીના કલાકોમાં શોધી કાઢી પ્રસંસનીય કામગીરી કરતી ડીટવાસ પોલીસ.

### ચોમાસાને લઈને એક્શન મોડમાં પોલીસ તંત્ર

## રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિકની અધ્યક્ષતામાં યોજાઈ મહત્વની સમીક્ષા બેઠક

ગાંધીનગર

રાજ્યમાં ચોમાસાની ઋતુને પગલે ઊભી થનારી કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ગુજરાત પોલીસ તંત્ર સજ્જ બન્યું છે. રાજ્યના પોલીસ વડા (DGP) જી. એસ. મલિકની અધ્યક્ષતામાં ચોમાસાની પૂર્વ તૈયારીઓ અને આપત્તિ વ્યવસ્થાપન (ડિઝાસ્ટર મેનેજમેન્ટ) અંગે એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વરસાદ કે વાવાઝોડા જેવી કુદરતી આફતો સમયે જનજીવનને ઓછામાં ઓછું નુકસાન થાય અને રાહત કામગીરી ઝડપથી કરી શકાય તે માટેના રોડમેપ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિકે આપત્તિના સમયે કમ્યુનિકેશન ખોરવાય નહીં તે માટે સ્થાનિક સ્તરે વાયરલેસ કમ્યુનિકેશન નેટવર્કને સંપૂર્ણપણે સજ્જ રાખવા કડક સૂચના આપી છે. આ ઉપરાંત, ભારે વરસાદ કે પૂરના કારણે વીજ પુરવઠો ખોરવાય તો ઈમરજન્સી પાવર બેકઅપ મળી રહે તે માટે જનરેટર સેટ તૈયાર રાખવા તેમજ તેના માટે જરૂરી ડીઝલ અને પેટ્રોલનો પૂરતો જથ્થો દરેક પોલીસ સ્ટેશન લેવલે એડવાન્સમાં



ઉપલબ્ધ રાખવા માટે તાકીદ કરવામાં આવી છે. કોઈપણ કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી શરૂ કરી શકાય તેવા આગોતરા આયોજનના ભાગરૂપે રાજ્યમાં એસ.ડી.આર.એફ. (SDRF) ની કુલ ૧૧ કંપનીઓના ૧૦૩૬ જેટલા જવાનોને અલગ-અલગ સંવેદનશીલ વિસ્તારોમાં ડિપ્લોય (તૈનાત) કરી દેવામાં આવ્યા છે. આ જવાનો આધુનિક બચાવ સામગ્રી સાથે ચોવીસ કલાક ખડેપગે રહેશે, જેથી પૂર કે ભારે વરસાદની સ્થિતિમાં લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી સત્વરે હાથ ધરી શકાય.

## વડોદરાના નવાયાર્ડ રોડ પર ગંદકીથી લોકો પરેશાન : કચરાના ઢગલાથી દુર્ગંધ ફેલાઈ

વડોદરા

વડોદરા શહેરના વોર્ડ નંબર-1માં આવેલા નવાયાર્ડ રોડ વિસ્તારમાં માર્ગ પર કચરાના ઢગલાંના કારણે દુર્ગંધ ફેલાતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગંદકીના કારણે સ્વચ્છતા અભિયાનની અસરકારકતા સામે પણ સવાલો ઉઠ્યા છે. પૂર્વ કાઉન્સિલર અને સામાજિક કાર્યકરે સફાઈ વ્યવસ્થાને લઈને મ્યુનિસિપલ તંત્ર પર ગંભીર આક્ષેપો કર્યા છે. પૂર્વ કાઉન્સિલરે જણાવ્યું હતું કે શહેરમાં સફાઈના નામે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. તેમના જણાવ્યા મુજબ બપોરે 12 વાગ્યા સુધી પણ અનેક વિસ્તારોમાંથી કચરો ઉપાડવામાં આવતો નથી, જે સેનેટરી ઈન્સ્પેક્ટર, વોર્ડ ઓફિસર અને આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરની જવાબદારી દર્શાવે છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે સફાઈ કર્મચારીઓની હાજરીમાં કાગળ પર સહીઓ કરાવી ગોટાળાઓ કરવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રહેણાંક વિસ્તાર અને નજીકમાં આવેલી શાળાની આસપાસ ગંદકી રહેતાં રોગચાળો ફાટી નીકળવાનો ભય ઊભો થયો છે. સમગ્ર મામલે મ્યુનિસિપલ કમિશનરે જવાબદાર અધિકારીઓ સામે નોટિસ ફટકારી કડક કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ પણ તેમણે કરી છે. સામાજિક કાર્યકરે જણાવ્યું હતું કે નવાયાર્ડ વિસ્તારમાં ગંદકીની સમસ્યા નવી નથી, પરંતુ વર્ષોથી યથાવત છે.

## વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી જાહેર : આગામી 30 તારીખે યોજાશે મતદાન, 3 ઓગસ્ટે આવશે પરિણામ

ગાંધીનગર

ગુજરાતના રાજકારણ અને વડોદરા શહેરના રાજકીય ગલિયારાઓમાંથી આ સમયના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ચૂંટણી પંચ દ્વારા વડોદરાની હાઈપ્રોફાઈલ ગણાતી માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. આ બેઠક માટે આગામી ૩૦ તારીખે મતદાન (વોટિંગ) પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જ્યારે ૩ ઓગસ્ટના રોજ મતગણતરી સાથે પરિણામ જાહેર કરવામાં આવશે. ચૂંટણીની જાહેરાત થતાંની સાથે જ વડોદરા સહિત સમગ્ર રાજ્યમાં રાજકીય પારો ગરમાયો છે અને માંજલપુર વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ થઈ ગઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, માંજલપુર વિધાનસભા બેઠક પરથી સતત ચૂંટાતા આવતા વડોદરાના કદાવર અને વરિષ્ઠ ભાજપ નેતા યોગેશ પટેલનું તાજેતરમાં જ નિધન થયું હતું. તેમના આકસ્મિક અવસાનના કારણે આ બેઠક ખાલી પડી હતી, જેના પર હવે પેટાચૂંટણી યોજાવા જઈ રહી છે. યોગેશ પટેલ વડોદરાના રાજકારણમાં અજેય ગણાતા હતા અને આ બેઠક ભાજપનો મજબૂત ગઢ માનવામાં આવે છે, ત્યારે હવે આ ગઢ સાચવવા ભાજપ કોને મેદાનમાં ઉતારશે તેના પર સૌની નજર મંડાયેલી છે.

### મેઘરાજાની તોફાની બેટિંગ

## ગીર સોમનાથના સુત્રાપાડામાં 4 ઇંચ વરસાદ : ગુજરાતના 4 જિલ્લામાં 'રેડ' અને 5 જિલ્લામાં 'ઓરેન્જ એલર્ટ'ની ઘાતક આગાહી

અમદાવાદ

ગુજરાત પર ચોમાસું સંપૂર્ણપણે હાવી થઈ ગયું છે અને મેઘરાજાએ રાજ્યભરમાં ધમાકેદાર બેટિંગ શરૂ કરી દીધી છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં મેઘ તાંડવ જોવા મળી રહ્યું છે, જેમાં ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા પંથકમાં માત્ર ગણતરીના કલાકોમાં જ ૪ ઇંચ જેટલો ખાબકેલો વરસાદ આકાશી આફત બનીને તૂટી પડ્યો છે. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકો ભારે કટોકટીપૂર્ણ ગણાવતા રાજ્યના ૪ જિલ્લામાં 'રેડ એલર્ટ' અને ૫ જિલ્લામાં 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરીને અત્યંત ભારે વરસાદની કાળઝાળ આગાહી કરી છે. ગીર સોમનાથ જિલ્લામાં સવારથી જ



કાળાડિબાંગ વાદળો વચ્ચે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. સુત્રાપાડા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ૪ ઇંચ વરસાદ પડતાં જ સ્થાનિક નદી-નાળાઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. રસ્તાઓ પર કેડસમાણા પાણી ભરાઈ જવાના કારણે વાહન વ્યવહાર ખોરવાયો છે અને ખેતરોમાં પાણી ફરી વળતા જગતના તાતના જીવ અધ્ધર થઈ ગયા છે. વેરાવળ અને કોડિનાર પંથકમાં પણ સાર્વત્રિક વરસાદના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. હવામાન વિભાગના લેટેસ્ટ બુલેટિન અનુસાર, આગામી ૨૪ કલાક ગુજરાત માટે ભારે થઈ શકે છે. દરિયામાં સર્જાયેલી મજબૂત સિસ્ટમના કારણે આજે ૪ જિલ્લામાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે, જ્યાં અત્યંત ભારેથી અતિભારે વરસાદ તૂટી પડવાની પૂરેપૂરી સંભાવના છે. આ વિસ્તારોમાં વહીવટી તંત્રને સ્ટેન્ડબાય રહેવાના આદેશ આપી દેવાયા છે. આ ઉપરાંત અન્ય ૫ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરીને ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આ વરસાદ માત્ર સામાન્ય નહીં હોય, પરંતુ ૪૦ થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા ભારે પવન, કાન ફાડી નાખે તેવી ગાજવીજ અને તીવ્ર વીજળીના કડાકા-ભડાકા સાથે ત્રાટકશે.

### એક દિવસમાં 1 કરોડ વૃક્ષ વવાશે

# ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં હરિયાળી છવાઈ જશે

ગાંધીનગર

દેશ અને દુનિયામાં ગ્લોબલ વોર્મિંગ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. શહેરીકરણ સાથે પ્રદૂષણની માત્રામાં પણ સતત વધારો થઈ રહ્યો છે, જેના કારણે પર્યાવરણ પર ગંભીર અસરો ઊભી થઈ રહી છે. ગ્લોબલ વોર્મિંગ અને પ્રદૂષણની સામે લડત લડવા માટે એકમાત્ર ઉપાય વૃક્ષારોપણ હોવાને લઈને હવે એક ઐતિહાસિક અને પ્રશંસનીય મહાઅભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ગાંધીનગર લોકસભા મતવિસ્તારને સંપૂર્ણપણે હરિયાળો બનાવવા માટે એક જ દિવસમાં અધધ.. ૧ કરોડ વૃક્ષો વાવવાનો અદ્ભુત સંકલ્પ લેવામાં આવ્યો છે.

પર્યાવરણના જતન માટેના આ અભૂતપૂર્વ કેમ્પેઈનનો આગામી ૧૨ જુલાઈના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહના હસ્તે વિધિવત પ્રારંભ કરાવવામાં આવશે. આ મહાઅભિયાન અંતર્ગત સમગ્ર ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં આવતા તમામ ગામડાઓ, સોસાયટીઓ, જાહેર માર્ગો અને સરકારી કચેરીઓના પટાંગણમાં મોટા પાયે વૃક્ષારોપણ કરવામાં આવશે. એક જ દિવસમાં આટલી વિશાળ સંખ્યામાં રોપા વાવીને પર્યાવરણ સુરક્ષાનો એક નવો કીર્તિમાન સ્થાપિત કરવાનો તંત્ર અને સંગઠનનો લિડરશિપ પ્લાન છે.

આ લોકભાગીદારીના અભિયાનમાં સામાન્ય નાગરિકો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સોસાયટીના મંડળો પણ ઉત્સાહભેર જોડાઈ શકે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જે કોઈ પણ નાગરિકો કે સંસ્થાઓ પોતાના વિસ્તારમાં વૃક્ષારોપણ કરવા માટે મફત રોપા મેળવવા ઈચ્છતા હોય, તેઓ સરકાર અને વન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર સંપર્ક નંબર પર કોલ કરીને એડવાન્સમાં પોતાના નામ અને રોપાની સંખ્યા નોંધાવી શકે છે. તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે કે આ 'ગ્રીન કેમ્પેઈન'ને સફળ બનાવવા માટે દરેક નાગરિક ઓછામાં ઓછું એક વૃક્ષ જરૂર વાવે અને તેનું જતન કરે.

આ સાથે ગાંધીનગર લોકસભામાં મોટી સંખ્યામાં વૃક્ષારોપણ કરવામાં આવશે, જેમાં ધાર્મિક સંસ્થાઓ, NGO, બિલ્ડરો, સ્વામિનારાયણ સંસ્થા, ભાગવત વિદ્યાપીઠ જેવી અલગ અલગ સંસ્થાઓ દ્વારા પણ જવાબદારી લેવામાં આવશે. કલેક્ટરના પ્લોટ ગૌચરની જમીન તેમજ જે ખાલી પ્લોટ પડ્યા છે ત્યાં તમામ જગ્યાએ વૃક્ષારોપણ કરવામાં આવશે.



### કચ્છ પોલીસ બેડામાં ભારે શોક

## ભચાઉના જાંબાઝ ASI સુભાષચંદ્ર રાજગોરનું હાર્ટ એટેકથી નિધન થયું

ભચાઉ (કચ્છ)

ગુજરાત પોલીસ પરિવારમાંથી વધુ એક અત્યંત દુઃખદ અને આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. કચ્છ જિલ્લાના ભચાઉ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અને પોતાની નિષ્ઠાવાન કામગીરી માટે જાણીતા ૫૧ વર્ષીય આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (ASI) સુભાષચંદ્ર રાજગોરનું હાર્ટ એટેક (હૃદયરોગનો હુમલો) આવવાના કારણે કરુણ નિધન થયું છે. એક બાહોશ અને ફરજનિષ્ઠ પોલીસ અધિકારીના આકસ્મિક નિધનને પગલે તેમના પરિવાર સહિત સમગ્ર કચ્છ પોલીસ બેડામાં ઘેરા શોકની કાલીમા છવાઈ ગઈ છે.

મળતી માહિતી અનુસાર, ૫૧ વર્ષીય એએસઆઈ સુભાષચંદ્ર રાજગોર ભચાઉ પોલીસ સ્ટેશનમાં કાર્યરત હતા. દરમિયાન, અચાનક તેમને હાર્ટ એટેક આવતા તબિયત લથડી હતી અને સારવાર મળે તે પહેલાં જ તેમનો પ્રાણપંખેરૂ ઊડી ગયું હતું. ગુજરાત પોલીસના આ જાંબાઝ કર્મચારીએ હંમેશા વહીવટી તંત્ર અને પ્રજાની સુરક્ષા માટે ખડેપગે સેવા આપી હતી, જેમનું આ રીતે અકાળે અવસાન થતાં સાથી પોલીસકર્મીઓ અને ઉચ્ચ અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા છે.

દિવંગત પોલીસકર્મી સુભાષચંદ્ર રાજગોરના પાર્થિવ દેહને વતન લાવવામાં આવ્યો ત્યારે વાતાવરણ અત્યંત ગમગીન બની ગયું હતું. ગુજરાત પોલીસ તંત્ર તરફથી તેમના બલિદાન અને વર્ષોની સેવાની કદરરૂપે તેમને ગાર્ડ ઓફ ઓનર (રાષ્ટ્રીય સન્માન) આપવામાં આવ્યું હતું. ઉચ્ચ પોલીસ અધિકારીઓની હાજરીમાં, સત્તાવાર સલામી અને પૂરા રાષ્ટ્રીય સન્માન સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આ તકે મોટી સંખ્યામાં પોલીસ જવાનો, સ્થાનિક અગ્રણીઓ અને ગ્રામજનો અશ્રુભીની આંખે તેમની અંતિમ યાત્રામાં જોડાયા હતા.

### વીજ લાઇન પોલિસી મુદ્દે પાલ આંબલિયાના સરકાર પર પ્રહાર

## ખેડૂતો સાથે સરકાર જ રાજકારણ કરી રહી છે : પહેલા પોલિસી બનાવો, પછી કામ શરૂ કરો

ગાંધીનગર

રાજ્યમાં વીજ લાઈનો અને વીજ પોલના વળતર મુદ્દે સરકાર અને ખેડૂતો વચ્ચે ચાલી રહેલા વિવાદ વચ્ચે કિસાન કોંગ્રેસના નેતા પાલ આંબલિયાએ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીના નિવેદનનો જવાબ આપતાં પાલ આંબલિયાએ કહ્યું કે ખેડૂતોના પ્રશ્નો સરકાર સમક્ષ ઉઠાવવા અને તેમના હિતની વાત કરવી એ વિરોધ પક્ષનો ધર્મ છે, જ્યારે ખેડૂતો સાથે રાજકારણ તો સરકાર જ છેલ્લા છ મહિનાથી કરી રહી છે.



પાલ આંબલિયાએ જણાવ્યું કે સરકાર ડિસેમ્બર-2025થી વીજ લાઈન મુદ્દે લાંબા ગાળાની પોલિસી તૈયાર કરવાની વાત કરી રહી છે, પરંતુ આજે પણ પોલિસી જાહેર થઈ નથી. તેમણે સવાલ ઉઠાવ્યો કે કોઈપણ કાયદો કે પોલિસી લાંબા ગાળાની જ હોય છે, તો આ બાબત જીતુ વાઘાણીને પણ ખબર હોવી જોઈએ. તેમણે યાદ અપાવ્યું કે માર્ચ-2026માં ઊર્જા મંત્રીએ પણ ટૂંક સમયમાં નવી પોલિસી જાહેર કરવાની ખાતરી આપી હતી, છ મહિના વીતી ગયા હોવા છતાં કોઈ નિર્ણય લેવાયો નથી.

કિસાન કોંગ્રેસના નેતાએ સરકારને પડકાર ફેંકતા કહ્યું કે જો સરકાર ખરેખર ખેડૂતો સાથે રાજકારણ કરતી ન હોય તો રાજ્યભરમાં વીજ કંપનીઓ દ્વારા ચાલી રહેલા વીજ લાઈનના તમામ કામો તાત્કાલિક બંધ કરાવવાના આદેશ આપે. ખેડૂતોની માગ મુજબ નવી પોલિસી ઘડાય અને ત્યારબાદ જ વીજ લાઈનના કામો શરૂ કરવામાં આવે તેવી તેમની માગ છે.

પાલ આંબલિયાએ વધુમાં આરોપ લગાવ્યો કે સરકાર ઉદ્યોગકારો માટેની પોલિસી રાતોરાત બનાવી શકે છે, પરંતુ ખેડૂતો માટે છ મહિના બાદ પણ નિર્ણય લઈ શકતી નથી. તેમણે કહ્યું કે સરકાર ખેડૂતોના હિત મુજબ પોલિસી બનાવવા તૈયાર નથી અને આ કારણે સમગ્ર વિવાદ વધુ ગાઢ બન્યો છે. હવે સરકાર ખેડૂતોની માગ સ્વીકારી નવી પોલિસી જાહેર કરે છે કે નહીં, તેના પર સૌની નજર મંડાઈ છે.

## વડોદરા PCBનો સપાટો : 16 લાખથી વધુના વિદેશી દારૂના જથ્થા સાથે ઈનોવા ગાડી ઝડપાઈ, બુટલેગરોમાં ફફડાટ

વડોદરા

વડોદરા શહેર પોલીસ કમિશનરની સૂચનાથી પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ નેસ્તનાબૂદ કરવા માટે એક્શનમાં આવેલી પીસીબી (પોલીસ કંટ્રોલ રૂમ) શાખાએ એક મોટી સફળતા મેળવી છે. વડોદરા પીસીબીના સ્ટાફે બાતમીના આધારે વોચ ગોઠવીને એક લક્ઝુરિયસ ઈનોવા ગાડીમાંથી ૧૬ લાખ રૂપિયાથી વધુની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી પ્રોહિબિશનના ગુનાનો પર્દાફાશ કર્યો છે. મળતી વિગતો અનુસાર, પીસીબી પોલીસને ચોક્કસ અને ખાનગી રાહે બાતમી મળી હતી કે એક સફેદ રંગની ઈનોવા કારમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો વડોદરા શહેરમાં ઘુસાડવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પીસીબીની ટીમે સઘન ચેકિંગ અને વોચ ગોઠવી હતી. દરમિયાન, બાતમી મુજબની શંકાસ્પદ ઈનોવા ગાડી આવી પહોંચતા પોલીસે તેને કોર્ડન કરીને અટકાવી હતી. પોલીસે જ્યારે ઈનોવા ગાડીની તલાશી લીધી ત્યારે અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. ગાડીની અંદર ગુપ્ત ખાનાઓ અને સીટોની પાછળ ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી બોટલો અને બિયરના ટીનનો મસમોટો જથ્થો છુપાવેલો હતો.

### સુરેન્દ્રનગરની શાળાઓમાં વિદ્યાર્થીઓને ફરજિયાત

## ભાજપ અને ABVPના સભ્ય બનાવવા મુદ્દે પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાનો સનસનીખેજ આક્ષેપ

ગાંધીનગર

ગુજરાતની શિક્ષણ વ્યવસ્થામાં રાજકીય હસ્તક્ષેપ વધી રહ્યો હોવાના ગંભીર આક્ષેપો સાથે સુરેન્દ્રનગર જિલ્લામાં એક મોટો વિવાદ ઊભો થયો છે. પૂર્વ ધારાસભ્ય અને એઆઈસીસી (AICC) મંત્રી ઋત્વિક મકવાણાએ રાજ્ય સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર પર સનસનીખેજ આક્ષેપો કર્યા છે. તેમણે એક વીડિયો નિવેદન જાહેર કરીને જણાવ્યું છે કે સુરેન્દ્રનગર શહેર તેમજ જિલ્લાની વિવિધ શાળાઓમાંથી એવી ફરિયાદો અને ફોટોગ્રાફ્સ સામે આવ્યા છે, જેમાં ભારતીય જનતા પાર્ટી (BJP) અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) ના કાર્યકર્તાઓ શાળાઓમાં જઈને ધોરણ ૯ થી ૧૨ ના માસૂમ વિદ્યાર્થીઓને ફરજિયાતપણે સભ્ય બનાવી રહ્યા છે. પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાના જણાવ્યા અનુસાર, આ સમગ્ર પ્રક્રિયા ભારે રાજકીય પ્રેશર હેઠળ ચલાવવામાં આવી રહી છે. તેમણે જ્યારે આ અંગે કેટલાક સ્થાનિક શિક્ષકો અને શાળાના આચાર્યો સાથે વાતચીત કરી, ત્યારે તેમણે પણ નામ ન આપવાની શરતે સ્વીકાર્યું છે કે તેમની પર આ કામગીરી કરવા માટે 'ઉપરથી' ભારે દબાણ આવી રહ્યું છે. મકવાણાએ વહીવટી તંત્ર સામે વેધક સવાલો ઉઠાવતા પૂછ્યું છે કે, આખરે આ દબાણ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, શિક્ષણ વિભાગ, કલેક્ટર કચેરી કે પછી સીધા ભાજપના ઉચ્ચ રાજકીય પદાધિકારીઓ તરફથી કરવામાં આવી રહ્યું છે? તે સ્પષ્ટ થવું જોઈએ. રાજ્યની કથળતી શિક્ષણ સ્થિતિ પર આકરા પ્રહારો કરતા મકવાણાએ ઉમેર્યું કે, દેશમાં એક તરફ એક લાખ કરતાં વધારે સરકારી શાળાઓ બંધ કરી દેવામાં આવી છે અને પચાસ ટકા કરતાં વધારે વિદ્યાર્થીઓ મોંઘી ખાનગી શાળાઓમાં ભણવા માટે મજબૂર બન્યા છે. એસએસસી, એચએસસી થી લઈને નીટ (NEET) સુધીની દેશની મોટાભાગની મહત્વની પરીક્ષાઓના પેપરો વારંવાર ફૂટી રહ્યા છે, જેના કારણે શિક્ષણ વ્યવસ્થા સાવ બેહાલ થઈ ચૂકી છે. આવા ગંભીર અને ચિંતાજનક સમયે, બચેલી કચેલી શિક્ષણ વ્યવસ્થામાં સુધારો કરવાને બદલે કુમળી ઉંમરના બાળકોને શિક્ષણ આપવાના સ્થાને રાજકીય અને ધાર્મિક કટ્ટરતાના રસ્તે ધકેલવા માટે ભાજપ અને વહીવટીતંત્ર મેદાને પડ્યા છે. તેમણે સવાલ કર્યો છે કે સુરેન્દ્રનગર જિલ્લાની કેટલી શાળાઓમાં આ પ્રકારે અત્યાર સુધીમાં ફરજિયાત સભ્યપદ નોંધવામાં આવ્યા છે અને આ ગેરકાયદે પ્રક્રિયા કોના ઈશારે થઈ છે, તે એક અત્યંત ગંભીર તપાસનો વિષય છે. જોકે, સરકાર પોતે જ આ પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી હોવાથી વહીવટી તંત્ર દ્વારા કોઈ તટસ્થ કે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેવો તેમને બિલકુલ ભરોસો નથી.

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને ઋત્વિક મકવાણાએ રાજ્યના તમામ વાલીઓને જાગૃત થવા માટે જાહેર હાકલ કરી છે.

## ડભોઇની તરસાણા ચોકડી બની 'મોતની ચોકડી': કાર અને બાઇક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં બે ગંભીર

ડભોઇ

ડભોઇ નજીક આવેલી તરસાણા ચોકડી જાણે હવે 'મોતની ચોકડી' બની ગઈ હોય તેમ અહીં વારંવાર અકસ્માતોની હારમાળા સર્જાઈ રહી છે. આજે વહેલી સવારે આ જ સ્થળે એક કાર અને બાઈક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં બાઈક સવાર બે વ્યક્તિઓને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત થતાં જ આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ડભોઇની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, તરસાણા ચોકડી એ વડોદરા, ડભોઈ, વાઘોડિયા અને બોડેલીને જોડતું અત્યંત મહત્વનું ફોર-વે જંક્શન છે. આ મુખ્ય માર્ગ પરથી ૨૪ કલાક ભારે વાહનો સહિત સેંકડો નાના-મોટા વાહનોની અવરજવર રહે છે. આટલી મહત્વની અને વ્યસ્ત ચોકડી હોવા છતાં જવાબદાર તંત્રની ઘોર બેદરકારીના કારણે અહીં સુરક્ષાની કોઈ જ સુવિધા ઊભી કરવામાં આવી નથી, જેના કારણે આ આખો વિસ્તાર હવે અકસ્માત ઝોન બની ગયો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ ચોકડી પર વાહનચાલકોને સાવચેત કરવા માટે કોઈ જ સાઈન બોર્ડ લગાવવામાં આવ્યા નથી. રાત્રિના સમયે વાહનચાલકોને વળાંક કે સર્કલ દેખાઈ શકે તેવી કોઈ રેડિયમ પટ્ટીઓ નથી કે સ્પીડ બ્રેકર પર સફેદ પટ્ટા મારવામાં આવ્યા નથી. એટલું જ નહીં, ચારેય રસ્તા પર બ્લિંકર લાઈટો (સિગ્નલ લાઈટો) ની પણ કોઈ વ્યવસ્થા નથી. આ પ્રાથમિક સુવિધાઓના અભાવે જ અજાણ્યા વાહનચાલકો છેલ્લી ઘડીએ વાહન પરનો કાબૂ ગુમાવે છે અને અકસ્માતનો ભોગ બને છે. આજનો અકસ્માત પણ તંત્રની આ આળસનું જ પરિણામ છે.

### 28 દિવસમાં 25 લાખ નાગરિકો સુધી પહોંચવાનો લક્ષ્યાંક

## મહિલાઓ, બાળકો માટે પોલીસનું 'ઓપરેશન સુરક્ષિત સાયબર સ્પેસ' શરૂ : દરેક સાયબર ફરિયાદ પર 24 કલાકમાં કાર્યવાહી કરાશે

ગાંધીનગર

મહિલાઓ અને બાળકો માટે સુરક્ષિત ડિજિટલ વાતાવરણ ઉભું કરવા ગુજરાત પોલીસે રાજ્યવ્યાપી 'ઓપરેશન સુરક્ષિત સાયબરસ્પેસ' અભિયાનનો પ્રારંભ કર્યો છે. 1 જુલાઈથી 28 જુલાઈ, 2026 સુધી ચાલનારા આ 28 દિવસીય અભિયાન હેઠળ સાયબર સુરક્ષા, જનજાગૃતિ, ટેક્નોલોજી આધારિત પોલીસિંગ અને ઝડપી કાનૂની કાર્યવાહી પર વિશેષ ભાર મૂકવામાં આવશે. અભિયાનનો મુખ્ય હેતુ મહિલાઓ અને બાળકોને સાયબરસ્ટોકિંગ, ઓનલાઈન સતામણી, આઈડેન્ટિટી થેફ્ટ, નાણાકીય છેતરપિંડી સહિતના સાયબર ગુનાઓથી સુરક્ષિત રાખવાનો અને સમગ્ર રાજ્યમાં ભયમુક્ત ડિજિટલ ઈકોસિસ્ટમ ઊભું કરવાનો છે.




CID (ક્રાઈમ અને રેલવે)ના DGP ડૉ. કે.એલ.એન.રાવના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલા આ અભિયાન અંગે CID ક્રાઈમ (મહિલા સેલ)ના એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ અજય ચૌધરીએ જણાવ્યું હતું કે, સંભવિત પીડિતોની અગાઉથી ઓળખ, નાણાકીય નુકસાન અટકાવવું, સાયબર જાગૃતિ વધારવી અને દરેક સ્તરે પોલીસનો ઝડપી હસ્તક્ષેપ સુનિશ્ચિત કરવો એ અભિયાનના મુખ્ય ઉદ્દેશો છે. ફિલ્ડ લેવલ વેરિફિકેશન, પીડિતો સુધી સીધી પહોંચ, ડિજિટલ જાગૃતિ કાર્યક્રમો અને સાયબર ઈન્ટેલિજન્સના ઉપયોગ દ્વારા મહિલાઓ અને બાળકો માટે સુરક્ષિત ઓનલાઈન વાતાવરણ તૈયાર કરવામાં આવશે.

અભિયાન અંતર્ગત પોલીસ કર્મચારીઓને સંભવિત ભોગ બનનારા લોકોની ઓળખ, સાયબર એલર્ટની ચકાસણી, કાઉન્સેલિંગ, નેશનલ સાયબર હેલ્પલાઈન મારફતે તાત્કાલિક ફરિયાદ નોંધાવવાની સહાય તેમજ સમયસર ગુનો નોંધાવી તપાસ પૂર્ણ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. સાથે જ બેંકો, ટેલિકોમ કંપનીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, રહેણાંક સંસ્થાઓ (RWA), NGO અને સામાજિક આગેવાનો સાથે સંકલન કરીને સાયબર સુરક્ષા અંગે વ્યાપક જનજાગૃતિ ફેલાવવામાં આવશે. સ્થાનિક શી ટીમ્સ અને સમર્પિત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનો ગામડાંથી શહેર સુધી જાગૃતિ કાર્યક્રમો અને હસ્તક્ષેપનું નેતૃત્વ કરશે. આ અભિયાન હેઠળ રાજ્યમાં 25 લાખ નાગરિકોને સાયબર સુરક્ષા અંગે શિક્ષિત કરવાનો, 20 લાખ વિદ્યાર્થીઓને 'સાયબર સેફ્ટી પ્લેજ' લેવડાવવાનો, 10 હજાર શાળાઓ અને 1,500 કોલેજોમાં સાયબર જાગૃતિ કાર્યક્રમો યોજવાનો.

## ઉમલ્લા નજીક કાલીયાપુરા પાસેનું ગરનાળું જળાશયમાં ફેરવાતા ગ્રામજનો તેમજ RPL સ્કૂલના વિધ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા

ઉમલ્લા

ઉમલ્લા નજીક કાલીયાપુરા ગામ પાસે મુખ્ય ધોરીમાર્ગને જોડતા ગ્રામિણ માર્ગ પરના રેલવે ગરનાળામાં પાણી ભરાતા આ પંથકના ગામોના લોકો તેમજ નજીકમાં આવેલી રાજશ્રી વિદ્યામંદિરના શાળાના વિધ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા હતા, આ સ્થળ નજીક આરપીએલ નામની કંપની આવેલી છે,આ કંપનીમાં શાળા આવેલ હોઈ આજુબાજુના ગામોના વિધ્યાર્થીઓ આ શાળામાં અભ્યાસ અર્થે આવે છે ગરનાળામાં પાણી ભરાઈ જવાથી વાલીઓ મેનરોડ પર પોતાના વાહન મૂકી અર્ધો કિલોમીટર દૂર સુધી બાળકોને શાળા પરથી પગપાળા લેવા તેમજ મૂકવા જવું પડે છે.બાળકોના જીવને જોખમ ન ઉભુ થાય માટે વાલીઓએ જાતે બાળકોને લેવા આવું પડે છે, ગરનાળામાં પાણી ભરાવાના કારણે આવવા જવામાં તકલીફ પડે છે કેટલાક વાલીઓ જીવના જોખમે બાળકોને જીવના જોખમે ગળનાળામાંથી પસાર કરતા હોવાથી કોઈ મોટી દુર્ઘટના થાય તો જવાબદાર કોણ તેવા સવાલો ઊભા થયા છે. સ્કૂલના સત્તાધીશો પણ આ બાબત કોઈ નક્કર રજૂઆત કરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. ગરનાળા માંથી ચોમાસુ પાણી વહી જાય અને ગરનાળામાં પાણી ભરાઇ ના રહે તે માટે રેલવે સત્તાવાળાઓ તાકીદે યોગ્ય નિકાલ કરવા આગળ આવે તેવી માંગ લોકોમાં ઉઠવા પામી છે.



### હવે સરકારી તેલ કંપનીઓ અને મોંઘવારીના આકાઓ ક્યારે જાગશે?

## નાયરાએ પેટ્રોલ-ડીઝલમાં કર્યો 'દેશહિત'માં મોટો ઘટાડો : ઇંધણ બજારમાં ખળભળાટ મચ્યો

અમદાવાદ

મોંઘવારીના ચક્કીના પૈડા નીચે પીસાતી જનતા માટે ખાનગી ક્ષેત્રની અગ્રણી ઓઈલ કંપની 'નાયરા એનર્જી' (Nayara Energy) એ એક એવો મોટો ધડાકો કર્યો છે, જેણે દેશના ઈંધણ બજારમાં ખળભળાટ મચાવી દીધો છે. નાયરાએ સામાન્ય નાગરિકોને આર્થિક રાહત આપવા અને દેશહિતના નામે પેટ્રોલમાં સીધો રૂ. ૫ અને ડીઝલમાં રૂ. ૩ નો ધરખમ ઘટાડો કરવાની સત્તાવાર જાહેરાત કરી છે. ખાનગી કંપનીના આ આક્રમક અને જનહિતના નિર્ણય બાદ હવે જનતાના મનમાં એક ઘાતક અને તીખો સવાલ ઊભો થયો છે કે–જો એક પ્રાઈવેટ કંપની પોતાના નફામાંથી કાપ મૂકીને પ્રજાને રાહત આપી શકતી હોય, તો પછી અબજો રૂપિયાનું ટર્નઓવર રળતી સરકારી ઓઈલ કંપનીઓ જનતાના ખિસ્સા ખંખેરવાનું ક્યારે બંધ કરશે?

નાયરા એનર્જીના આ આદેશથી તેના તમામ પેટ્રોલ પંપ પર નવો ઘટાડેલો ભાવ તાત્કાલિક અસરથી લાગુ કરી દેવામાં આવ્યો છે. એક તરફ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવોમાં સતત ઉતાર-ચઢાવ થતા રહે છે, ત્યારે સરકારી કંપનીઓ (IOCL, BPCL, HPCL) સામાન્ય રીતે ભાવો ઘટાડવામાં આનાકાની કરતી જોવા મળે છે. પરંતુ નાયરાએ જે રીતે પેટ્રોલમાં ૫ રૂપિયા અને ડીઝલમાં ૩ રૂપિયા તોડી નાખ્યા છે, તેણે સરકારી તેલ કંપનીઓની દાનત અને પ્રી-પ્લાનિંગ સામે અનેક સવાલોના કટાક્ષ ઊભા કરી દીધા છે.




આ સમાચાર વાયુવેગે સોશિયલ મીડિયાથી લઈને રસ્તાઓ પર ચર્ચાનો વિષય બન્યા છે. વાહનચાલકો અને મધ્યમ વર્ગના લોકો ખુલ્લેઆમ પૂછી રહ્યા છે કે સરકારી ઓઈલ કંપનીઓ દર વર્ષે હજારો કરોડો રૂપિયાનો ચોખ્ખો નફો કમાય છે, તેમ છતાં સામાન્ય જનતાને રાહત આપવાના નામે તેમના પેટનું પાણી કેમ નથી હલતું? ટેક્સના ભારણ અને મોંઘવારીના માર વચ્ચે પ્રાઈવેટ પ્લેયર્સે ભાવ ઘટાડીને આડકતરી રીતે સરકારી તંત્ર અને નીતિ-નિર્માતાઓ પર એક મોટો સર્જિકલ સ્ટ્રાઈક કર્યો છે.

## સુરતના નાસીરનગર ડિમોલિશનના વિવાદાસ્પદ DCPને સરકારનું 'ઇનામ'

### એક તરફ હાઇકોર્ટ ખખડાવતી હતી અને બીજી તરફ IPSના પ્રમોશનનો લેટર છૂટ્યો!

સુરત

સુરતના રાંદેર વિસ્તારમાં આવેલા નાસીરનગરના ચકચારી 'ઘોસ્ટ ડિમોલિશન' (રાતોરાત થયેલા ગેરકાયદેસર ડિમોલિશન) મામલે એક તરફ ગુજરાત હાઈકોર્ટ પોલીસ અને તંત્રના અધિકારીઓનો ઉધડો લઈ રહી હતી, ત્યારે બીજી તરફ આ સમગ્ર વિવાદના કેન્દ્રમાં રહેલા વરિષ્ઠ પોલીસ અધિકારીને રાજ્ય સરકાર તરફથી મોટું 'ઈનામ' મળ્યું હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. નાસીરનગર ડિમોલિશન કેસમાં વિવાદોમાં ઘેરાયેલા સુરતના તત્કાલીન ડીસીપી (DCP) નકુમને પ્રમોશન આપીને આઈપીએસ (IPS) કેડર તરીકે નોમિનેટ કરતો સત્તાવાર ઓર્ડર છૂટતા પોલીસ બેડા સહિત રાજકીય ગલિયારાઓમાં ભારે ચર્ચા જાગી છે. ઉલ્લેખનીય છે કે, સુરતના નાસીરનગરમાં કોઈપણ પ્રકારની કાયદેસરની નોટિસ આપ્યા વગર, મનસ્વી રીતે અને પોલીસ બંદોબસ્તની હાજરીમાં ગરીબોના આશિયાના તોડી પાડવામાં આવ્યા હતા. આ મામલો જ્યારે ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો ત્યારે કોર્ટે કડક વલણ અપનાવ્યું હતું. હાઈકોર્ટે સુનાવણી દરમિયાન ટકોર કરી હતી કે, કોર્પોરેશનના અધિકારીઓ અને સ્થાનિક પોલીસની મિલીભગત વગર આ પ્રકારનું ગેરકાયદેસર ડિમોલિશન શક્ય જ નથી.

### જામનગર-કાલાવડ-ધોરાજી હાઈવે ઠપ્પ

## કાલાવાડમાં પહેલા જ વરસાદમાં ટોડાની નદીમાં ઘોડાપૂર : ડાયવર્ઝન ધોવાતા વાહન વ્યવહાર ખોરવાયો

કાલાવાડ

જામનગર જિલ્લાના કાલાવાડ પંથકમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ સાથે સિઝનના પહેલા જ વરસાદમાં પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવવાનું શરૂ કરી દીધું છે. કાલાવાડ શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ખાબકેલા ભારે વરસાદને કારણે જળબંબોળની સ્થિતિ સર્જાઈ છે. આ પ્રથમ વરસાદમાં જ કાલાવાડના ટોડાં ગામની સ્થાનિક નદીમાં ભયાનક પૂર આવ્યું છે. પૂરના પ્રચંડ પ્રવાહમાં ટોડાં ગામ પાસે બનાવવામાં આવેલું કામચલાઉ ડાયવર્ઝન પત્તાના મહેલની જેમ ધોવાઈ ગયું છે, જેના કારણે જામનગર-કાલાવડ-ધોરાજી હાઈવે સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. હજુ તો ચોમાસાની બરાબર શરૂઆત થઈ છે ત્યાં જ કાલાવાડ ધોરાજી હાઈવે બંધ થતાં વહીવટી તંત્રના પ્રી-મોન્સૂન પ્લાનિંગના લીરેલીરા ઊડી ગયા છે. ટોડાં ગામ પાસે નદી પર ચાલી રહેલા કામને કારણે વાહનોની અવરજવર માટે જે ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું, તે નદીના પૂરના ધસમસતા પ્રવાહ સામે ટકી શક્યું નથી. ડાયવર્ઝનનું ધોવાણ થતાં જ હાઈવેના બંને તરફ વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ છે અને વાહન વ્યવહારને વ્યાપક અસર પહોંચી છે. કાલાવાડ અને ધોરાજીને જોડતો આ મુખ્ય હાઈવે બંધ થવાના કારણે મુસાફરો, એમ્બ્યુલન્સ અને માલસામાન વહન કરતા સેંકડો વાહનો રસ્તા વચ્ચે જ અટવાઈ પડ્યા છે. સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા અનુસાર, વરસાદની તીવ્રતા એટલી વધારે હતી કે નદીનું પાણી જોતજોતામાં રસ્તા પર ફરી વળ્યું હતું.



હાલમાં હાઈવે બંધ હોવાને કારણે તંત્ર દ્વારા વાહનોને વૈકલ્પિક માર્ગે વાળવાની ફરજ પડી રહી છે. જનતામાં રોષ છે કે જો પહેલા જ વરસાદમાં આ મુખ્ય હાઈવેની આવી દશા થતી હોય, તો આખું ચોમાસું કેવી રીતે નીકળશે? સ્થાનિકો હવે તૂટેલા ડાયવર્ઝનને તાત્કાલિક રીપેર કરી હાઈવે શરૂ કરવાની ઉગ્ર માંગ કરી રહ્યા છે.


## તંત્રી લેખ...

# ‘બચેલા બિસ્કિટ અને ચા-પત્તી ચોરી કે ભ્રષ્ટાચાર?’

### 17 વર્ષ સેવા કરનાર પટાવાળાને નોકરીમાંથી કાઢતા હાઇકોર્ટે વહીવટી તંત્રની ઝાટકણી કાઢી; લાખો-કરોડોના કૌભાંડીઓ ખુલ્લા ફરે અને ગરીબ પર સીતમ કેમ?

આપણા દેશની સરકારી અને વહીવટી સિસ્ટમ ક્યારેક એટલી હદે સંવેદનશીલતા વગરની અને ક્રૂર બની જાય છે કે સામાન્ય માણસનો ન્યાય પરથી ભરોસો ઊઠી જાય. છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા અને વહીવટી વર્તુળોમાં એક એવો કિસ્સો ભારે ચર્ચા જગાવી રહ્યો છે, જેને જોઈને લોકો પૂછી રહ્યા છે કે–‘શું આ ખરેખર ભારતનો સૌથી મોટો ભ્રષ્ટાચાર હતો...?‘

આ વાર્તા છે સરકારી ઓફિસમાં સતત ૧૭ વર્ષ સુધી



ઈમાનદારીથી લઘુત્તમ પગારમાં સેવા આપનાર એક સામાન્ય પટાવાળા રણજીત કુમારની. જેમની સામે તંત્રએ એવો ઘાતક કાયદો વાપર્યો કે તેમનું આખું જીવન બરબાદ થવાના આરે આવી ગયું, પરંતુ અંતે હાઈકોર્ટે વહીવટી તંત્રના આ અંધાધૂંધ કાયદાના થોબડા પર કાયદાકીય તમાચો માર્યો છે.

### ગુનો શું હતો? મીટિંગ પછી વધેલી ચા-પત્તી અને બિસ્કિટ બાળકો માટે ઘરે લઈ જવા!

રણજીત કુમાર નામના પટાવાળાનો ગુનો માત્ર એટલો જ હતો કે સરકારી અધિકારીઓની મોટી-મોટી મીટિંગો પૂરી થયા પછી, ટેબલ પર જે ચા-પત્તી અને બિસ્કિટના પેકેટો બચી જતા હતા, તે કચરામાં ફેંકી દેવાને બદલે રણજીતભાઈ પોતાના નાના બાળકો માટે ઘરે લઈ જતા હતા. ઓફિસના કેટલાક કટ્ટર અને ’નિયમોના પાકા’ અધિકારીઓએ આ નાની, માનવીય બાબતને ‘સરકારી મિલકતની ચોરી‘ અને ‘ગંભીર ભ્રષ્ટાચાર‘ નું મોટું લેબલ લગાવી દીધું! કાયદાની કલમોનો દુરુપયોગ કરીને આ ગરીબ કર્મચારીને ૧૭ વર્ષની ઈમાનદાર સેવા પછી પણ કોઈ જ દયા વગર સીધો નોકરીમાંથી બરતરફ (ટર્મિનેટ) કરી દેવામાં આવ્યો.

### હાઇકોર્ટની કડક ટકોર: "નાની બાબત માટે જીવન બરબાદ કરવું એ માનવતા વિરુદ્ધ"

જ્યારે આ અન્યાયી મામલો હાઈકોર્ટના દ્વારે પહોંચ્યો, ત્યારે માનનીય જજ સાહેબે સમગ્ર કેસની વિગતો જોઈને કાયદાની સાથે-સાથે માનવતાનો અરીસો પણ તંત્રને બતાવ્યો. હાઈકોર્ટે સરકારી વિભાગની આ ઘોર અને સંવેદનહીન કાર્યવાહીને સખત શબ્દોમાં વખોડી કાઢી હતી. કોર્ટે સ્પષ્ટ કહ્યું કે:

‘આટલી નાની અને ક્ષુલ્લક બાબત માટે એક ગરીબ વર્ગના કર્મચારીને નોકરીમાંથી કાઢી મૂકીને તેનું અને તેના પરિવારનું જીવન બરબાદ કરી દેવું, તે કાયદાની મર્યાદાની બહાર છે અને સાચા અર્થમાં ’માનવતા વિરુદ્ધ’નું કૃત્ય છે.‘

કોર્ટે તંત્રની માનસિકતા પર સવાલ ઉઠાવતા આ કર્મચારીને ન્યાય આપવાનો આદેશ કર્યો છે.

ઘાતક સવાલ: લાખો-કરોડોના કૌભાંડીઓ ખુલ્લેઆમ ફરે... અને ગરીબ પર જ કેમ કાયદાનો કોરડો?

આ કિસ્સો દેશની આખી સિસ્ટમની નબળાઈ અને બેધારી નીતિને ખુલ્લી પાડે છે. આજે જનતા સોશિયલ મીડિયા પર તંત્રને ઘાતક સવાલો પૂછી રહી છે:

સરકારી કોન્ટ્રાક્ટમાં કરોડો રૂપિયા ઓહિયા કરી જનારા ભ્રષ્ટ એન્જિનિયરો અને અધિકારીઓ સામે ફાઈલો વર્ષો સુધી કેમ દબાઈ રહે છે? બેંકોના અબજો રૂપિયા લૂંટીને વિદેશ ભાગી જનારા ઉદ્યોગપતિઓ સામે કાયદો આટલો નરમ કેમ પડી જાય છે? શું કાયદાની બધી જ કડકાઈ, બધી જ કલમો અને બધી જ પ્રામાણિકતા માત્ર પટાવાળા અને મજૂર વર્ગના ગરીબોને ડરાવવા માટે જ બનાવવામાં આવી છે?

### નિષ્કર્ષ: ન્યાય અને માનવતાનું ત્રાજવું એકસરખું હોવું જોઈએ

કાયદો આંધળો હોઈ શકે છે, પરંતુ ન્યાય આપનાર વહીવટી તંત્ર સંવેદનહીન ન હોવું જોઈએ. પટાવાળા રણજીત કુમારનો આ કિસ્સો સરકારી બાબુઓની અહંકારી માનસિકતાનું વરવું ઉદાહરણ છે. જો મીટિંગમાં વધેલી ચા-બિસ્કિટ ઘરે લઈ જવી એ ’દેશનો સૌથી મોટો ભ્રષ્ટાચાર’ લાગતો હોય, તો પછી સરકારી એસી ચેમ્બરોમાં બેસીને કમિશનના નામે કરોડોની કાળી કમાણી કરનારાઓને કઈ શ્રેણીમાં મૂકવા? ન્યાયનું ત્રાજવું નાના પટાવાળા માટે અને મોટા અધિકારી માટે એકસરખું હોવું જ જોઈએ, તો જ લોકશાહી સાર્થક ગણાશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

---

### શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્રેણી: અધ્યાય - 6 (આત્મસંયમ યોગ)

# મન મિત્ર છે કે શત્રુ? "યોગ એટલે દુનિયાથી દૂર ભાગવું નહીં, પરંતુ પોતાની અંદર સ્થિર થવું."

કર્મનો પથ પથ્થરની રેખા છે, અને મન તેનો શિલ્પી છે. જો શિલ્પીના હાથમાં સંયમની છીણી હશે, તો જીવન એક સુંદર મૂર્તિ બનશે. નહિ તો તે માત્ર પથ્થર બનીને રહી જશે.

ગયા અધ્યાયમાં આપણે જોયું કે સંસારમાં રહીને, ફરજો બજાવતા બજાવતા પણ સંન્યાસી કેવી રીતે બની શકાય. પણ અર્જુન અને આપણા બધાના મનમાં એક મોટો સવાલ થાય: ‘હે કૃષ્ણ, આ બધી મોટી વાતો સાંભળવામાં ખૂબ સારી લાગે છે, પણ જ્યારે સંસારની આપાધાપી વચ્ચે કોઈ ટેન્શન આવે, ત્યારે મન ભટકી જાય છે. આ ચંચળ મનને કાબૂમાં કેમ રાખવું?‘

આજના ડિજિટલ યુગમાં આ સમસ્યા ૧૦ ગણી વધી ગઈ છે. સવારે આંખ ખૂલે ત્યારથી લઈને રાત્રે સૂતી વખત સુધી આપણું મન સોશિયલ મીડિયાના નોટિફિકેશન્સ, રીલ્સના સ્ક્રોલિંગ અને ડિજિટલ ડિસ્ટ્રેક્શનની જાળમાં ફસાયેલું રહે છે. આ આજના જમાનાનું અર્જુન જેવું જ યુદ્ધ છે.

આપણે ઘણીવાર ધારી લઈએ છીએ કે મન પર કંટ્રોલ કરવો એટલે આપણી સ્વતંત્રતા છીનવાઈ જવી. પણ વાસ્તવમાં આત્મસંયમ એ પોતાની જાત પર લગાવેલું એક પવિત્ર બંધન છે, જે આપણને નકારાત્મકતાથી બચાવે છે. રામાયણમાં લક્ષ્મણજીએ સીતાજીની રક્ષા માટે ’લક્ષ્મણ રેખા’ દોરી હતી. જ્યાં સુધી સીતાજી એ રેખાની અંદર હતા, ત્યાં સુધી રાવણ જેવા શક્તિશાળી રાક્ષસની પણ તાકાત નહોતી કે તે તેમનો વાળ પણ વાંકો કરી શકે. પણ જેવું મન અતિ-દયા કે મોહવશ થઈને એ સંયમની રેખા ઓળંગી ગયું, કે તરત જ મુશ્કેલીઓની શરૂઆત થઈ ગઈ.

આપણા જીવનમાં પણ નૈતિકતા, નિયમિતતા અને મર્યાદાની એક ’લક્ષ્મણ રેખા’ હોવી જોઈએ. આત્મસંયમ આપણને બાંધતો નથી, પણ રાવણ રૂપી દુર્ગુણો અને સોશિયલ મીડિયાના વિક્ષેપોથી આપણું રક્ષણ કરે છે.

એક ધનુર્ધર પાસે ત્રણ પ્રકારના તીર છે

૧. જે ભૂતકાળના સ્ટોરમાં પડ્યા છે, હજુ વપરાયા નથી.

૨. જે કમાનમાંથી નીકળી ગયું છે, તેને પાછું વાળી શકાતું નથી, તેનું પરિણામ ભોગવવું જ પડે (જેમ કે આપણું વર્તમાન જીવન અને પરિસ્થિતિઓ).

૩. અને જે અત્યારે બરાબર આપણા હાથમાં છે,



જેને આપણે ધારીએ ત્યાં છોડી શકીએ છીએ.

જે તીર છૂટી ગયું છે તેના પર આપણો કોઈ કંટ્રોલ નથી. પણ જે તીર અત્યારે કમાન પર છે (એટલે કે આપણો વર્તમાન સમય), તેને કઈ દિશામાં છોડવું તે માત્ર ને માત્ર આપણા પર આધાર રાખે છે. જો અત્યારે મન કાબૂમાં હશે, તો ભવિષ્યનું ભથ્થું (કર્મ) આપોઆપ સુધરી જશે.

ગુરુ દ્રોણાચાર્યે જ્યારે વૃક્ષ પર રાખેલા નકલી પક્ષીની આંખ વિંધવાની પરીક્ષા લીધી, ત્યારે અન્ય રાજકુમારોને વૃક્ષ, પાંદડા, આકાશ અને આખું પક્ષી દેખાતું હતું. પણ જ્યારે અર્જુનને પૂછવામાં આવ્યું, ત્યારે તેનો સચોટ જવાબ હતો: ‘ગુરુદેવ, મને માત્ર પક્ષીની આંખ જ દેખાય છે, બીજું કંઈ જ નહિ.‘આજના સમયમાં જે પક્ષીની આંખ છે તે આપણું ’લક્ષ્ય’ છે અને જે પાંદડા, ડાળીઓ કે આકાશ છે તે સોશિયલ મીડિયાના ડિસ્ટ્રેક્શન છે. અર્જુન જેવો આત્મસંયમ જ આપણને ભટકતા બચાવે છે.

કર્મનો સિદ્ધાંત બહુ સ્પષ્ટ અને અફર છે. જો તમે કોઈ ઊંડા કૂવામાં જઈને બૂમ પાડો કે ‘હું તને ધિક્કારું છું‘, તો કૂવામાંથી એ જ અવાજ પાછો આવશે. પણ જો તમે કહેશો ‘હું તને પ્રેમ કરું છું‘, તો પ્રેમનો જ પડઘો સંભળાશે.

આપણું મન પણ આ કૂવા જેવું જ છે. જો આત્મસંયમના અભાવે આપણે મનમાં ઈર્ષ્યા, ક્રોધ, આળસ કે નકારાત્મક વિચારો નાખીશું, તો કાર્મિક નિયમ મુજબ આપણને જીવનમાં એ જ પરત મળશે. મનને સંયમિત રાખીને તેમાં સતત સકારાત્મક અને સેવાના વિચારો વાવવા, એ જ શ્રેષ્ઠ કર્મ છે.

સિતાર કે ગિટારના તાર જો બહુ વધારે ખેંચાઈ જાય તો તે તૂટી જાય છે, અને જો સાવ ઢીલા છોડી દેવામાં આવે તો તેમાંથી સૂર જ નથી નીકળતો. જીવનનું સંગીત પણ ત્યારે જ મધુર બને જ્યારે આહાર, વિહાર, ઊંઘ અને કામ બધું જ ’બેલેન્સ’ એટલે કે સંતુલિત હોય.

જ્યારે અર્જુન કહે છે કે ‘કૃષ્ણ, આ મન તો પવન જેવું ચંચળ છે, તેને રોકવું અશક્ય છે!‘ ત્યારે જગદગુરુ બહુ જ પ્રૅક્ટિકલ સોલ્યુશન આપે છે:

‘અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે ||‘

મનને ’અભ્યાસ’ અને ’વૈરાગ્ય’ થી કાબૂમાં કરી શકાય છે. રોજ મન ભાગે તો તેને પ્રેમથી પાછું લાવો અને દરેક નોટિફિકેશન કે ટ્રેન્ડ પાછળ ભાગવું જરૂરી નથી એટલો વૈરાગ્ય કેળવો.

આ અધ્યાયનો સૌથી પાવરફુલ મંત્ર એ છે કે: ‘તમે જ તમારા ઉદ્ધારક છો અને તમે જ તમારા શત્રુ છો.‘ . જો તમારી પાસે સેલ્ફ-કંટ્રોલ છે, તો તમે વિજેતા છો.

બધું જ છોડીને જંગલમાં જઈને આંખો બંધ કરવી સહેલી હોઈ શકે, પણ મોબાઈલ સ્ક્રીન સામે હોવા છતાં, સોશિયલ મીડિયાની દુનિયા વચ્ચે રહેવા છતાં, કન્સ્ટ્રક્ટિવ કર્મ કરતા રહીને પોતાના મનની શાંતિ જાળવી રાખવી... એ જ સાચો ’આત્મસંયમ યોગ’ છે!

(ક્રમશ: આગામી અધ્યાય ૭ માં આપણે સમજીશું ’જ્ઞાનવિજ્ઞાન યોગ’ઈશ્વરનું સાચું સરનામું ક્યાં છે? સાયન્સ અને સ્પિરિચ્યુઆલિટીનો અદભુત સમન્વય!)

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

---

# મેગા સિટીને મળ્યા નવા ‘રક્ષક’

ગુજરાતનું આર્થિક અને સાંસ્કૃતિક હૃદય ગણાતા મેગા સિટી અમદાવાદના નવા પોલીસ કમિશનર તરીકે ૧૯૯૭ની બેચના બાહોશ, કડક અને અત્યંત લોકપ્રિય આઈપીએસ (IPS) અધિકારી અનુપમસિંહ ગેહલોતની નિમણૂક કરવામાં આવી છે. ગૃહ વિભાગના આ નિર્ણયથી સમગ્ર પોલીસ બેડા સહિત ગુજરાતની જનતામાં એક નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અમદાવાદ જેવા સંવેદનશીલ અને વિશાળ ક્ષેત્રફળ ધરાવતા શહેરની કમાન જ્યારે અનુપમસિંહ જેવા અનુભવી અધિકારીના હાથમાં સોંપવામાં આવે, ત્યારે તે માત્ર એક બદલી નથી હોતી, પરંતુ ગુનેગારો માટે એક કડક ચેતવણી અને સામાન્ય નાગરિકો માટે સુરક્ષાનો પાક્કો ભરોસો હોય છે.



શાનદાર કરિયર અને ખાખીનો દબદબો

અનુપમસિંહ ગેહલોત એટલે ગુજરાત પોલીસનું એક એવું નામ, જેમના નામ માત્રથી જ અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી જાય છે. ૧૯૯૭માં આઈપીએસ બન્યા બાદ તેમણે ગુજરાતના અનેક જિલ્લાઓ અને મહાનગરોમાં પોતાની સેવાઓ આપી છે.

મુખ્ય શહેરોમાં કમિશનર તરીકેનો બહોળો અનુભવ: તેઓ ગુજરાતના લગભગ તમામ મોટા શહેરોના પોલીસ કમિશનર રહી ચૂક્યા છે. રાજકોટ, વડોદરા અને તાજેતરમાં જ સુરતના પોલીસ કમિશનર તરીકે તેમણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને એક નવી ઊંચાઈ પર પહોંચાડી હતી.

મહત્વપૂર્ણ વિભાગોમાં નેતૃત્વ: કમિશનર પદ ઉપરાંત તેઓ ભાવનગર અને પાટણ જેવા જિલ્લાઓમાં એસપી (SP) તરીકે, વડોદરા રેન્જ આઈજી (IG) તરીકે અને રાજ્યની સૌથી મહત્વની ગુપ્તચર સંસ્થા ‘ઈન્ટેલિજન્સ બ્યુરો’ (IB) માં પણ વડા તરીકે શાનદાર સેવાઓ આપી ચૂક્યા છે.

ટેકનોલોજીના બાદશાહ અને આધુનિક પોલીસિંગના પ્રણેતા

અનુપમસિંહ ગેહલોત માત્ર પરંપરાગત પોલીસિંગમાં જ નહીં, પરંતુ સ્માર્ટ અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગમાં પણ મોખરે રહ્યા છે. સુરતમાં સીસીટીવી નેટવર્ક અને ડ્રોન સર્વેલન્સ: સુરતના કમિશનર તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન તેમણે શહેરને સુરક્ષિત બનાવવા માટે આધુનિક સીસીટીવી કમાન્ડ કંટ્રોલ સિસ્ટમ અને ડ્રોન ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કર્યો હતો. સાયબર ક્રાઈમ સામે કડક લડત: ડિજિટલ યુગમાં વધતા જતા સાયબર ફ્રોડને રોકવા માટે તેમણે સુરત અને વડોદરામાં ખાસ સાયબર સેલને મજબૂત કર્યા હતા, જેની મદદથી લાખો રૂપિયાની છેતરપિંડીના ગુનાઓ ઉકેલાયા હતા.

ગુનેગારો માટે ‘કાળ’ અને જનતા માટે ‘મિત્ર’

એક આઈપીએસ અધિકારી તરીકે અનુપમસિંહ ગેહલોતની કાર્યશૈલીના બે પાસાં છે, જે તેમને અન્ય અધિકારીઓથી અલગ પાડે છે:

૧. ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ પર સર્જિકલ સ્ટ્રાઈક

તેઓ વ્યાજખોરો, ભૂમાફિયાઓ, ડ્રગ્સ પેડલર્સ અને મહિલાઓની છેડતી કરનારા તત્વો સામે સહેજ પણ નરમ વલણ રાખતા નથી. સુરત અને રાજકોટમાં તેમના સમય દરમિયાન ગેંગસ્ટરો અને નામચીન બુટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા હતા. ગુનાખોરી મુક્ત વાતાવરણ ઊભું કરવું એ તેમની પ્રાથમિકતા રહી છે.

૨. કમ્યુનિટી પોલીસિંગ (લોક-અભિમુખ વહીવટ)

બીજી તરફ, સામાન્ય નાગરિકો, વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓ માટે તેઓ હંમેશા સુલભ રહ્યા છે. ‘પોલીસ પ્રજાનો મિત્ર છે’ એ સૂત્રને તેમણે સાચા અર્થમાં સાર્થક કર્યું છે. રથયાત્રા, દિવાળી કે ગણેશોત્સવ જેવા મોટા તહેવારોમાં તેઓ પોતે રસ્તા પર ઉતરીને શાંતિ સમિતિઓ સાથે બેઠકો યોજી કોમી એકતા જાળવવામાં હંમેશા સફળ રહ્યા છે.

અમદાવાદમાં હવે નવો દોર: પડકારો અને અપેક્ષાઓ

અમદાવાદ જેવા મેગા સિટીમાં ટ્રાફિકની સમસ્યા, સાયબર ક્રાઈમ, અને આગામી સમયમાં આવતી ઐતિહાસિક જગન્નાથજીની રથયાત્રા જેવા મોટા બંદોબસ્ત એ નવા કમિશનર માટે મુખ્ય પડકારો રહેશે. પરંતુ, અનુપમસિંહ ગેહલોત પાસે જે પ્રકારનો વિશાળ અનુભવ છે, તે જોતાં અમદાવાદ પોલીસ હવે વધુ સજ્જ, સતેજ અને પ્રોએક્ટિવ બનશે તેમાં કોઈ શંકા નથી. અમદાવાદની જનતાને પૂરો વિશ્વાસ છે કે અનુપમસિંહ ગેહલોતના નેતૃત્વમાં શહેરની શાંતિ, સુરક્ષા અને સમૃદ્ધિ વધુ મજબૂત બનશે અને ગુનેગારોને પોતાની સાચી જગ્યા એટલે કે જેલના સળિયા પાછળ જવું જ પડશે.

**- લેખન: ખાસ પ્રતિનિધિ, પાક્કો ગુજરાત ન્યૂઝ**

---

# નેતાઓની પાતળી ચામડી અને હાઈકોર્ટનો સણસણતો ચુકાદો

## હવે તો લાગણીઓ ખિસ્સામાં રાખો સાહેબ!

ચામડી પાતળી હોવી એટલે કે જરાક કંઈ કહી દીધું ને ખોટું લાગી ગયું! પણ જ્યારે વાત દેશ કે રાજ્યના નેતાઓની હોય, ત્યારે આ ચામડી એટલી પાતળી ન હોવી જોઈએ કે રાજકીય નિર્ણયો પર થયેલો સામાન્ય કટાક્ષ પણ તેમને બદનામી કે માનહાનિ લાગવા માંડે.

તાજેતરમાં દિલ્હી હાઈકોર્ટે આમ આદમી પાર્ટીના નેતા રાઘવ ચઢ્ઢાના એક કેસમાં બહુ મોટો અને આંખ ઉઘાડનારો ચુકાદો આપ્યો છે. રાઘવ ચઢ્ઢાએ સોશિયલ મીડિયા પર પોતાની વિરુદ્ધ થયેલી 52 પોસ્ટ સામે માનહાનિનો કેસ કર્યો હતો. અદાલતે આ મામલાની ઝીણવટભરી તપાસ કરી અને ચુકાદો આપ્યો કે 52માંથી માત્ર 6 પોસ્ટ એવી હતી જેમાં ખરેખર માનહાનિ થઈ હતી. બાકીની 46 પોસ્ટ સામેનો માનહાનિનો કેસ કોર્ટે ફગાવી દીધો છે!

### નેતાઓ માટે હાઈકોર્ટનો સ્પષ્ટ મેસેજ

દિલ્હી હાઈકોર્ટનો આ ચુકાદો દેશના તમામ નેતાઓ માટે એક બહુ મોટો અને સ્પષ્ટ મેસેજ છે.

સૌથી પહેલી વાત તો એ કે, તમે જનતાના પ્રતિનિધિ છો, મૂળ પબ્લિક માટે છો. લોકશાહીમાં જનતાને તમારા નિર્ણયો પર સવાલ ઉઠાવવાનો, વ્યંગ કરવાનો અને કટાક્ષ કરવાનો પૂરો હક છે. જો સામાન્ય બાબતોમાં પણ તમારી લાગણીઓ વારંવાર દુભાઈ જતી હોય, તો એ નેતાઓએ હવે સમય સાથે સુધરી જવાની અને ગંભીરતા સમજવાની જરૂર છે.

### ઠેકડા મારતા નેતાઓ હવે તો સુધરે!

ખાસ કરીને જે નેતાઓ સત્તા કે પદના જોરે નાની-નાની વાતોમાં ઠેકડા મારે છે, વાત-વાતમાં કોર્ટના પગથિયાં ચડી જાય છે અથવા સોશિયલ મીડિયા પર સવાલ ઉઠાવનારાઓ સામે કાયદાકીય હથિયારો ઉગામે છે, તેમણે પોતાની સંવેદનશીલતા અને લાગણીઓને હવે ખિસ્સામાં મૂકી દેવી જોઈએ. આશા રાખીએ કે હાઈકોર્ટના આ ચુકાદા પછી નેતાઓ વારંવાર બદનામીનો રાગ આલાપવાનું બંધ કરશે અને સોશિયલ મીડિયા પર થતા હેલ્ધી પોલિટિકલ કટાક્ષને લોકશાહીના એક ભાગ તરીકે સ્વીકારતા શીખશે.

---

# મુંબઈના વરસાદે સેલેબ્સની હાલત કરી ખરાબ: અશ્નૂર કૌરના લક્ઝરી ઘરમાં ઘૂસ્યા પાણી, તમન્નાને ચડી ઠંડી અને રણદીપ હુડ્ડાએ મેટ્રોમાં છુપાવવું પડ્યું મોં!

માયાનગરી મુંબઈમાં જ્યારે વરસાદ પડે છે ત્યારે સામાન્ય માણસથી લઈને બોલિવૂડ સેલેબ્સ સુધી દરેકની લાઈફલાઈન અટકી જાય છે. હાલમાં જ મુંબઈમાં પડેલા ભારે વરસાદે આખા શહેરને પાણી-પાણી કરી દીધું છે, અને આ આકાશી આફતમાંથી આપણા ફિલ્મી સિતારાઓ પણ બચી શક્યા નથી. સોશિયલ મીડિયા પર સેલેબ્સની મુશ્કેલીઓના એવા વીડિયો અને કિસ્સા સામે આવ્યા છે, જે જોઈને તમે પણ કહેશો કે વરસાદ કોઈને છોડતો નથી!

અશ્નૂર કૌરના કરોડોના આલીશાન ઘરમાં ભરાયા પાણી

ટીવી અને સોશિયલ મીડિયા સેન્સેશન અશ્નૂર કૌર માટે મુંબઈનો વરસાદ આફત બનીને આવ્યો. અશ્નૂરના મુંબઈ સ્થિત લક્ઝરી ઘરની બાલ્કની અને લિવિંગ એરિયામાં વરસાદનું પાણી ઘૂસી ગયું હતું. કરોડોના આ આલીશાન ઘરમાં પાણી ભરાઈ જવાને કારણે ઘણું નુકસાન થયું હોવાના અહેવાલ છે. સોશિયલ મીડિયા પર આ નજારો જોઈને ફેન્સ પણ હેરાન રહી ગયા છે કે આટલી મોંઘી સોસાયટીઓમાં પણ જો આ હાલત હોય તો સામાન્ય લોકોનું શું થતું હશે!

વરસાદમાં ભીંજાયા બાદ તમન્ના ભાટિયા ધ્રૂજી ઉઠી

બીજી તરફ, બોલિવૂડ અને સાઉથની સુપરસ્ટાર તમન્ના ભાટિયા પણ આ મુશળધાર વરસાદનો ભોગ બની. તમન્ના એક શૂટિંગ અથવા ઈવેન્ટના સિલસિલામાં બહાર હતી ત્યારે અચાનક તૂટી પડેલા વરસાદમાં તે ખરાબ રીતે ભીંજાઈ ગઈ હતી. વરસાદમાં પલળ્યા બાદ ઠંડા પવનને કારણે તમન્નાને જોરદાર ઠંડી ચડી ગઈ હતી, અને તેની હાલત પણ થોડી બગડી ગઈ હોવાનું સામે આવ્યું છે.

ટ્રાફિકથી બચવા રણદીપ હુડ્ડાએ મોં છુપાવી મેટ્રોમાં કરી મુસાફરી

મુંબઈના વરસાદની સૌથી મોટી આડઅસર એટલે કલાકો સુધી જામ રહેતો ટ્રાફિક. આ ટ્રાફિકમાંથી બચવા માટે જાણીતા અભિનેતા રણદીપ હુડ્ડાએ પોતાની લક્ઝરી કાર બાજુ પર મૂકીને મુંબઈ મેટ્રોનો સહારો લેવો પડ્યો હતો. જોકે, મેટ્રોમાં લોકો ઓળખી ન જાય અને ભીડ જમા ન થાય તે માટે રણદીપ હુડ્ડાએ કેપ પહેરીને અને મોં છુપાવીને ગુપચુપ મુસાફરી કરવી પડી હતી. તેનો આ અંદાજ સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે.

મુંબઈનો વરસાદ દર વર્ષે આવી જ રીતે ગ્લેમર વર્લ્ડની ચમક પાછળની અસલી મુશ્કેલીઓ સામે લાવી દે છે. સેલેબ્સની આ હાલત દર્શાવે છે કે કુદરતની આફત સામે વીઆઈપી હોવું પણ કામ નથી આવતું.

---

# અમેરિકામાં ગુજરાતી પરિવારનો કરુણ અંત, ઓહાયોની મોટેલમાં આગ લાગતાં પતિ-પત્ની અને દીકરીનું મોત!

ઓહાયો

અમેરિકામાં ઓહાયોની મોટેલમાં આગ લાગતાં ગુજરાતી પરિવારનો કરુણ અંત આવ્યો છે. ઓહાયોના વુસ્ટર ખાતે આવેલી એક મોટેલમાં મધ્યરાત્રિએ અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં સોસાયટીમાં રહેતા અને ત્યાં જ નોકરી કરતા મૂળ ખેડા જિલ્લાના નડિયાદના વતની સુથાર પરિવારના ત્રણ સભ્યો જીવતા ભૂંજાયા છે. નડિયાદનો પરિવાર છેલ્લા બે વર્ષથી યુએસએના ઓહાયો સ્ટેટમાં સ્થાયી થયો હતો. આગના બનાવમાં પતિ-પત્ની અને દીકરીનું મોત નીપજ્યું હોવાના સમાચાર વતન નડિયાદમાં મળતાં જ સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને શોક છવાયો છે.



ઓહાયોની મોટેલમાં મધ્યરાત્રિએ લાગી ભીષણ આગ મળતી માહિતી મુજબ, નડિયાદના વતની હિતેશ સુથાર, તેમના પત્ની હીના સુથાર અને તેમની 20 વર્ષની દીકરી ઈશાની અમેરિકાના ઓહાયોમાં વુસ્ટર ખાતે આવેલી ’ઈકોનો લોજ’ નામની મોટેલમાં રહેતા હતા. હિતેશ આ જ મોટેલમાં કામ કરતા હતા અને પરિવાર સાથે ત્યાં જ ક્વાર્ટર્સમાં રહેતા હતા. સ્થાનિક સમય અનુસાર, મધ્યરાત્રિએ આશરે 1:30 વાગ્યે જ્યારે આખો પરિવાર ગાઢ નિદ્રામાં હતો, ત્યારે મોટેલમાં અચાનક ભયાનક આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે એટલું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું કે મોટેલના ધાબામાંથી પ્રચંડ જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. બચવા માટે બાથરૂમમાં લૉક થયા, પણ કાળ આંબી ગયો આગની લપેટો વચ્ચે રૂમમાં ફસાયેલા હિતેશ અને તેમના પરિવારે બચવા માટે મોટેલના રીસેપ્શન પર ફોન કરીને મદદ માંગી હતી. ત્યાંથી તેમને સલાહ આપવામાં આવી હતી કે તેઓ બાથરૂમમાં જતા રહે અને નળ ચાલુ રાખીને ત્યાં જ આશરો લે.

જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટચુકડી જાહેરાત – વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ – જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE
પ્રેસનોટ – સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી
સમાચાર
સમાચાર – સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા – તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ – વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર – સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન – સુંદર અને પ્રોફેશનલ લુક
તમારી માહિતી, લોકો સુધી પહોંચાડવાની અમારી જવાબદારી...

'કરોડોની ગ્રાન્ટો વધી પણ કામની ગુણવત્તા ઘટી!'

# જૂનાગઢની દુર્દશા પર સોશિયલ મીડિયામાં ભારે હોબાળો



- દર વર્ષની એ જ કહાણી: સમસ્યાઓ ઓછી થવાને બદલે વધુ ગંભીર બની
- ભ્રષ્ટાચારની બૂ: કરોડોની ગ્રાન્ટ વધી, પણ કામની ગુણવત્તા પાતાળે ગઈ!
- હવે માત્ર હોબાળો નહીં, જવાબદારી નક્કી કરવાનો સમય પાકી ગયો છે

જૂનાગઢ

છેલ્લા ૧૮ કલાકથી સોશિયલ મીડિયાના તમામ પ્લેટફોર્મ પર જૂનાગઢની વર્તમાન બદતર પરિસ્થિતિને લઈને ભારે હોબાળો મચી ગયો છે. નેટીઝન્સ અને સ્થાનિક રહીશો તંત્રના પાપિયા આયોજન સામે પોતાનો પ્રચંડ આક્રોશ ઠાલવી રહ્યા છે. પરંતુ આ હોબાળા વચ્ચે એક ઘાતક અને કડવો પ્રશ્ન એ ઊભો થાય છે કે, જો આટલો જ પ્રચંડ અવાજ, આ જ આક્રોશ અને આ જ સવાલો છેલ્લા ૩૦૦ દિવસ સુધી સતત ઉઠાવવામાં આવ્યા હોત, તો કદાચ આજે જૂનાગઢની જનતા પર આ કાળઝાળ સ્થિતિ જોવાનો વારો જ ન આવ્યો હોત!

યાદ રાખજો, જૂનાગઢની આ દયનીય સ્થિતિ માત્ર આ વર્ષની જ કોઈ નવી સમસ્યા નથી. છેલ્લા ઘણા વર્ષોથી દર ચોમાસે કે સામાન્ય દિવસોમાં પણ જૂનાગઢની હાલત આવી જ કફોડી જોવા મળે છે.

વહીવટી તંત્રની ઘોર આળસ અને નેતાઓની ઉદાસીનતાના કારણે દર વર્ષે જનતાની સમસ્યાઓ ઓછી થવાને બદલે વધુને વધુ ગંભીર અને વિકરાળ બનતી જાય છે. પ્રશાસન માત્ર કાગળ પર વાતો કરે છે અને જમીની હકીકત કંઈક ઓર જ હોય છે.

સૌથી મોટો અને કાળજું કંપાવી મૂકે તેવો દુઃખદ આક્ષેપ એ છે કે, દર વર્ષે જૂનાગઢના વિકાસ અને સુવિધાના નામે સરકાર તરફથી મળતી કરોડો રૂપિયાની ગ્રાન્ટોના આંકડા સતત વધતા જાય છે. પરંતુ આશ્ચર્ય અને આઘાતની વાત એ છે કે જેમ જેમ બજેટ અને ગ્રાન્ટ વધે છે, તેમ તેમ અહીં થતા કામોની ગુણવત્તા સાવ ઘટી જાય છે. કરોડો રૂપિયા ક્યાં વપરાય છે અને કોના ખિસ્સામાં જાય છે? તે બાબત હવે સોશિયલ મીડિયા પર ખુલ્લેઆમ ચર્ચાનો વિષય બની છે. હલકી ગુણવત્તાના કામોના કારણે જનતાના પરસેવાના પૈસા પાણીમાં વહી રહ્યા છે.

જૂનાગઢની જનતા હવે જાગી ચૂકી છે. હવે માત્ર સોશિયલ મીડિયા પર ૧૪ કલાકનો હોબાળો મચાવીને બેસી જવાનો કે ટ્રેન્ડ ચલાવવાનો સમય નથી રહ્યો. હવે સમય આવી ગયો છે કે નબળું કામ કરનારા કોન્ટ્રાક્ટરો, એન્જિનિયરો અને એસી ચેમ્બરમાં બેસતા સરકારી બાબુઓની જવાબદારી નક્કી કરાવવામાં આવે. નાગરિકો હવે ઉગ્ર માંગ કરી રહ્યા છે કે વહીવટી તંત્ર કુંભકર્ણની નિદ્રામાંથી જાગે અને જૂનાગઢની ક્રોનિક સમસ્યાઓનો કોઈ ટેમ્પરરી થીંગડા મારવાને બદલે કાયમી અને નક્કર ઉકેલ લાવે, નહીં તો આ જનઆક્રોશ આગામી દિવસોમાં મોટું આંદોલન બનીને તંત્રને ઘેરી લેશે.

# રામસાગર તળાવ બનશે નગરનું સૌથી સુંદર આકર્ષણ કેન્દ્ર

## વોકિંગ સ્ટ્રીટથી લઈને ઘાટ, ક્રિકેટ ગ્રાઉન્ડ અને વેસ્ટ મેનેજમેન્ટ સુધી અનેક પ્રોજેક્ટો શરૂ – નગરને નવી ઓળખ આપવા કાઉન્સિલરોની ધગશ

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ નગરમાં વિકાસના ચક્રને વધુ ગતિ આપતા ભાજપ શાસિત નગરપાલિકા દ્વારા એક પછી એક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટોને અમલમાં મૂકવામાં આવી રહ્યા છે. ખાસ કરીને નગરના હૃદય સમાન અને કુદરતી સૌંદર્યથી ભરપૂર રામસાગર તળાવને આધુનિક સુવિધાઓ સાથે વિકસાવવા માટે શરૂ કરાયેલા વિકાસકાર્યો હવે નગરજનોમાં ચર્ચાનો વિષય બન્યા છે. વર્ષોથી નગરજનોની માગ હતી કે રામસાગર તળાવને હરવા-ફરવા, આરોગ્યપ્રદ વાતાવરણ અને પરિવાર સાથે સમય વિતાવવા માટે એક ઉત્તમ સ્થળ તરીકે વિકસાવવામાં આવે. હવે ભાજપના વિકાસ રથ હેઠળ આ સ્વપ્ન સાકાર થતું જોવા મળી રહ્યું છે.

રામસાગર તળાવ ઝાલોદની ઓળખ સમાન સ્થળ ગણાય છે. સવાર-સાંજ મોટી સંખ્યામાં લોકો અહીં ફરવા અને કુદરતી વાતાવરણનો આનંદ માણવા આવે છે. આ સ્થળને વધુ આકર્ષક અને સુવિધાસભર બનાવવા માટે નગરપાલિકા દ્વારા તળાવની ફરતે અંદાજે એક કિલોમીટર લાંબો અને ત્રણ મીટર પહોળો નવો સી.સી. રોડ બનાવવાની કામગીરી જોરશોરથી ચાલી રહી છે. આ રોડ માત્ર માર્ગ નહીં, પરંતુ નગરજનો માટે ખુલ્લી હવામાં આરોગ્યપ્રદ વોકિંગ સ્ટ્રીટ તરીકે ઉભરી આવશે.

વોકિંગ સ્ટ્રીટની સાથે ચારે બાજુ મજબૂત રેલિંગ, આધુનિક લાઈટિંગ અને સુરક્ષા સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે,



જેથી નગરજનોને દિવસ અને રાત્રે નિરાંતે હરવા-ફરવાની સુવિધા મળશે. પાલિકા તંત્રએ દિવાળી પહેલાં આ સમગ્ર પ્રોજેક્ટ પૂર્ણ કરવાની ખાતરી આપી છે.

આ ઉપરાંત રામસાગર તળાવના ઘાટનું નિર્માણ, ઐતિહાસિક કુવાનો વિકાસ, નવીન ક્રિકેટ ગ્રાઉન્ડ, તળાવની પિચિંગ કામગીરી, ડમ્પિંગ સાઈટનું આધુનિકીકરણ અને વેસ્ટ કચરામાંથી સજીવ ખાતર બનાવવાના પ્રોજેક્ટ પણ તેજ ગતિએ ચાલી રહ્યા છે. આ યોજનાઓ માત્ર વિકાસ નહીં, પરંતુ સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને રમતગમતને પ્રોત્સાહન આપતા મહત્વપૂર્ણ પગલાં માનવામાં આવી રહ્યા છે. નગરપાલિકાના ભાજપ કાઉન્સિલરો દ્વારા ઝાલોદને સુંદર, સ્વચ્છ અને રમણીય નગર બનાવવાની દિશામાં સતત પ્રયાસો થઈ રહ્યા છે. દરેક વિસ્તાર સુધી વિકાસ પહોંચે અને નગરજનોને શ્રેષ્ઠ સુવિધાઓ મળે તે માટે આયોજનબદ્ધ રીતે કામ ચાલી રહ્યું છે. ભાજપનો વિકાસ મોડલ હવે ઝાલોદના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. આ અંગે નગરપાલિકાના કારોબારી પ્રમુખ દિનેશ પંચાલે જણાવ્યું હતું કે, "ઝાલોદને વિકાસની નવી ઊંચાઈએ પહોંચાડવા માટે પાલિકા પ્રતિબદ્ધ છે. રામસાગર તળાવને નગરનું ગૌરવ અને લોકો માટે આરોગ્યપ્રદ સ્થળ બનાવવા માટે અનેક પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા છે. દિવાળી પહેલાં વોકિંગ સ્ટ્રીટ સહિતના મુખ્ય કાર્યો પૂર્ણ થશે અને નગરજનોને સમર્પિત કરવામાં આવશે. વિકાસની આ ગતિ આગળ પણ યથાવત રહેશે."


# ડભોઇ તાલુકાના હાસાપુરા-પુડા પાસે પીવાના પાણીનો વાલ્વ લીકેજ : રોજનું હજારો ગેલન પાણી ગટરોમાં વેડફાયું

## રહીશોમાં આક્રોશ છે કે ડભોઇ તાલુકામાં પાણીની પાઇપલાઇનો કે વાલ્વ લીકેજ થવાની આ કોઇ પહેલી ઘટના નથી

ડભોઇ

એક તરફ ઉનાળાની સિઝનમાં અથવા સામાન્ય દિવસોમાં પણ લોકો પીવાના પાણીના એક-એક ટીપા માટે વલખા મારી રહ્યા છે, ત્યારે બીજી તરફ સરકારી તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. ડભોઈ તાલુકાના હાસાપુરા અને પુડા ગામ પાસે પીવાના પાણીની મુખ્ય લાઈનનો વાલ્વ છેલ્લા કેટલાક સમયથી લીકેજ છે. આ લીકેજના કારણે રોજનું હજારો ગેલન ચોખ્ખું પીવાનું પાણી નજીકના કોતરો અને ગટરોમાં વહી જઈને વેડફાઈ રહ્યું છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પાણી પુરવઠા વિભાગના અધિકારીઓની ઘોર નિષ્કાળજીને કારણે આ ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ છે. ચોખ્ખું અને ફિલ્ટર થયેલું પીવાનું પાણી રસ્તા પર અને કોતરોમાં વહી રહ્યું છે, જેનાથી માત્ર પાણીનો જ બગાડ નથી થઈ રહ્યો, પરંતુ આસપાસના વિસ્તારોમાં ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ વધવાની પણ ભીતિ સેવાઈ રહી છે. એક તરફ ગુજરાત સરકાર 'જળ એ જ જીવન' અને 'પાણીના બુંદ-બુંદનો બચાવ કરો' ના મોટા-મોટા પ્રચારો કરે છે, ત્યારે બીજી તરફ ડભોઈ તાલુકામાં સરકારી બાબુઓની આળસને કારણે લાખો લીટર પાણીનો ખુલ્લેઆમ બગાડ થઈ રહ્યો છે. સ્થાનિક રહીશોમાં આક્રોશ છે કે ડભોઈ તાલુકામાં પાણીની પાઈપલાઈનો કે વાલ્વ લીકેજ થવાની આ કોઈ પહેલી ઘટના નથી. અવારનવાર આવી ઘટનાઓ સામે આવે છે. તેમ છતાં પણ જવાબદાર એન્જિનિયરો કે અધિકારીઓ કેમ વહેલી તકે જાગતા નથી? શા માટે લાઈનનું નિયમિત મેન્ટેનન્સ કે દેખરેખ રાખવામાં આવતી નથી? તે એક મોટો સવાલ છે. જો આ લીકેજ થયેલા વાલ્વનું વહેલી તકે રિપેરિંગ કામ કરવામાં આવે, તો રોજનું હજારો લીટર ચોખ્ખું પાણી વેડફાતું અટકી શકે છે અને લોકોને પૂરતા પ્રેશરથી પાણી મળી રહે. હાસાપુરા અને આસપાસના ગ્રામજનો માંગ કરી રહ્યા છે કે ઉચ્ચ અધિકારીઓ આ બાબતે તાત્કાલિક સંજ્ઞાન લે અને કુંભકર્ણની નિદ્રામાંથી જાગીને આ લીકેજ વહેલામાં વહેલી તકે બંધ કરાવે.



માણસાના અનોડિયામાં

# 5 જુગારી ઝડપાયા : માણસા પોલીસે રૂપિયા 11,020નો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાની માણસા પોલીસે માણસા તાલુકાના અનોડિયા ગામેથી જુગાર રમતા પાંચ ઈસમોને ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી કુલ 11,020 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

જિલ્લા પોલીસ વડા રવિ તેજા વસીમ શેટ્ટીની સૂચના અને જિલ્લામાંથી જુગારની બદીને નાબૂદ કરવાના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી.



માણસા પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.બી. ખાંભલાને બાતમી મળી હતી કે, અનોડિયા ગામે અનોડિયાથી પ્રાંતિજ તરફ જતા રોડ પર આવેલી શિવ શિવાની હોટલ સામેની કોતરીયા વાળી પામાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો હારજીતનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પી.આઈ. જે.બી. ખાંભલા અને તેમના સ્ટાફે દરોડો પાડ્યો હતો. જેમાં જુગાર રમતા ગોપાલ સિંહ કચરસિહ રાઠોડ, રજુસિહ કાળુસિંહ માનસિંહ રાઠોડ, રજુ સિંહ કાનસિહ રાઠોડ, લાલસિંહ નેનસિહ રાઠોડ (તમામ રહે. ડોડીપાળ, અનોડિયા) અને રાજેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ રાઠોડ (રહે. બોરીયા વાસ, અનોડિયા) ને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. તેમની અંગઝડતીમાંથી 9,370 અને દાવ પરથી 1,650 મળી કુલ 11,020 નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પોલીસે આ પાંચેય ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડભોઇના તરસાણામાં મોતની મચ્છીમારી : તળાવમાં કાળમુખો મગર હોવા છતાં જીવના જોખમે પાણીમાં ઉતરતા માછીમારો

ડભોઇ

ડભોઈ હાલના દિવસોમાં રાજ્યભરમાં નદી-તળાવોમાં મગર દ્વારા માણસો પર હુમલા કરવાની અને ખેંચી જવાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થયો છે આવી જ એક ભયાનક અને જીવલેણ બેદરકારી ડભોઈ તાલુકાના તરસાણા ગામે આવેલા તળાવમાં જોવા મળી રહી છે તળાવમાં વિશાળકાય મગરોનો અડ્ડો હોવા છતાં, સ્થાનિક માછીમારો પોતાના જીવને હથેળીમાં મૂકીને ઊંડા પાણીમાં માછીમારી કરવા ઉતરી રહ્યા છે સ્થાનિકોમાં હવે એ સવાલ ઉઠી રહ્યો છે કે, જો કોઈ મોટી હોનારત સર્જાશે તો તેનો જવાબદાર કોણ પાંચ દિવસ પહેલાં જ કિનારે દેખાયો હતો કાળ સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, માત્ર પાંચ દિવસ પહેલાં જ તરસાણા ગામના આ તળાવના કિનારે એક મહાકાય મગર લટાર મારતો જોવા મળ્યો હતો. તળાવમાં એક નહીં પણ અનેક મગરો હોવાની આશંકા સેવાઈ રહી છે.



મગરની હાજરીના પ્રત્યક્ષ પુરાવા મળ્યા હોવા છતાં, માછીમારો તદ્દન બેફિકર બનીને તળાવના ઊંડા પાણીમાં જાળ નાખી રહ્યા છે રોજ સવાર-સાંજ જીવના જોખમે ચાલતી આ પ્રવૃત્તિ ગમે ત્યારે કોઈનો ભોગ લઈ શકે છે. ગુજરાતમાં વધી રહેલી મગરોની દહેશત નોંધનીય છે કે હાલના સમયમાં રાજ્યની વિવિધ નદીઓ અને તળાવોમાં મગરો દ્વારા પશુઓ તેમજ કિનારે જતા માણસોને ખેંચી જવાની ઘટનાઓ સતત અખબારોની હેડલાઈન બની રહી છે. આવી સ્થિતિમાં તરસાણા ગામના માછીમારો જાણીજોઈને મોતના મોંમાં જઈ રહ્યા હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે સ્થાનિકોના મનમાં ઉઠતા વેધક સવાલો જવાબદાર કોણ? જો તળાવમાં કોઈ માછીમાર મગરનો શિકાર બનશે, તો તેની જવાબદારી કોની રહેશે? વહીવટી તંત્રની, પંચાયતની કે પછી જીવ જોખમમાં મૂકનાર માછીમારોની પોતાની તંત્ર ક્યારે જાગશે શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના બને અને કોઈ નિર્દોષનો જીવ જાય તેની રાહ જોઈ રહ્યું છે રોકશે કોણ લાલચ અથવા મજબૂરીવશ જીવ સટોસટનો ખેલ ખેલતા આ માછીમારોને કાયદાકીય રીતે રોકવા માટે વન વિભાગ કે સ્થાનિક તંત્ર કેમ કોઈ કડક પગલાં નથી ભરી રહ્યું તળાવ ફરતે ચેતવણી અને પેટ્રોલિંગ જરૂરી ગામના જાગૃત નાગરિકોની માગ છે કે વન વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્ર તાત્કાલિક ધોરણે આ બાબતે હસ્તક્ષેપ કરે.

# અમેરિકામાં હોટલમાં ભીષણ આગ લાગતા એક જ પરિવારના ત્રણ સભ્યોના કરુણ મોત

નડિયાદ

ગુજરાતીઓ માટે વિદેશની ધરતી પરથી વધુ એક અત્યંત દુઃખદ અને કાળજું કંપાવી મૂકે તેવા સમાચાર સામે આવ્યા છે. અમેરિકા (USA) ના વુસ્ટર શહેરમાં લાગેલી એક ભીષણ આગમાં નડિયાદના એક જ પરિવારના ત્રણ સભ્યોના ગુંગળાઈ જવાથી કરુણ મોત નીપજ્યા છે. આ આઘાતજનક ઘટનાને પગલે નડિયાદ શહેરમાં ભારે અરેરાટી સાથે શોકની કાલીમા છવાઈ ગઈ છે. મળતી પ્રાથમિક વિગતો અનુસાર, નડિયાદનો આ સુથાર પરિવાર અમેરિકાના વુસ્ટર શહેરમાં આવેલી 'ઈકોનો લોજ' (Econo Lodge) હોટલમાં રહેતો હતો. દરમિયાન, આ લોજમાં અચાનક કોઈ કારણસર ભીષણ આગ ફાટી નીકળી હતી. આગની જ્વાળાઓ અને ધુમાડો આખી બિલ્ડિંગમાં પ્રસરી જતાં, પોતાનો જીવ બચાવવા માટે આખો પરિવાર રૂમના બાથરૂમમાં ભરાઈ ગયો હતો અને દરવાજો બંધ કરી દીધો હતો. પરંતુ કમનસીબે આગ પર કાબૂ મેળવવામાં વિલંબ થયો હતો, જેના કારણે



બાથરૂમમાં ધુમાડો ભરાઈ જતાં શ્વાસ રૂંધાવાને લીધે ત્રણેય સભ્યોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. આ ભયાનક દુર્ઘટનામાં મોત વહાલું કરનારાઓમાં નડિયાદના વતની હિતેશભાઈ સુથાર, તેમના પત્ની હિનાબેન સુથાર અને તેમની આશરે ૨૦ વર્ષની માસૂમ પુત્રી ઈશાની સુથારનો સમાવેશ થાય છે. અમેરિકા જેવા દેશમાં સ્થાયી થઈને ઉજ્જવળ ભવિષ્યના સપના જોનારા આ હસતા-રમતા પરિવારનો આ રીતે કરુણ અંત આવતા વતન નડિયાદમાં રહેતા તેમના સગા-સંબંધીઓ અને સ્નેહીજનોમાં ઘેરા શોકનું મોજું ફરી વળ્યું છે.

મોર્નિંગ વોક પર નીકળેલી મહિલાના ગળામાંથી ચેઇન સ્નેચિંગ

# રાંધેજા રેલવે ફાટક નજીક એડ્રેસ પૂછવાના બહાને આવ્યો, મોકો જોઈ 2 લાખનો સોનાનો દોરો તોડી બાઈક પર બે શખસ ફરાર થયા

ગાંધીનગર

ગાંધીનગરમાં ગઈકાલે(1 જુલાઈ) વહેલી સવારે સ્વાસ્થ્ય માટે ચાલવા નીકળતા લોકોની સુરક્ષા સામે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. રાંધેજા રોડ પર મોર્નિંગ વોક માટે નીકળેલી એક મહિલાને ટાર્ગેટ કરીને બાઈક સવાર બે ચેઈન સ્નેચર અંદાજે દોઢ તોલાનો બે લાખ રૂપિયાની કિંમતનો સોનાનો દોરો તોડીને ફરાર થઈ જતાં પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના પેથાપુર ગામમાં આવેલા રાંદેજા રોડ નજીક બંસી ગ્રીન સિટી-1 સોસાયટીમાં રહેતા રેખાબેન પંકજકુમાર પટેલ નિયમિત રીતે સવારે મોર્નિંગ વોક માટે બહાર નીકળતા હોય છે. ગતરોજ વહેલી સવારે પાંચ વાગ્યાના સુમારે તેઓ ઘરેથી ચાલવા માટે નીકળ્યા હતા અને ટાટા ચોકડી તરફ જઈ પરત ફરી રહ્યા હતા.

દરમિયાન સવારના છ વાગ્યાના અરસામાં




તેઓ રાંધેજા ચોકડી તરફ જતા રોડ પર પરંપરા પાર્લર નજીક પહોંચ્યા હતા.એ વખતે બાઈક સવાર બે શખ્સો પૈકી એક તેમની પાસે આવ્યો હતો. અને ચાલાકીથી રેખાબેનને વ્રજદાવન સોસાયટીનું સરનામું પૂછવાનું બહાનું કાઢ્યું હતું. રેખાબેને આ બાબતે અજાણતા વ્યક્ત કરીને તેમને ત્યાં એવી કોઈ સોસાયટી નથી તેમ જણાવી ચાલવાનું શરૂ કર્યું હતું. જેથી બાઈક સવાર શખ્સો પૈકીના એક જણે પીછો કરી તકનો લાભ ઉઠાવી રેલ્વે ફાટક નજીકથી રેખાબેનના ગળામાંથી સોનાનો દોરો તોડી લીધો હતો.

આ આકસ્મિક બનેલી ઘટનાથી ગભરાઈને રેખાબેને બૂમાબૂમ કરી મૂકી હતી, પરંતુ ત્યાં સુધીમાં તો આરોપી ત્યાં નજીકમાં જ બાઈક ચાલુ રાખીને ઉભેલા તેના અન્ય સાગરીત પાસે પહોંચી ગયો હતો. બંને બાઈક પર સવાર થઈને રાંધેજા ચોકડી તરફ પૂરપાટ ઝડપે ફરાર થઈ ગયા હતા. પોતાની સાથે બનેલી આ ઘટનાને પગલે ભયભીત થયેલા મહિલાએ ઘરે પહોંચીને પરિવારજનોને સમગ્ર હકીકત જણાવી હતી. આ મામલે પેથાપુર પોલીસે ગુનો નોંધી આસપાસના સીસીટીવીની ચકાસણી માટે કવાયત હાથ ધરી છે.

# દહેજ-આમોદ માર્ગ પર ગોલાદરા ચોકડી વધુ એક વખત બની 'મોતનો માર્ગ' - વધુ એક યુવાનનો અકસ્માતમાં જીવ ગયો

વાગરા, સૈફ અલી ભટ્ટી

દહેજથી આમોદ જવાના માર્ગ પર આવેલી ગોલાદરા ચોકડી છેલ્લા ઘણા સમયથી ગંભીર અકસ્માતો માટે કુખ્યાત બની ગઈ છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ આ સ્થળે રોડની હલકી ગુણવત્તા, જોખમી સ્થિતિ અને જરૂરી સલામતીના અભાવને કારણે વારંવાર અકસ્માતો સર્જાઈ રહ્યા છે. અનેક લોકોએ અહીં પોતાના જીવ ગુમાવ્યા હોવા છતાં તંત્ર દ્વારા અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી. આજરોજ વહેલી સવારે અંદાજે 5:30 વાગ્યાના અરસામાં બદલપુર ગામના વિનોદભાઈ વસાવા પોતાની નોકરી પર જવા નીકળ્યા હતા. દરમિયાન ગોલાદરા ચોકડી પાસે તેમની બાઈકની ભારે વાહન સાથે જોરદાર ટક્કર થતાં તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ દુર્ઘટનાએ ફરી એક વખત માર્ગની સલામતી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. સ્થાનિક લોકો તંત્ર સમક્ષ લાંબા સમયથી આ સ્થળે રોડનું તાત્કાલિક સમારકામ, યોગ્ય સાઈનેજ, સ્પીડ કંટ્રોલના પગલાં અને અન્ય સલામતીની વ્યવસ્થા કરવાની માંગ કરી રહ્યા છે. જો હવે પણ જવાબદાર વિભાગો દ્વારા સમયસર કાર્યવાહી નહીં કરવામાં આવે તો આવી વધુ દુર્ઘટનાઓ સર્જાવાની ભીતિ સ્થાનિકોમાં વ્યક્ત થઈ રહી છે.

# ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની 125મી જન્મજયંતિ નિમિત્તે ઈડર ખાતે ભાજપનું કાર્યકર્તા સંમેલન યોજાયું

ઈડર, સાબરકાંઠા

રાષ્ટ્રવાદ અને ભારતીય જનસંઘના સ્થાપક ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની 125મી જન્મજયંતિ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દ્વારા સાબરકાંઠા જિલ્લા કક્ષાનું એક ભવ્ય કાર્યકર્તા સંમેલન ઈડર ખાતે યોજાયું હતું. ઈડર-હિંમતનગર હાઈવે પર આવેલી સીટીઆરએમ હોટલના હોલ ખાતે આયોજિત આ સંમેલનમાં ભાજપના કાર્યકરો અને હોદ્દેદારોનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ સંમેલનમાં જિલ્લા તેમજ તાલુકા સ્તરના વિવિધ મોરચાના હોદ્દેદારો અને પાયાના કાર્યકરો એટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા કે હોટલનો વિશાળ હોલ ખચોખચ ભરાઈ ગયો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ અને રસપ્રદ સંચાલન પ્રેમલભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

સંમેલનને સફળ બનાવવા માટે જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, સાબરકાંઠા પ્રભારી બ્રિજરાજસિંહ ઝાલા, પ્રદેશ કારોબારી




સભ્યો બાબુભાઈ જેબલિયા અને હિતેષભાઈ પટેલ તેમજ પ્રાંતિજના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત જિલ્લા મહામંત્રી બિપીનભાઈ ઓઝા, જિલ્લા પંચાયત પ્રમુખ રીનાબેન પટેલ, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ કાંતિભાઈ પટેલ, ઈડર નગરપાલિકા પ્રમુખ અનસૂયાબેન પટેલ, ઈડર તાલુકા ભાજપ પ્રમુખ દિનેશભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ કૃણાલ કંસારા, વડાલી તાલુકા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, ગિરીશભાઈ બ્રહ્મભટ્ટ, વડાલી શહેર પ્રમુખ પ્રધ્યુમનસિંહ ચંપવાત, વિપુલભાઈ લોનવાલા, કેશુભાઈ રબારી, દીવાનજી ઠાકોર, તરુણભાઈ પટેલ તેમજ તાલુકા મહામંત્રી કેવલભાઈ પટેલ હાજર રહ્યા હતા. સાથે જ લઘુમતી મોરચાના પ્રમુખ જાકીર એસ. મેમણ સહિત જિલ્લાની વિવિધ નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતના પ્રમુખો, સભ્યો તથા મોટી સંખ્યામાં સક્રિય કાર્યકરોએ હાજરી આપી હતી.

સંમેલન દરમિયાન ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના રાષ્ટ્રસેવા, અખંડ ભારતનો સંકલ્પ, ઉચ્ચ રાષ્ટ્રવાદ અને સંગઠન પ્રત્યેના અજોડ યોગદાનને શ્રદ્ધાપૂર્વક યાદ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત અગ્રણી નેતાઓ દ્વારા કાર્યકરોને સંગઠનને પાયાના સ્તરથી વધુ મજબૂત બનાવવા, આગામી સમયમાં આવનારા પક્ષના કાર્યક્રમોને સફળ બનાવવા અને જનકલ્યાણની યોજનાઓ લોકો સુધી પહોંચાડવા માટે સક્રિય ભૂમિકા ભજવવાનું જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.



### શ્રદ્ધાએ પોતાની અગાઉની ફિલ્મ 'સ્ત્રી'કરતા ત્રણગણી ફી લીધી

# શ્રદ્ધા કપૂરે 'ઈઠા' ફિલ્મ માટે લીધી તગડી ફી, આંકડો જોઈને ફેન્સ પણ ચોંકી ગયા

મુંબઇ

બોલિવૂડની ઓલરાઉન્ડર એક્ટ્રેસ શ્રદ્ધા કપૂરની નવી ફિલ્મ 'ઈઠા'આવી રહી છે. મરાઠી સંસ્કૃતિને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવમાં આવી સત્ય ઘટનાથી નજીકની ફિલ્મમાં શ્રદ્ધાનો એક અલગ અવતાર જોવા મળશે. મરાઠી ડ્રેસમાં શ્રદ્ધાએ એકથી એક બેસ્ટ પોઝ અને શોટ આપ્યા છે. રિપોર્ટમાંથી વિગત એવી મળી છે કે, આ પ્રોજેક્ટ પર કામ કરવા માટે ફિલ્મ શરૂ થાય એ પહેલા જ શ્રદ્ધાએ પોતાની અગાઉની ફિલ્મ 'સ્ત્રી'કરતા ત્રણગણી ફી લીધી છે. હાલમાં તો આ ફિલ્મ રિલીઝ થાય એ પહેલા જ વિવાદના વંટોળમાં ફસાઈ ગઈ છે. NCPના ફિલ્મ અને સાંસ્કૃતિક વિભાગે 'ઈઠા' ટાઈટલ સામે વાંધો ઊઠાવ્યો છે. ફિલ્મ રિલીઝ થાય એ પહેલા જ વિવાદ તેઓ એવું માને છે કે, આ નામ તમાશા ક્વિને આપેલા યોગદાન પર બંધ બેસતું નથી. એ મહાન મહિલાએ આપેલા યોગદાનને ન્યાય આપતું નથી. એટલું જ નહીં વિઠાબાઈનો પરિવાર પણ આ ટાઈટલ સાથે ખુશ નથી. હવે જોવાનું એ છે કે, મેકર્સ આ વાતની નોંધ લઈને ટાઈટલમાં ફેરફાર કરે છે કે એ જ રાખે છે. એક મીડિયા રિપોર્ટ અનુસાર શ્રદ્ધાએ 'ઈઠા' ફિલ્મ માટે મસમોટી ફી લીધી છે. આ ફીની રકમ તેની અગાઉની ફિલ્મ 'સ્ત્રી' કરતા બેથી ત્રણ ગણી વધારે છે. આ ફિલ્મ માટે શ્રદ્ધાએ 15 કરોડ રૂપિયા લીધા હોવાનું માનવામાં આવે છે. આ પહેલા જે ફિલ્મમાંથી શ્રદ્ધાને સૌથી વધારે પૈસા મળ્યા હતા એ ફિલ્મ 'તુ જુઠી મેં મક્કાર' હતી. એવું માનવામાં આવે છે કે આ ફિલ્મ માટે શ્રદ્ધાને 7 કરોડ રૂપિયા મળ્યા હતા. પાક્કા બે વર્ષ બાદ શ્રદ્ધા બિગ બજેટની મોટી ફિલ્મ સાથે સિનેમા સ્ક્રિન પર કમબેક કરી રહી છે. આ ફિલ્મમાં તે તમાશા ક્વિન વિઠાબાઈ નારાયણગાંવકરનું પાત્ર પ્લે કરી રહી છે. શ્રદ્ધા માટે માઈલસ્ટોન સાબિત થશે? આ ફિલ્મનું ટિઝર રિલીઝ કરી દેવામાં આવ્યું છે. આ ફિલ્મ માટે એક્ટ્રેસે ખૂબ જ મહેનત કરી છે. સ્ક્રિન પર તેણે કરેલી મહેનત સ્પષ્ટ દેખાઈ રહી છે. પ્રોજેક્ટ શરૂ થાય એ પહેલા જ શ્રદ્ધાએ આ ફિલ્મની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. 'તુ જુઠી મેં મક્કાર' પછી 'સ્ત્રી-2' આવી હતી. બન્ને ફિલ્મમાં શ્રદ્ધાનો એક અલગ અંદાજ જોવા મળ્યો હતો. પ્રોડ્યુસર દિનેશ વિજનને વિશ્વાસ છે કે, વિઠાબાઈ નારાયણગાંવકરની આ બાયોપિક ફિલ્મ શ્રદ્ધાની ફિલ્મ કેરિયરમાં માઈલસ્ટોન સાબિત થઈ શકે છે. આ ફિલ્મને લઈને શ્રદ્ધાને આપવામાં આવેલી ફી અંગે ડાયરેક્ટર લક્ષ્મણ ઉત્તેકર સારી રીતે જાણે છે. જોવાનું એ છે કે ફિલ્મ રિલીઝ થાય એ પહેલા ટાઈટલ બદલાય છે કે, ફિલ્મની અંદર કોઈ પ્રકારનો ફેરફાર કરવામાં આવે છે. પોતાના આ લૂકને લઈને શ્રદ્ધાએ હજુ સુધી કોઈ વાત કહી નથી.

**આ ફિલ્મનું ટિઝર રિલીઝ કરી દેવામાં આવ્યું છે. આ ફિલ્મ માટે એક્ટ્રેસે ખૂબ જ મહેનત કરી છે.**

# કાજોલે સોશિયલ મીડિયા પર કહી દિલની વાત

## કાજોલે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર એક તસવીર શૅર કરી નાંખી. આ કારણે તે ચર્ચામાં આવી ગઈ



મુંબઇ

સિનિયર એક્ટ્રેસ કાજોલ પોતાના મસ્તીભર્યા અંદાજ અને બેબાક બોલી માટે જાણીતી છે. કોમેડીથી લઈને સિરિયસ કહી શકાય એવા તમામ રોલ તે પ્લે કરી ચૂકી છે. ફિલ્મના પ્રોજેક્ટ સિવાય પણ તે સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ રહે છે. સમયાંતરે જે તે ઈવેન્ટ અને પોતાની કોઈ પોસ્ટ શૅર કરીને ફેન્સને સતત અપડેટ રાખે છે. પણ કાજોલ વારંવાર એવી પોસ્ટ મૂકી દે છે જેના કારણે સતત એ ચર્ચામાં રહે છે. આ વખતે પણ કાજોલે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર એક તસવીર શૅર કરી નાંખી. આ કારણે તે ચર્ચામાં આવી ગઈ. અનોખો અંદાજ જોવા મળ્યો માત્ર તસવીર જ નહીં પણ મજેદાર કેપ્શન અને અનોખા અંદાજે ફેન્સનું ધ્યાન ખેંચ્યું હતું. આ પોસ્ટમાં કાજોલે લાઈફસ્ટાઈલ સંબંધી એવી વાત કરી જેની ચર્ચા આજે દરેક ફેન્સ કરી રહ્યા છે. આ વાત ફેન્સને પણ પસંદ પડી રહી છે.ફેન્સ પણ આ પોસ્ટ પર દિલ ખોલીને કોમેન્ટ કરી રહ્યા છે. કાજોલે પોતાની એક લેટેસ્ટ તસવીર પોસ્ટ કરતા કેપ્શનમાં લખ્યું હતું કે,'જબ લોગ ઝિંદગી મેં મુશ્કિલ દૌર સે ગુઝર રહે હોતે હૈ, તો હમ આમ તૌર પર ઉનકે પ્રતિ ધ્યાન, સહાનુભૂતિ ઔર સંવેદના દિખાતે હૈ. તો ક્યો ન હમ વજન કે મામલે મેં ભી યહી નજરીયા અપનાએ' આ વાત ફેન્સને ખરેખર ગમી ગઈ હતી. મસ્તીભર્યો અંદાજ અને હળવી શૈલીમાં કટાક્ષની વાત સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ થઈ રહી છે. અન્ય એક કેપ્શને લોકોને ચોંકાવ્યા વજન વધારવા કે ઘટાડવાને લઈને તેણે સમાજનો એક અલગ દ્રષ્ટકોણ રજૂ કર્યો હતો. ખૂબ જ હળવી શૈલીમાં તેણે આ વાત કહી હતી. આવું પહેલીવાર નથી કે, તેણે આવી કોઈ સિરિયસ વાતને હળવી શૈલીમાં કરી હોય. પોતાના કેપ્શનથી તે ઘણીવાર પોતાના ફોલોઅર્સ અને ફેન્સને હસવા માટે મજબૂર કરી દે છે. આ પહેલાના કેટલાક જૂના ફોટોમાં પણ તેણે અનેક એવા દાવા કરીને લોકોના ફેસ પર સ્માઈલ લાવી છે. 'મેં કરેલા એક અભ્યાસ મુજબ, જે લોકો મારી પોસ્ટ પસંદ કરે છે. તેઓ જેમને પસંદ નથી કરતા તેમના કરતા વધુ ખુશ, વધુ બુદ્ધિશાળી અને સુંદર હોય છે'.

# 'કોકરોચ જનતા પાર્ટી'ના વિરોધ પ્રદર્શન પર દિલજીત દોસાંઝની પહેલી પ્રતિક્રિયા

## 'હું ફક્ત કલાકાર છું, રાજકારણથી મને દૂર રાખો'; અગાઉ ખેડૂત આંદોલનનું ખૂલીને સમર્થન કર્યું હતું

મુંબઇ

સિંગર અને એક્ટર દિલજીત દોસાંઝે સોશિયલ મીડિયા પર એક લાઈવ સેશન દરમિયાન દિલ્હીના જંતર મંતર પર ચાલી રહેલા કોકરોચ જનતા પાર્ટી (CJP)ના પ્રદર્શન પર પોતાની પ્રતિક્રિયા આપી છે. તેણે સ્પષ્ટ કર્યું છે કે, તે એક કલાકાર છે અને તેનું રાજકારણ કે કોઈપણ પ્રકારના પ્રદર્શન સાથે કોઈ લેવાદેવા નથી. દિલજીતે ચાહકોને અપીલ કરી છે કે, તેને આ મામલાઓથી દૂર રાખવામાં આવે. કકરોચ જનતા પાર્ટી છેલ્લા કેટલાક સમયથી નીટ (NEET) પેપર લીક મામલાને લઈને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહી છે. ઈન્સ્ટાગ્રામ લાઈવમાં ફેને પૂછ્યો હતો પ્રશ્ન દિલજીત દોસાંઝે બુધવારે સાંજે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી ચાહકો સાથે લાઈવ વાતચીત કરી. આ દરમિયાન એક ફેને તેને દિલ્હીના જંતર મંતર પર ચાલી રહેલા પ્રદર્શનને લઈને તેનો અભિપ્રાય પૂછ્યો. આ પ્રશ્નનો જવાબ આપતા દિલજીતે કહ્યું, 'જંતર-મંતર ક્યાં છે પ્રદર્શન માટે? ભાઈ, મને પ્રદર્શન જેવી વસ્તુઓથી દૂર જ રાખો. હું એક કલાકાર છું, હું કોઈ નેતા નથી.'

દિલજીતે આગળ કહ્યું કે, તેને એ વાતનો અંદાજ નથી કે લોકો તેના વિશે શું વિચારે છે, પરંતુ તે પોતાને ફક્ત મનોરંજનની દુનિયા સુધી સીમિત રાખવા માંગે છે. દુનિયામાં બધું ક્યારેય ઠીક નથી થઈ શકતું લાઈવ સેશન દરમિયાન દિલજીતે ગુરુ ગ્રંથ સાહિબની એક પંક્તિ 'નાનક દુખિયા સબ સંસાર, સો સુખિયા જિસ નામ આધાર'નો ઉલ્લેખ કર્યો. તેણે કહ્યું, 'જીવનમાં બધું ક્યારેય ઠીક નથી થઈ શકતું. આ દુનિયામાં બધું જ સાચું હોવું શક્ય નથી.' આ પછી તેણે વિવાદ પર સીધા બોલવાનું ટાળતા રમુજી અંદાજમાં કહ્યું, 'જે લોકો પ્રદર્શન કરી રહ્યા છે, તેમને પણ અભિનંદન અને જેમના વિરુદ્ધ પ્રદર્શન થઈ રહ્યું છે, તેમને પણ અભિનંદન. મને આ વિશે વધારે કંઈ ખબર નથી.' શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ કરી રહી છે CJP દિલ્હીના જંતર મંતર પર ચાલી રહેલા આ આંદોલનનું નેતૃત્વ કકરોચ જનતા પાર્ટી (CJP) કરી રહી છે. આ સંગઠનની શરૂઆત એક ડિજિટલ સટાયર (વ્યંગ્ય) ગ્રુપ તરીકે થઈ હતી, જેના ફાઉન્ડર અભિજીત દિપકે છે. આ સંગઠન 20 જૂનથી NEET પરીક્ષામાં થયેલી ગેરરીતિઓ અને પેપર લીક વિવાદને લઈને જંતર મંતર પર સતત પ્રદર્શન કરી રહ્યું છે. પ્રદર્શનકારીઓની માંગ છે કે, કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પોતાના પદ પરથી રાજીનામું આપે.





# 'ટોક્સિક'માં નયનતારા સાથે એક્શન અવતારમાં દેખાશે કિયારા અડવાણી

## ફિલ્મનિર્માતા ગીતુ મોહનદાસની મચ અવેઈટેડ ફિલ્મ 'ટોક્સિક'ની રિલીઝ ડેટ જાહેર કરી દેવામાં આવી છે

મુંબઇ

ફિલ્મનિર્માતા ગીતુ મોહનદાસની મચ અવેઈટેડ ફિલ્મ 'ટોક્સિક'ની રિલીઝ ડેટ જાહેર કરી દેવામાં આવી છે. હવે આ ફિલ્મમાં એક્ટ્રેસ કોણ છે જે લીડ રોલ પ્લે કરી રહી છે એને લઈને ખુલાસો થયો છે. આ ફિલ્મ 26 ઓગસ્ટના રોજ સિનેમાઘરમાં રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં કઈ એક્ટ્રેસ લીડ રોલ પ્લે કરી રહી છે એની નાનકડી ઝલક જોવા મળી છે. આ ખાસ ઝલકની શરૂઆત ચેતવણી સાથે થઈ રહી છે. આ પણ એક અલગ ફિલ્મી અંદાજ માનવામાં આવે છે. ફિલ્મના નિર્માતાઓએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું કે, 'પરેન્ટ્સ, ગ્રાંડ પેરેન્ટ્સ અને ગ્રેટ ગ્રાંડ પેરેન્ટસ પોતાના બાળકોને દૂર રાખે'. આ ફિલ્મના પ્રોમોમાં સમુદ્ર કિનારે કિયારા અડવાણીનો એક ગ્લેમરસ લૂક જોવા મળી રહ્યો છે. નાદિયાના પાત્રમાં કિયારાનો એક અલગ અવતાર જોવા મળ્યો છે. ગુલાબી રંગના ડ્રેસમાં અને ગ્લોઈંગ ફેસ સાથે તે ખૂબ જ મસ્ત દેખાઈ રહી છે. આ ફિલ્મમાં એનો સાથ આપે છે હુમા કુરેશી. એલિઝાબેથના પાત્રમાં તે એક અંગ્રેજી હોવાની ફીલ કરાવી દે છે. હકીકત એ છે કે, આ ફિલ્મમાં તે નેગેટિવ રોલમાં છે. બ્લેક ડ્રેસમાં એનો એક અલગ અંદાજ જોવા મળી રહ્યો છે. દમદાર અને અસરદાર એક્શન અવતારમાં જોવા મળશે રૂક્મણી વસંત, જે મેલિસાનો રોલ પ્લે કરી રહી છે. આ ફિલ્મમાં તે એક મોટા એક્શન અવતારમાં જોવા મળશે. આ ફિલ્મમાં એક અલગ અવતાર જોવા મળશે. એક્શન અંદાજમાં એનું પાત્ર ફિલ્મમાં અલગથી લખવામાં આવ્યું હોય એવું લાગી રહ્યું છે. રૂક્મણી મોટાભાગે સાઉથની ફિલ્મોમાં વધારે જોવા મળે છે. આ સિવાય રેબેકાના રોલમાં તારા સુતરિયાનો અલગ અંદાજ જોવા મળી રહ્યો છે. યલો લાઈટમાં અને ગ્લો શેડમાં એનું પાત્ર અલગથી દીપી ઊઠે છે. પાર્ટી એન્જોય કરતી હોય એવો એક લૂક સામે આવ્યો છે. ફિલ્મમાં ગંગાનો રોલ નયનતારા એ પ્લે કર્યો છે. આ ફિલ્મમાં તે યશની બહેનના પાત્રમાં જોવા મળશે. બાઈક ચલાવતી અને એક્શન પર્ફોમ કરતી જોવા મળશે. એવું માનવામાં આવે છે કે, બિગ સ્ક્રિનમાં નતનતારા માટે આ એક મોટો પ્રોજેક્ટ હતો.

# આયુષ્માન ખુરાનાની નવી ફિલ્મની જાહેરાત, અત્યાર સુધી ક્યારેય ન જોયો હોય તેવો રોલ જોવા મળશે

મુંબઈઃ

વર્સેટાઈલ અભિનેતા આયુષ્માન ખુરાના ક્યારેય વિચાર્યા ન હોય એવા વિષય પર ફિલ્મ લઈને આવે છે. આવી ફિલ્મો લોકોને કનેક્ટ કરે છે અને વિચાર કરવા માટે મજબૂર કરી દે છે. એ પછી વાત 'ડ્રિમગર્લ'ની હોય કે પછી 'અંધાધૂધ'ની. 'થામા' અને 'પતિ-પત્ની ઔર વો દો'એ બોક્સ ઓફિસ પર દમદાર કમાણી કરીને ફિલ્મ પ્રોડક્શનના ખર્ચ ઉપરાંત નફાની રકમ કમાઈ લીધી છે. હવે આયુષ્માન વધુ એક ફિલ્મમાં જોવા મળશે. આ ફિલ્મમાં તેનો અત્યાર સુધીમા ન જોયો હોય એવો અવતાર જોવા મળવાનો છે. ફિલ્મ સાથે જોડાયેલા સૂત્રો જણાવે છે કે, યશરાજ ફિલ્મ સાથે તેણે હાથ મિલાવી લીધા છે. તાજેતરમાં જ યશરાજ પ્રોડક્શનમાં તૈયાર થયેલી ફિલ્મ 'આલ્ફા'નું ટ્રેલર સામે આવ્યું હતું. શું છે નવી ફિલ્મનું નામ? રિપોર્ટ અનુસાર, આ ફિલ્મનું નામ 'મુપાપા'હોવાનું જાણવા મળે છે. આ હજું પ્રાથમિક તૈયારીના ભાગરૂપે છે, બની શકે છે કે, આ જ પ્રોજેક્ટમાં ફિલ્મનું નામ પછીથી બદલી દેવામાં આવે. યશરાજ ફિલ્મ અને પોશમ પા પિક્ચર સાથે મળીને આ નવી ફિલ્મ બનાવી રહી છે. આ ફિલ્મમાં આયુષ્માન ખુરાના લીડ રોલ પ્લે કરી રહ્યો છે. આ ફિલ્મને અક્ષય વિધાણી પ્રોડ્યુસ કરી રહ્યા છે. આ પહેલા તેમણે 'સૈયારા'ફિલ્મ પ્રોડ્યુસ કરી હતી. જ્યારે ફિલ્મનું ડાયરેક્શન સમીર સક્સેના કરી રહ્યા છે. આ ફિલ્મને લઈને હજુ સુધી ખાસ કોઈ પ્લોટ નક્કી નથી માત્ર નામ અને કાસ્ટને લઈને નિર્ણય લેવાયો છે. આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થવાની છે.

હાલમાં ફિલ્મની કેટલીક પ્રાથમિક તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટ હજુ શરૂ થતા સમય લગાશે. આ પહેલા તેની ફિલ્મ 'ઉડતા તીર' અને 'યે પ્રેમ મોહ લિયા' જેવી બે ફિલ્મ આવી રહી છે. એવું કહેવાય છે કે, 'ઉડતા તીર' મસ્ત કોમેડી ફિલ્મ છે. હાલમાં શું સ્ટેટસ છે? આ ફિલ્મમાં આયુષ્માન ખુરાના કંઈક નવું કરવા જઈ રહ્યો છે. એવું માનવામાં આવે છે કે, ફિલ્મ ક્ષેત્રે આ પ્રયોગ પહેલીવાર થઈ રહ્યો છે. રોમાંચ સાથે એવી સરસ સ્ટોરી વાર્તા હશે જે દર્શકો માટે પહેલીવાર હશે. એક્શન રોમાંસ, કોમેડી અને ડ્રામા તો ખાસ જોવા મળવાના છે. ફિલ્મની વાર્તા શું છે અને ફિલ્મનો મુખ્ય પ્લોટ શું છે એ અંગે હજુ સુધી કોઈ જાણકારી સામે આવી નથી. આયુષ્માન ખુરાનાએ યશરાજ ફિલ્મના કેટલાક લોકો સાથે બેઠક કરી હોવાના પણ ન્યૂઝ મળી રહ્યા છે.



પાક્કો ગુજરાત

શુક્રવાર | 03 જુલાઈ 2026 | અમદાવાદ

## ભારત-ઈંગ્લેન્ડ પ્રથમ T20 વરસાદથી રદ થઈ, ઇશાન સતત નિષ્ફળ રહ્યો છે અને તિલકનો સ્ટ્રાઇક રેટ ધીમો

# સેમસન સહિત 3 સ્ટાર્સ પર લટકી તલવાર, વાઇસ-કેપ્ટન પર પણ ખતરો મંડરાયો

મુંબઈ

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી પ્રથમ T20 મેચ વરસાદના કારણે રદ થઈ ગઈ હતી. આ મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમે 20 ઓવરમાં 7 વિકેટે 189 રન બનાવ્યા હતા. કેપ્ટન શ્રેયસ અય્યર અને ઓપનર અભિષેક શર્માએ શાનદાર અડધી સદી ફટકારી હતી, જ્યારે શિવમ દુબેએ 21 બોલમાં અણનમ 42 રનની તોફાની ઈનિંગ રમી હતી. જોકે, વરસાદના કારણે મેચનું કોઈ પરિણામ આવી શક્યું નહોતું, પરંતુ કેટલાક ભારતીય ખેલાડીઓનું નબળું પ્રદર્શન ટીમ મેનેજમેન્ટ માટે ચિંતાનો વિષય બન્યું છે. આ ખેલાડીઓમાં સંજુ સેમસન, ઈશાન કિશન અને વાઈસ કેપ્ટન તિલક વર્માનો સમાવેશ થાય છે.

સંજુ સેમસન માટે મુશ્કેલીઓ વધી

વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસનનું બેટ આ UK પ્રવાસ પર અત્યાર સુધી તદ્દન શાંત રહ્યું છે. આયરલેન્ડ સામેની T20 સીરિઝમાં પણ તે કોઈ મોટી ઈનિંગ રમી શક્યો નહોતો અને ઈંગ્લેન્ડ સામેની પ્રથમ T20 મેચમાં પણ તે સસ્તામાં આઉટ થઈ ગયો હતો. સતત ફ્લોપ પ્રદર્શનના કારણે હવે પ્લેઈંગ ઈલેવનમાં તેના સ્થાન પર સવાલો ઉઠવા લાગ્યા છે. જો આગામી મેચોમાં પણ તે રન નહીં બનાવી શકે, તો ટીમ મેનેજમેન્ટ તેને પડતો મૂકીને અન્ય વિકલ્પ પર વિચાર કરી શકે છે. ઈશાન કિશન પણ ભારે દબાણમાં ICC T20 રેન્કિંગમાં નંબર-1 બેટ્સમેન બનેલા ઈશાન કિશન માટે પણ આ પ્રવાસ અત્યાર સુધી ઘણો નિરાશાજનક રહ્યો છે. આયરલેન્ડ સામે તે માત્ર 1 અને 12 રન જ બનાવી શક્યો હતો, જ્યારે ઈંગ્લેન્ડ સામેની પ્રથમ T20માં તે ખાતું ખોલાવ્યા વિના જ પેવેલિયન પરત ફર્યો હતો. સૌથી મોટી ચિંતાની વાત એ છે કે છેલ્લી ત્રણ ઈનિંગ્સમાંથી તે બે વાર રનઆઉટ થયો છે. જો આગામી મેચોમાં ઈશાન પોતાની લય પાછી નહીં મેળવે, તો તેની જગ્યા પણ જોખમમાં આવી શકે છે. વાઈસ કેપ્ટન તિલક વર્માની ધીમી બેટિંગ બની ચિંતા ભારતીય ટીમના વાઈસ કેપ્ટન તિલક વર્માએ આ પ્રવાસ પર રન ચોક્કસ બનાવ્યા છે, પરંતુ તેનો સ્ટ્રાઈક રેટ સવાલોના ઘેરામાં છે. નંબર-5 પર બેટિંગ કરતા તેણે છેલ્લી ત્રણ ઈનિંગ્સમાં અનુક્રમે 19 (21 બોલ), 55 (46 બોલ) અને 13 (13 બોલ) રન કર્યા છે. મિડલ ઓર્ડરના આ ક્રમ પર બેટ્સમેન પાસેથી ઝડપી ગતિએ રન બનાવવાની અપેક્ષા રાખવામાં આવે છે, પરંતુ તિલક હજુ સુધી આ ભૂમિકામાં સંપૂર્ણપણે સફળ સાબિત થયો નથી.




ટીમ ઈન્ડિયા પાસે શું છે વિકલ્પો? ઈશાન કિશન અને તિલક વર્માને આ સીરિઝમાં હજુ વધુ તકો મળે તેવી પૂરેપૂરી સંભાવના છે. જોકે, જો તેમનું ફોર્મ સતત ખરાબ રહેશે તો ટીમ મેનેજમેન્ટ મોટો નિર્ણય લઈ શકે છે. બીજી તરફ, સંજુ સેમસન માટે ખતરાની ઘંટી સૌથી વધુ વાગી રહી છે, કારણ કે તેના સ્થાને યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી ડેબ્યૂની રાહ જોઈ રહ્યો છે. આ ઉપરાંત, જો મિડલ ઓર્ડરમાં તિલક વર્માના સ્થાને કોઈ ફેરફાર કરવાની જરૂર પડશે, તો ટીમ મેનેજમેન્ટ પાસે રિંકુ સિંહ અથવા હાર્દિક પંડ્યા જેવા શાનદાર વિકલ્પો પણ ઉપલબ્ધ છે.

## બટલરનો મહારેકોર્ડ: T20માં વિકેટકીપિંગનો રચ્યો ઈતિહાસ

લંડન

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે બુધવારે રિવરસાઈડ ગ્રાઉન્ડ પર રમાયેલી T20 સીરીઝની પ્રથમ મેચ ભલે વરસાદના કારણે રદ થઈ ગઈ હોય, પરંતુ ઈંગ્લેન્ડના કેપ્ટન અને વિકેટકીપર જોસ બટલરે આ મેચ દરમિયાન એક ઐતિહાસિક ઉપલબ્ધિ પોતાના નામે કરી લીધી છે. જોસ બટલર T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિકેટકીપર તરીકે 100 શિકાર કરનારો દુનિયાનો માત્ર બીજો અને ઈંગ્લેન્ડનો પ્રથમ વિકેટકીપર બની ગયો છે. આ મુકાબલામાં માત્ર ભારતીય ટીમ જ બેટિંગ કરી શકી હતી, જેમાં શરૂઆતી નબળી શરૂઆત છતાં ભારતે 7 વિકેટે 189 રન બનાવ્યા હતા. જોકે, ત્યારબાદ સતત વરસાદ પડતાં ઈંગ્લેન્ડની ઈનિંગ શરૂ થઈ શકી નહોતી અને અમ્પાયર્સે મેચ રદ કરવાનો નિર્ણય લીધો હતો.

હર્ષિત રાણાને સ્ટમ્પ આઉટ કરીને રચ્યો



ઈતિહાસ જોસ બટલરે આ ઐતિહાસિક સિદ્ધિ ઈનિંગ્સ દરમિયાન સ્પિનર આદિલ રશીદના બોલ પર ભારતીય ક્રિકેટર હર્ષિત રાણાને સ્ટમ્પ આઉટ કરીને મેળવી હતી. બટલર અગાઉ આ ફોર્મેટમાં 100 શિકારનો આંકડો માત્ર દક્ષિણ આફ્રિકાનો ક્વિન્ટન ડી કોક જ પાર કરી શક્યો છે, જેના નામે 117 ડિસમિસલ નોંધાયેલા છે. આ યાદીમાં ધોની અને ગિલક્રિસ્ટ ઘણાય પાછળ જોસ બટલરે વિકેટકીપિંગમાં તો કમાલ કર્યો, પરંતુ વરસાદના કારણે તેને બેટિંગ કરવાની તક મળી શકી નહીં. T20I ક્રિકેટમાં સૌથી વધુ શિકાર કરનારા વિકેટકીપર્સની યાદીમાં ભારતનો પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની 91 ડિસમિસલ સાથે ત્રીજા સ્થાને છે, જ્યારે ઓસ્ટ્રેલિયાનો દિગ્ગજ એડમ ગિલક્રિસ્ટ 17 ડિસમિસલ સાથે આ રેસમાં ઘણો પાછળ રહી ગયો છે.

### રાઉન્ડ ઑફ-16માં મેક્સિકો સામે મુકાબલો થશે

## હેરીકેનના ડબલ ગોલથી ઈંગ્લેન્ડ જીત્યું: FIFA વર્લ્ડ કપમાં કોંગો ડીઆરને 2-1થી હરાવ્યું

મેક્સિકો સિટી

ઈંગ્લેન્ડે FIFA વર્લ્ડ કપના રાઉન્ડ ઓફ 32 મુકાબલામાં કોંગો ડીઆરને 2-1થી હરાવ્યું. એટલાન્ટા સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ઈંગ્લેન્ડ પહેલા હાફ સુધી પાછળ હતું. બીજા હાફમાં ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી કેને 2 ગોલ કરીને ટીમને જીત અપાવી. આ જીત સાથે ઈંગ્લેન્ડ રાઉન્ડ ઑફ-16માં પહોંચી ગયું છે. જ્યાં તેનો મેક્સિકો સામે મુકાબલો થશે. આ મેચ ભારતીય સમય અનુસાર 6 જુલાઈએ મેક્સિકો સ્ટેડિયમમાં રમાશે. પ્રથમ વખત વર્લ્ડ કપની નોકઆઉટ મેચ રમી રહેલા કોંગો ડીઆરએ શરૂઆતમાં જ ગોલ કરીને બધાને ચોંકાવી દીધા. મેચની સાતમી મિનિટે ચાન્સલ મ્બેમ્બાના



પાસ પર બ્રાયન સિપેંગાએ લો-શોટ માર્યો. બોલ ઈંગ્લેન્ડના ગોલકીપર જોર્ડન પિકફોર્ડને ચકાવીને ગોલ પોસ્ટમાં જતો રહ્યો. આ બ્રાયનનો પહેલો ઈન્ટરનેશનલ ગોલ હતો. ત્યારબાદ કોંગોના ડિફેન્સ અને ગોલકીપર લિયોનેલ મ્પાસીએ શાનદાર રમત બતાવી. મ્પાસીએ પહેલા હાફમાં ઘણા ઉત્તમ સેવ કરીને ઈંગ્લેન્ડના એટેકને રોકી રાખ્યા. હાફ ટાઈમ સુધી કોંગો 1-0થી આગળ હતું. મેચની 75મી મિનિટે ઈંગ્લેન્ડ તરફથી બરાબરીનો ગોલ આવ્યો. આ ગોલ ઈંગ્લેન્ડના સ્ટાર ફોરવર્ડ હેરી કેને કર્યો હતો. એન્થોની ગોર્ડનના શાનદાર પાસ પર, કેને જોરદાર હેડરથી ગોલ કરીને ઈંગ્લેન્ડને 1-1ની બરાબરી અપાવી. તેના બરાબર 11 મિનિટ પછી, એટલે કે 86મી મિનિટે, કેને ગોલ કરીને ઈંગ્લેન્ડને 2-1ની લીડ અપાવી. આ વખતે કેને મ્પાસીને ચકમો આપીને બોલને ટોપ કોર્નરમાં નાખી દીધો. સેકન્ડ હાફના ઈન્જરી ટાઈમમાં કોંગોને બોક્સની બરાબર બહાર ફ્રી-કિક મળી.


# ઈંગ્લેન્ડમાં અભિષેક શર્માએ બનાવ્યા બે ઐતિહાસિક રેકોર્ડ

### ઈંગ્લેન્ડ સામેની પ્રથમ T20 મેચમાં 20 બોલમાં અડધી સદી ફટકારી ઈતિહાસ રચ્યો

લંડન

ભારતીય ક્રિકેટના યુવા ઓપનર અભિષેક શર્માએ ઈંગ્લેન્ડ સામેની પ્રથમ T20 મેચમાં માત્ર 20 બોલમાં અડધી સદી ફટકારીને એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. આ તોફાની ઈનિંગ્સ સાથે જ ઈંગ્લેન્ડની ધરતી પર T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી ફિફ્ટી ફટકારવાનો રેકોર્ડ હવે અભિષેકના નામે થઈ ગયો છે.

ઈંગ્લેન્ડ સામેની આ પ્રથમ મેચમાં અભિષેકે માત્ર 20 બોલમાં પોતાના 50 રન પૂરા કર્યા હતા. આ મુકાબલામાં તેણે કુલ 24 બોલ રમીને 59 રન બનાવ્યા હતા, પરંતુ આઉટ થતાં પહેલાં તે કે.એલ. રાહુલનો એક મોટો રેકોર્ડ ધ્વસ્ત કરી ગયો હતો. કે.એલ. રાહુલનો 8 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો અભિષેક શર્મા હવે ઈંગ્લેન્ડની ધરતી પર ભારત તરફથી સૌથી ઝડપી T20




અડધી સદી લગાવનાર બેટ્સમેન બની ગયો છે. આ અગાઉ આ રેકોર્ડ સ્ટાર બેટ્સમેન કે.એલ. રાહુલના નામે હતો, જેણે વર્ષ 2018માં માન્ચેસ્ટર ખાતે ઈંગ્લેન્ડ સામે 27 બોલમાં અડધી સદી પૂરી કરી હતી. અભિષેકે પોતાની આ વિસ્ફોટક ઈનિંગ્સ દરમિયાન 6 ચોગ્ગા અને 4 ગગનચુંબી છગ્ગા ફટકાર્યા હતા. અભિષેક શર્મા માટે આ UK પ્રવાસ અત્યાર સુધી ઉતાર-ચઢાવવાળો રહ્યો છે. આયરલેન્ડ સામેની પ્રથમ મેચમાં તેણે તોફાની અંદાજમાં 49 રન બનાવ્યા હતા, પરંતુ બીજી મેચમાં તે ખાતું ખોલાવ્યા વિના જ આઉટ થઈ ગયો હતો. જોકે, ઈંગ્લેન્ડ સામે કમબેક કરીને તેણે પોતાની T20 આંતરરાષ્ટ્રીય કરિયરની 11મી અડધી સદી ફટકારી દીધી છે. સૌથી ઝડપી 100 સિક્સર મારવાનો વર્લ્ડ રેકોર્ડ આ જ મેચ દરમિયાન અભિષેક શર્માએ આંતરરાષ્ટ્રીય T20 ક્રિકેટમાં સૌથી ઝડપી 100 સિક્સર પૂરી કરવાનો નવો વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે કરી લીધો છે. અભિષેકે માત્ર 785 બોલ રમીને સિક્સરની સેન્ચુરી પૂરી કરી છે. આ મામલે તેણે વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટ્સમેન એવિન લુઈસનો રેકોર્ડ તોડ્યો છે, જેણે 100 છગ્ગા પૂરા કરવા માટે 789 બોલ રમ્યા હતા. અભિષેક શર્મા T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઈતિહાસમાં 1000 કરતા ઓછા બોલ રમીને 100 છગ્ગા ફટકારનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો છે. ભારતીય ખેલાડીઓની યાદીમાં બીજા સ્થાને સૂર્યકુમાર યાદવ છે, જેણે 1007 બોલમાં આ સિદ્ધિ મેળવી હતી. નોંધનીય છે કે ટીમ ઈન્ડિયાની અને ઈંગ્લેન્ડની આ મેચ વરસાદને કારણે રદ થઈ હતી. પરંતુ અભિષેક અને શ્રેયસ ઐયરે ધમાકેદાર ઈનિંગ રમી હતી.



### ટાટા ટ્રસ્ટ્સમાંથી હટાવ્યાના થોડા મહિના પછી લીધું પગલું

## મેહલી મિસ્ત્રીનું ટાટાની ફેમિલી ઓફિસમાંથી રાજીનામું

મુંબઈ

મેહલી મિસ્ત્રીએ તેમની ફેમિલી ઈન્વેસ્ટમેન્ટ ઓફિસ 'આરએનટી એસોસિએટ્સ'ના બોર્ડમાંથી રાજીનામું આપી દીધું છે. ટાટા ટ્રસ્ટ્સમાંથી બહાર કરાયાના થોડા મહિના પછી મિસ્ત્રીનું આ રાજીનામું સામે આવ્યું છે. આ પગલાથી ટાટા ગ્રુપ અને તેની સાથે સંકળાયેલી સંસ્થાઓ સાથે મેહલી મિસ્ત્રીનું અંતર વધુ વધી ગયું છે. 3 વર્ષ પહેલા બોર્ડમાં સામેલ થયા હતા મિસ્ત્રી મેહલી મિસ્ત્રી માર્ચ 2023માં આરએનટી એસોસિએટ્સના બોર્ડમાં ડિરેક્ટર તરીકે સામેલ થયા હતા. બોર્ડને મોકલેલા તેમના રાજીનામા પત્રમાં મિસ્ત્રીએ લખ્યું, 'મારી અન્ય પ્રતિબદ્ધતાઓ અને વ્યસ્તતાઓને કારણે, હું આરએનટી એસોસિએટ્સ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર પદ પરથી મારું




રાજીનામું આપી રહ્યો છું, જે 1 જુલાઈ 2026થી અમલમાં આવશે.' મિસ્ત્રીએ આ પત્ર 30 જૂને બોર્ડ ઓફ ડિરેક્ટર્સને લખ્યો હતો. આ રાજીનામું નવેમ્બર 2025માં ટાટા ટ્રસ્ટ્સમાંથી મિસ્ત્રીને હટાવ્યા બાદ આવ્યું છે. ટાટા ટ્રસ્ટ્સ એ જ સંસ્થા છે જે ટાટા ગ્રુપની હોલ્ડિંગ કંપની 'ટાટા સન્સ'માં બહુમતી હિસ્સો ધરાવે છે. મિસ્ત્રીએ પોતાને ટ્રસ્ટમાંથી હટાવવાના નિર્ણયને મહારાષ્ટ્ર ચેરિટી કમિશનર સમક્ષ પડકાર્યો છે. મિસ્ત્રીનું કહેવું છે કે તેઓ ટ્રસ્ટમાં પોતાની વાપસી નથી ઈચ્છતા, પરંતુ તેઓ ફક્ત તે કથિત ગેરરીતિઓને ઉજાગર કરવા માંગે છે જેના કારણે તેમને બહાર કરવામાં આવ્યા. હાલમાં માત્ર એક એફિલિએટ ટ્રસ્ટના બોર્ડમાં સામેલ આરએનટી એસોસિએટ્સમાંથી હટ્યા પછી પણ મેહલી મિસ્ત્રી હાલમાં 'ટાટા એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ'ના બોર્ડ મેમ્બર તરીકે યથાવત છે. આ ટ્રસ્ટ ટાટા ટ્રસ્ટ્સની સૌથી ધનિક એફિલિએટ સંસ્થાઓમાંની એક માનવામાં આવે છે. જોકે, તેઓ હવે ગ્રુપના મુખ્ય બિઝનેસ અને ઈન્વેસ્ટમેન્ટ નિર્ણયોથી સંપૂર્ણપણે દૂર થઈ ગયા છે. આરએનટી એસોસિએટ્સ શું છે અને તેના વર્તમાન સભ્યો કોણ છે? આરએનટી એસોસિએટ્સની સ્થાપના માર્ચ 2009માં કરવામાં આવી હતી.

### ભારત-અમેરિકા સંબંધો, લીડરશીપ અને વર્ક કલ્ચર પર તીખા નિવેદનો આપ્યા

## 'ભારત ગંદુ છે, ત્યાં હોત તો પેપ્સિકોની CEO ના બની હોત': ઈન્દ્રા નૂયી

મુંબઈ

પેપ્સિકો (PepsiCo)ના પૂર્વ ભારતીય મૂળના મહિલા CEO અને ચેરપર્સન ઈન્દ્રા નૂયી સોશિયલ મીડિયા પર અને બિઝનેસ જગતમાં ભારે ચર્ચામાં આવ્યા છે. હાલમાં જ 'હૂવર ઈન્સ્ટિટ્યુશન'ને આપેલા એક ઈન્ટરવ્યૂમાં તેમણે લીડરશીપ, ભારત-અમેરિકાના સંબંધો અને ભારતના વર્ક કલ્ચર વિશે અત્યંત આકરા નિવેદનો આપ્યા છે. ઈન્દ્રા નૂયીએ ચીનના વખાણ કરતા ભારતની સામાજિક અને કોર્પોરેટ વ્યવસ્થા પર મોટા સવાલો ઉઠાવ્યા છે. અમેરિકામાં જ સફળતા શક્ય બની, ભારતમાં નહીં! ઈન્દ્રા નૂયીએ અમેરિકાની યોગ્યતા આધારિત (મેરિટોક્રેટિક) સિસ્ટમની મન મૂકીને પ્રશંસા કરી છે. તેમણે દાવો કર્યો કે જો તેઓ અમેરિકા ન આવ્યા હોત, તો ક્યારેય આ મુકામ પર પહોંચી શક્યા ન હોત. ભારત પર સવાલ ઉઠાવતા તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું,



'એક વિદેશી નાગરિક પોતાની ખિસ્સામાં કાંઈ પણ લીધા વિના અમેરિકા આવે છે અને ત્યાંની પ્રતિષ્ઠિત કંપનીનો CEO બની જાય છે, આવું દુનિયાના કોઈ દેશમાં શક્ય નથી. હું જો ભારતમાં રહી હોત તો ક્યારેય પેપ્સિકો જેવી મોટી કંપનીની CEO બની શકી ન હોત.' એક પ્રવાસી તરીકે ભારત અને ચીનની સરખામણી કરતા ઈન્દ્રા નૂયીએ ચીનને ઘણું વ્યવસ્થિત અને ભારતને સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત (અરાજક) ગણાવ્યું છે. તેમણે કહ્યું કે, 'જો તમને સાફ-સફાઈ અને એકદમ ટિપ-ટોપ વ્યવસ્થા ગમતી હોય, તો તમારા માટે ભારતમાં રહેવું અશક્ય છે. ત્યાં રસ્તા વચ્ચે દોડતી ગાયો, ટ્રાફિક અને અવ્યવસ્થા જ ભારતની ખરી સુંદરતા છે અને ભારતીયો આ અરાજકતા વચ્ચે પણ પોતાનો રસ્તો કાઢવાનું સારી રીતે જાણે છે. જોકે, આ જ કારણોસર પ્રવાસીઓ માટે ભારત કરતાં ચીનમાં સમય વિતાવવો વધુ સરળ છે.'

ઈન્દ્રા નૂયીએ ચીનના સેન્ટ્રલાઈઝ્ડ વિકાસ મોડેલ અને ભારતીય લોકશાહી વચ્ચે પણ રસપ્રદ સરખામણી કરતા કહ્યું કે, 'ચીને પોતાની કડક વ્યવસ્થાના જોરે કરોડો લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા અને સુપરપાવર બન્યું, જ્યારે ભારત આજે પણ વિશ્વ શક્તિ બનવા સંઘર્ષ કરી રહ્યું છે.

### સેબીએ માસ્ટરમાઇન્ડ હનીફ શેખ પર 10 કરોડનો દંડ ફટકાર્યો

# શેરબજારમાં 'Pump & Dump' નો ખેલ કરતી 221 સંસ્થાઓ સામે પ્રતિબંધ

### આ કૌભાંડીઓએ 5 કંપનીઓના શેરમાં હેરાફેરી કરી આશરે 143.79 કરોડ રૂપિયાનો ગેરકાયદેસર નફો મેળવ્યો હતો. 2017થી 2020 વચ્ચે થયેલા આ ષડયંત્રમાં 200થી વધુ સંસ્થાઓ સામેલ હતી

મુંબઈ

માર્કેટ રેગ્યુલેટર સેબી (SEBI)એ શેરબજારમાં રોકાણકારો સાથે છેતરપિંડી કરનારાઓ સામે અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી કરી છે. સેબીએ 'પંપ એન્ડ ડમ્પ' (શેરોના ભાવ આર્ટિફિશિયલી વધારીને વેચી દેવા)ના કૌભાંડમાં સંડોવાયેલી 221 સંસ્થાઓ પર સકંજો કસ્યો છે અને તેમના પર આગામી 7 વર્ષ માટે શેરબજારમાં ટ્રેડિંગ કરવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. આ સમગ્ર કૌભાંડના માસ્ટરમાઈન્ડ ગણાતા એક રોકાણકાર પર 10 કરોડ રૂપિયાનો તગડો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. સેબીના જણાવ્યા અનુસાર, આ પ્રતિબંધિત સંસ્થાઓએ માર્કેટમાં ખોટી રીતે પ્રાઈઝ મેનીપ્યુલેશન કરીને અંદાજે 143.79 કરોડ રૂપિયાનો ગેરકાયદેસર નફો કમાયો હતો. કૌભાંડનો માસ્ટરમાઈન્ડ હનીફ શેખ અને 5 કંપનીઓના શેરમાં હેરાફેરી SEBIએ પોતાના 394 પાનાના વિગતવાર આદેશમાં જણાવ્યું છે કે, આ આખા ખેલનો મુખ્ય સૂત્રધાર હનીફ શેખ નામનો રોકાણકાર છે. હનીફ શેખ અને તેની સહયોગી સંસ્થાઓએ મળીને મૌર્ય ઉદ્યોગ લિમિટેડ, 7NR રિટેલ, દાર્જીલિંગ રોપવે કંપની, GBL ઈન્ડસ્ટ્રીઝ અને વિશાલ ફેબ્રિક્સ લિમિટેડ જેવી 5 કંપનીઓના શેરોમાં મોટા પાયે હેરાફેરી કરી હતી. આ ગુના બદલ સેબીએ હનીફ શેખ પર 10 કરોડ રૂપિયાનો ભારે દંડ લગાવ્યો છે. આ




યોજના હેઠળ 200થી વધુ સંસ્થાઓએ 'પીવી ઈન્ફ્લુએન્સર્સ' અને 'ઓફલોડર્સ' તરીકે કામ કર્યું હતું, જેથી ગેરકાયદેસર કમાણી આસાનીથી પ્રમોટરો સુધી ટ્રાન્સફર કરી શકાય. પીટીઆઈના રિપોર્ટ અનુસાર, આ પાંચ કંપનીઓના શેરમાં પંપ એન્ડ ડમ્પનો આ મોટો ખેલ વર્ષ 2017થી વર્ષ 2020 દરમિયાન ખેલવામાં આવ્યો હતો.

સેબીની તપાસમાં સામે આવ્યું છે કે, પૈસાના અસલી માલિકો (લાભાર્થીઓ)ની ઓળખ છુપાવવા માટે આ રકમને અસંખ્ય વચેટિયાઓ દ્વારા અલગ-અલગ જગ્યાએ ટ્રાન્સફર કરવામાં આવી હતી. સેબીના સભ્ય અમરજીત સિંહે જણાવ્યું કે, છેતરપિંડીની આ વ્યૂહનીતિ ભલે નવી ન હોય, પરંતુ તેને ખૂબ જ શાતિર અને આયોજનબદ્ધ રીતે અંજામ આપવામાં આવ્યો હતો, જેમાં 226થી વધુ સંસ્થાઓ 5 અલગ-અલગ સ્કીમમાં પોતપોતાની ભૂમિકા ભજવવા માટે એકસાથે જોડાઈ હતી. આ મામલામાં અન્ય 5 સંસ્થાઓ પર પણ 6 વર્ષનો પ્રતિબંધ મૂકીને પ્રત્યેક પર 2-2 કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

## જૂનમાં ભારતની ક્રુડ તેલની પ્રતિ દિન 49.30 લાખ બેરલની વિક્રમી આયાત

- **રશિયા ખાતેથી ઊંચી આયાત થતા જૂનમાં અત્યારસુધીની સૌથી ઊંચી ખરીદી**

મુંબઈ

પશ્ચિમ એશિયા વિસ્તારમાંથી પૂરવઠો ખોરવાઈ જવાને કારણે દેશના રિફાઈનરો દ્વારા રશિયા ખાતેથી ક્રુડની આયાતમાં વધારો થતાં જૂનમાં ભારતની ક્રુડ તેલ આયાતનો આંક પ્રતિ દિન ૪૯.૩૦ લાખ બેરલ્સ રહ્યો છે જે જૂન મહિના માટેનો અત્યારસુધીનો વિક્રમ છે. જૂનમાં રશિયા ખાતેથી ક્રુડ આયાત પ્રતિ દિન ૨૬ લાખ બેરલ્સ જેટલી રેકોર્ડ રહી છે. મેની સરખામણીએ જૂનની આયાતનો આંક ૩૭ ટકા વધુ છે. મેમાં પ્રતિ દિન આયાત ૧૯ લાખ બેરલ્સ રહી હતી એમ રિસર્ચ




પેઢી કેપ્લરનો રિપોર્ટ જણાવે છે. પશ્ચિમ એશિયા સંઘર્ષ વચ્ચે પણ ભારતની વિક્રમી ક્રુડ આયાત તેના આયાત સ્રોતમાં વૈવિધ્યકરણને પરિણામે જોવા મળી છે. ભારતની રિફાઈનરીઓએ ઓગસ્ટ સુધી પૂરતી માત્રામાં ક્રુડ તથા લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી)ની આયાત અંકે કરી લીધી છે. આને કારણે ઘરઆંગણે ઉપલબધ્ધતાની ચિંતા હળવી થઈ છે એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. સામાન્ય રીતે રિફાઈનરો એકથી બે મહિનાની ખરીદી એડવાન્સમાં કરી લેતા હોય છે. આફ્રિકા, વેનેઝુએલા તથા રશિયા ખાતેથી ભારતની ક્રુડ તેલની આયાતમાં વધારો થયો છે. આ ઉપરાંત ઓર્ગેનાઈઝેશન ઓફ ધ પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ કન્ટ્રીઝ (ઓપેક) દ્વારા ઉત્પાદનમાં વધારો તથા હોર્મુઝ ખાડી ખૂલી જતા ભારત માટે ક્રુડ માટે પૂરતા સ્રોતો ઉપલબ્ધ બન્યા છે.

### અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલ

# ક્રાઇમ બ્રાન્ચની ટીમ પર હુમલો : JCP શરદ સિંઘલ ઈજાગ્રસ્ત





**આ દરમિયાન તાત્કાલિક ખતરાને પહોંચી વળવા JCP એ તેમની સર્વિસ રિવોલ્વરમાંથી ફાયરિંગ કર્યું હતું, જેમાં આરોપી કલીમના પગમાં ગોળી વાગી હતી. આ ઘટના બાદ ઈજાગ્રસ્ત પોલીસ અધિકારી અને આરોપી બંનેને તાત્કાલિક તબીબી સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા**

અમદાવાદ

ગુનેગારોને પકડવા અને કાયદો-વ્યવસ્થા જાળવવાનું કામ કરતી પોલીસ પર જ હુમલો થવાની સનસનીખેજ ઘટના બની છે. અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની ટીમ પર ઓપરેશન દરમિયાન અસામાજિક તત્વો દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાની માહિતી મળી રહી છે. આ હિંસક હુમલામાં અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચના જોઈન્ટ કમિશનર ઓફ પોલીસ (JCP) શરદ સિંઘલ પોતે ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે.

મળતી પ્રાથમિક માહિતી અનુસાર, ક્રાઇમ બ્રાન્ચની ટીમ કોઈ ચોક્કસ બાતમી અથવા ગુનાહિત પ્રવૃત્તિના ઓપરેશનના ભાગરૂપે તપાસમાં હતી, તે દરમિયાન અચાનક તત્વો દ્વારા ટીમ પર હુમલો કરી દેવામાં આવ્યો હતો. ઉચ્ચ પોલીસ અધિકારી પર થયેલા આ હુમલાને પગલે સમગ્ર પોલીસ બેડામાં ભારે દોડધામ મચી ગઈ છે. ઘટનાની ગંભીરતાને જોતાં ઉચ્ચ અધિકારીઓ સહિતનો મોટો પોલીસ કાફલો તાત્કાલિક અસરથી ઘટનાસ્થળે દોડી ગયો છે.

શહેરમાં પોલીસ અને તેમાં પણ ખાસ કરીને ક્રાઇમ બ્રાન્ચના વડા સ્તરના અધિકારી પર હુમલો થવો તે કાયદો અને વ્યવસ્થાની કથળતી પરિસ્થિતિ સામે મોટા સવાલો ઊભા કરે છે. સામાન્ય નાગરિકોની સુરક્ષાની જવાબદારી જેના શિરે છે, તેવા પોલીસ અધિકારીઓ પર જ જો ગુનેગારો બેફામ બનીને હુમલા કરી રહ્યા હોય, તો સામાન્ય જનતાની સુરક્ષાનું શું? તેવો ગંભીર પ્રશ્ન ચર્ચાનો વિષય બન્યો છે.

પોલીસ દ્વારા હાલમાં આ સમગ્ર મામલે આક્રમક તપાસ શરૂ કરી દેવામાં આવી છે. હુમલો કરનારા તત્વો કોણ હતા અને કયા ઈરાદાથી આ હુમલો કરવામાં આવ્યો, તે દિશામાં સઘન પૂછપરછ અને સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે. પોલીસ પર હાથ ઉપાડનારા તત્વો સામે કડક કાયદાકીય પગલાં લેવા માટે તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે.


મળતી પ્રાથમિક માહિતી મુજબ, અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની ઉચ્ચ અધિકારીઓ સહિતની ટીમ વોન્ટેડ આરોપીની ધરપકડ બાદ વધુ પૂછપરછ માટે ચંડોળા તળાવ પહોંચી હતી. આ દરમિયાન આરોપીએ ભાગવાનો પ્રયાસ કર્યો અને JCP શરદ સિંઘલ પર છરીથી હુમલો કરી દીધો. આ દરમિયાન સ્થિતિ બેકાબૂ બનતા ક્રાઇમ બ્રાન્ચની ટીમે પણ તાત્કાલિક વળતી કાર્યવાહી કરી હતી. પોલીસે હવામાં અને ત્યારબાદ આરોપી પર ફાયરિંગ કર્યું હતું, જેમાં એક ગોળી આરોપીના પગમાં વાગી હતી.

આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી અને ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. હુમલામાં ઘાયલ થયેલા JCPને તાત્કાલિક સારવાર માટે અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જ્યારે ગોળી વાગવાથી ઘાયલ થયેલા આરોપીને પણ પોલીસ બંદોબસ્ત હેઠળ હોસ્પિટલ લઈ જવાયો છે. હાલ સમગ્ર વિસ્તારને પોલીસ છાવણીમાં ફેરવી દઈ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

ગેરકાયદે હથિયારો રાખવા અંગેની બાતમીના આધારે, અમદાવાદના ઈસનપુરના રહેવાસી અને 37 ગુનાનો ઈતિહાસ ધરાવતા હિસ્ટ્રીશીટર કલીમ નામના રીઢા ગુનેગારને ઝડપી લેવામાં આવ્યો હતો.

## ધોલેરા SIR ગામોના વિકાસ માટે મહત્વની બેઠક યોજાઇ : મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના હેઠળ નવા પ્રોજેક્ટોને વેગ મળશે

અમદાવાદ




અમદાવાદ જિલ્લા પંચાયત ખાતે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન (SIR) હેઠળ આવતા ગામોના સર્વાંગી વિકાસ માટે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ ધોલેરા SIR અંતર્ગત મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના હેઠળ નવા વિકાસ પ્રોજેક્ટોની આયોજન પ્રક્રિયાને વેગ મળ્યો હતો.

મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના અંતર્ગત, ધોલેરા SIR વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓ જેવી કે માર્ગ, પીવાનું પાણી, ગટર, સ્ટ્રીટલાઈટ, સ્વચ્છતા, શિક્ષણ અને આરોગ્યને વધુ મજબૂત બનાવવા માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરી વિકાસનું નવું વિઝન પૂરું પાડવાનો છે. ધોલેરા SIR સાથે જોડાયેલા ગામોના નાગરિકોને ગુણવત્તાસભર સુવિધાઓનો લાભ મળી રહે તે દિશામાં કાર્ય કરવામાં આવશે.

બેઠકમાં જિલ્લા પ્રમુખ સુરજીતસિંહ ગોહિલ, ધારાસભ્ય કાળુભાઈ ડાભી, જિલ્લા પંચાયતના અધિકારીઓ, સંબંધિત વિભાગોના અધિકારીઓ અને ધોલેરા SIR વિસ્તારના વિકાસ સાથે સંકળાયેલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન વિવિધ વિકાસલક્ષી યોજનાઓને ઝડપથી અમલમાં મૂકવા માટે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

## કોમી એકતાનો અનોખો સંગમ : જગન્નાથજીની 149મી રથયાત્રા નિમિત્તે યોજાયો ભવ્ય રક્તદાન કેમ્પ

**કાર્યક્રમમાં જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસ મહારાજ, મૌલાના મોહમ્મદ હુસૈન (મમ્મી ચાચા) અને 52-જમાલપુર ખાડિયા વિધાનસભાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા**

અમદાવાદ

અમદાવાદ શહેરમાં જગન્નાથજીની રથયાત્રા માત્ર એક ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ તે કોમી એકતા અને ભાઈચારાનું પ્રતીક પણ છે. આજ રોજ એટલે કે 2 જુલાઈ 2026, ગુરુવારના દિવસે સવારે 9 થી સાંજના 4 વાગ્યા સુધી અમદાવાદના ઐતિહાસિક જમાલપુર વિસ્તારમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ભગવાન જગન્નાથજીની 149મી રથયાત્રા નિમિત્તે એક ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માનવતાવાદી કાર્યક્રમ અમદાવાદ શહેર પોલીસ કમિશનર સાહેબ, ભગવાન જગન્નાથજી મંદિર, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી તેમજ હિન્દુ અને મુસ્લિમ સમાજના અગ્રણીઓ અને સામાજિક



કાર્યકર્તાઓના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. આ રક્તદાન શિબિરમાં હિન્દુ અને મુસ્લિમ બંને સમાજના લોકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં હાજર રહીને રક્તદાન કર્યું હતું અને સમાજમાં એકતાનો અનોખો સંદેશ આપ્યો હતો. આ રક્તદાન શિબિરમાં સમાજ અને વહીવટી તંત્રના અનેક અગ્રણીઓએ હાજરી આપીને રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમમાં જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ, મૌલાના મોહમ્મદ હુસૈન (મમ્મી ચાચા) અને 52-જમાલપુર ખાડિયા વિધાનસભાના ધારાસભ્ય ઈમરાનભાઈ ખેડાવાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પોલીસ પ્રશાસન તરફથી સેક્ટર-1ના નિરંજન બડગુજર સાહેબ, ડીસીપી રૂપાલબેન સોલંકી સાહેબ, એસીપી વાણી ધૂધાત સાહેબ અને પીઆઈ એસ. આર. ઝાલા સાહેબે હાજરી આપી શાંતિ અને સુરક્ષાના માહોલ વચ્ચે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન અને દાણીલીમડા પોલીસ સ્ટેશનના શાંતિ સમિતિના સભ્યો તેમજ સામાજિક કાર્યકરોએ આ કેમ્પને સફળ બનાવવામાં ભારે જહેમત ઉઠાવી હતી.

## અમદાવાદના નવા પોલીસ કમિશનર તરીકે અનુપમસિંહ ગેહલોતની નિમણૂક

**ગૃહ વિભાગે મોડી સાંજે જારી કર્યો સત્તાવાર આદેશ**

અમદાવાદ



ગુજરાતના વહીવટી અને પોલીસ બેડામાંથી એક અત્યંત મહત્વના અને મોટા સમાચાર સામે આવ્યા છે. રાજ્યના સૌથી મહત્વપૂર્ણ અને મેગા સિટી અમદાવાદના નવા પોલીસ કમિશનર (CP) તરીકે વરિષ્ઠ આઈપીએસ (IPS) અધિકારી અનુપમસિંહ ગેહલોતની નિમણૂક કરવામાં આવી છે. ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા આ અંગેનો સત્તાવાર આદેશ જારી કરવામાં આવ્યો છે. તેઓ અત્યાર સુધી સુરતના પોલીસ કમિશનર તરીકે સફળતાપૂર્વક ફરજ બજાવી રહ્યા હતા, જ્યાંથી હવે તેમની બદલી અમદાવાદ ખાતે કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદના પૂર્વ પોલીસ કમિશનર જી. એસ. મલિકની ગુજરાતના કાયમી ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (DGP) તરીકે પસંદગી થતાં અમદાવાદ પોલીસ કમિશનરનું આ મહત્વપૂર્ણ પદ ખાલી પડ્યું હતું. આગામી દિવસોમાં રથયાત્રા સહિતના મોટા તહેવારો આવી રહ્યા છે, ત્યારે શહેરની શાંતિ, સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિને વધુ સુદ્રઢ રાખવા માટે સરકારે અનુભવી અધિકારી પર પસંદગીનો કળશ ઢોળ્યો છે. નવા પોલીસ વડા અનુપમસિંહ ગેહલોત વર્ષ ૧૯૯૭ની બેચના ગુજરાત કેડરના અત્યંત સક્ષમ અને કડક છાપ ધરાવતા આઈપીએસ અધિકારી છે. તેઓ અગાઉ રાજ્યના મુખ્ય શહેરો જેવા કે રાજકોટ, વડોદરા અને તાજેતરમાં સુરતના પોલીસ કમિશનર તરીકે શાનદાર કામગીરી કરી ચૂક્યા છે.

### અમદાવાદના જુહાપુરા-વિશાલા સર્કલ પાસે તંત્રની ઘોર બેદરકારી

## બ્રિજના કામ માટે ઊભા કરાયેલા પતરા રાહદારી પર પડતા સર્જાયું ફ્રેક્ચર : લોકોમાં વ્યાપેલો આક્રોશ

**આ અકસ્માત બાદ આસપાસના લોકો તુરંત ઈજાગ્રસ્ત રાહદારીની મદદે દોડી આવ્યા હતા**

અમદાવાદ

અમદાવાદ શહેરના જુહાપુરાથી વિશાલા સર્કલ તરફ જવાના મુખ્ય માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ માટે વહીવટી તંત્રની બેદરકારી જીવનું જોખમ બનીને સામે આવી છે. અહીં ચાલી રહેલા બ્રિજના કામકાજ માટે આસપાસ સુરક્ષાના ભાગરૂપે ઊભા કરવામાં આવેલા લોખંડના પતરા અચાનક એક રાહદારી પર પડતાં તેને ગંભીર ઈજાઓ થવા પામી છે. પતરા પડવાના કારણે રાહદારીના ખભાના ભાગે ફ્રેક્ચર થયું હોવાનું સામે આવતાં સ્થાનિક રહીશોમાં તંત્ર અને કોન્ટ્રાક્ટર સામે ભારે રોષ વ્યાપી ગયો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, જુહાપુરા અને વિશાલા સર્કલ પાસે લાંબા સમયથી બ્રિજ અને રસ્તાનું સમારકામ તેમજ નવીનીકરણનું કામ ચાલી રહ્યું છે. નિયમ મુજબ બાંધકામની જગ્યાની આસપાસ મજબૂત અને સુરક્ષિત



બેરિકેડિંગ અથવા પતરા લગાવવાના હોય છે. પરંતુ અહીં કામ કરી રહેલી એજન્સી દ્વારા પતરાને યોગ્ય સપોર્ટ વગર જ કાચા આયોજન સાથે ઊભા કરી દેવામાં આવ્યા હતા. પરિણામે, સામાન્ય પવન કે વાહનોની અવરજવરના પ્રેશરને કારણે આ ભારે પતરા રસ્તા પરથી પસાર થઈ રહેલા એક નિર્દોષ રાહદારીના ખભા પર ખાબક્યા હતા.

આ અકસ્માત બાદ આસપાસના લોકો તુરંત ઈજાગ્રસ્ત રાહદારીની મદદે દોડી આવ્યા હતા અને તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો, જ્યાં તબીબોએ તેના ખભામાં ફ્રેક્ચર થયું હોવાની પુષ્ટિ કરી છે. સ્થાનિક નાગરિકોનો આક્ષેપ છે કે આ અતિ ધમધમતો રસ્તો છે અને રોજ અહીથી હજારો લોકો પસાર થાય છે. તંત્રની આવી આળસ અને દેખરેખના અભાવે ગમે ત્યારે મોટી જાનહાનિ થઈ શકે છે. ભોગ બનનાર રાહદારી તેમજ સ્થાનિકો હવે આ મામલે જવાબદાર કોન્ટ્રાક્ટર અને તંત્રના અધિકારીઓ સામે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી રહ્યા છે.

## અમરાઈવાડીમાં પીપળાનું ઢાંકણું નીચે નાખી દેવા બાબતે હત્યા

અમદાવાદ

અમદાવાદ શહેરના અમરાઈવાડી વિસ્તારમાં રબારી કોલોની પાસે મોડી રાત્રે મોઢું ધોવા માટે પાણીના પીપળાનું ઢાંકણું નીચે નાખી દેવા બાબતે યુવકની હત્યા કરવામાં આવી છે. મૃતક યુવકના ઘરની બહાર અન્ય યુવક મોઢું ધોવા માટે આવ્યો ત્યારે પીપના ઢાંકણાને નીચે નાખી દેવાનો અવાજ આવ્યો હતો. જેને લઈને બોલાચાલી થઈ હતી. ત્યારબાદ આરોપીએ મૃતકને છરી મારી દીધી હતી. જેના કારણે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા જ્યાં તેનું સારવાર દરમિયાન મૃત્યુ થઈ ગયું હતું.

અમરાઈવાડી પોલીસને જાણ થતા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. હાલ પોલીસે આરોપીની ધરપકડની તજવીજ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ અમરાઈવાડીના રબારી કોલોની પાસે વાઘજીભાઈ એસ્ટેટમાં સંગીતાબેન ચૌહાણ તેમના પતિ અને આઠ મહિનાના બાળક સાથે રહે છે. રાત્રિના સમયે ઘરની બહાર કંઈક અવાજ આવ્યો હતો જેથી બંને પતિ-પત્ની ઘરની બહાર આવ્યા હતા. ત્યારે પાંચેક જેટલા છોકરાઓ ઘરની આગળ ઊભા હતા. જેમાં 19થી 20 વર્ષની ઉંમરનો એક છોકરો જે અગાઉ ત્યાં દુકાન પાસે બેસતો હતો તેને સંગીતાબેન ઓળખતા હતા.

## જ્વેલર્સમાં ગ્રાહક બનીને આવેલા ગઠિયાએ મહિલા સ્ટાફની નજર ચૂકવી રૂા. 2.80 લાખના સોનાના દાગીનાની કરી ચોરી

**આ અંગે વાસણાના વેપારીએ અજાણ્યા યુવક વિરુદ્ધ ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા**

અમદાવાદ

અમદાવાદના સોના-ચાંદીના હબ ગણાતા ઐતિહાસિક માણેકચોક વિસ્તારમાં ચોરીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. માણેકચોક સ્થિત એક જાણીતા જ્વેલર્સના શોરૂમમાં ગ્રાહક બનીને આવેલા એક શાતિર ગઠિયાએ મહિલા સ્ટાફની નજર ચૂકવીને રૂ. ૨.૮૦ લાખની કિંમતના સોનાના દાગીના પર હાથફેરો કરી લીધો હતો. આ અંગે વાસણાના વેપારી જીગરકુમાર શાહે ખાડિયા પોલીસ મથકે અજાણ્યા યુવક વિરુદ્ધ ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. "હું પાછળથી આવીને ખરીદી જઈશ" કહી દાગીના લઈ ગાયબ થયો.



મળતી વિગતો અનુસાર, માણેકચોકમાં આવેલા 'જીનેશ્વર જ્વેલર્સ'માં ગત ૨૬ જૂનના રોજ બપોરના સમયે એક અજાણ્યો યુવક ખરીદી કરવાના બહાને આવ્યો હતો.

તેણે કાઉન્ટર પર હાજર મહિલા સ્ટાફ પાસે સોનાના દાગીના જોવાનું શરૂ કર્યું હતું. સ્ટાફને વાતોમાં પરોવી, નજર ચૂકવીને આ ગઠિયો કિંમતી દાગીના ચોરી ગયો હતો અને જતા-જતા "હું પાછળથી આવીને ખરીદી જઈશ" તેમ કહીને ત્યાંથી રફુચક્કર થઈ ગયો હતો.

આ ઘટના ૨૬ જૂનના રોજ બની હતી, પરંતુ વેપારીને તે સમયે ચોરી અંગે ખ્યાલ આવ્યો ન હતો. તાજેતરમાં જ્યારે શોરૂમમાં માસિક સ્ટોકની ગણતરી (સ્ટોક ટેલી) કરવામાં આવી ત્યારે સોનાના દાગીનામાં મોટી ઘટ જોવા મળી હતી. જેથી વેપારીને શંકા ગઈ અને તેમણે શોરૂમના સીસીટીવી (CCTV) ફૂટેજ ચેક કર્યા હતા. ફૂટેજ જોતાં જ વેપારીના હોશ ઉડી ગયા હતા, કારણ કે તેમાં ખરીદીના બહાને આવેલો યુવક ચોરી કરતો સ્પષ્ટ નજરે પડ્યો હતો.

શાતિર ચોર શોરૂમમાંથી ૧૮ કેરેટના, આશરે ૩૦ ગ્રામ વજન ધરાવતા ૨૦ થી ૨૨ નંગ સોનાના કાનના ઝુલા (ઈયરિંગ્સ) ચોરી ગયો હતો. બજાર કિંમત અનુસાર આ ચોરી થયેલા દાગીનાની કિંમત અંદાજે ૨.૮૦ લાખ રૂપિયા જેટલી થાય છે.

હાલમાં ખાડિયા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે અજાણ્યા યુવક સામે ગુનો નોંધીને તેની ઓળખ મેળવવા અને તેને ઝડપી પાડવા માટે અલગ-અલગ દિશામાં તપાસ શરૂ કરી છે. માણેકચોક જેવા ધમધમતા બજારમાં બનેલી આ ઘટનાને પગલે અન્ય વેપારીઓમાં પણ ચિંતાની લાગણી પ્રસરી ગઈ છે.


**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI